# આનંદઘન-સ્તવનો

વિવેચન

ત્ર્યંબકલાલ ઉ. મહેતા

: પ્રકાશક :

ઉમેદચંદભાઈ એન્ડ કસુંબાબેન ચેરિટેબલ ટ્રસ્ટ

'સિદ્ધાર્થ', ૩, દાદા રોકડનાથ સોસાયટી,

નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# આનંદઘન-સ્તવનો

<u>વિવેચન</u>

ત્ર્યંબકલાલ ઉ. મહેતા

: પ્રકાશક :

ઉમેદચંદભાઈ એન્ડ કસુંબાબેન ચેરિટેબલ ટ્રસ્ટ

'સિદ્ધાર્થ', ૩, દાદા રોકડનાથ સોસાયટી,

નારાયણનગર, પાલડી,

અમદાવાદ-૩૮૦ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૬૬૦૮૮૧૬

મોબાઈલ : ૯૮૭૯૦૨૬૩૫૪

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

★ પ્રકાશક : ઉમેદચંદભાઈ એન્ડ કસુંબાબેન ચેરિટેબલ ટ્રસ્ટ
'સિદ્ધાર્થ' ૩, દાદા રોકડનાથ સોસાયટી,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : (૦૭૯) ૨૬૬૦૮૮૧૬
મોબાઈલ : ૯૮૭૯૦૨૬૩૫૪

★ આવૃત્તિ : પ્રથમ : એપ્રિલ-૧૯૯૮
બીજી : મે-૨૦૦૦

★ નકલ : ૧૦૦૦

★ કિંમત : રૂા. ૫૦-૦૦

★ મુદ્રક : અરીહંત પ્રિન્ટર્સ
કે-૬ વિભાગ-૧, શાયોના સિટી,
ઘાટલોડીયા, અમદાવાદ-૩૮૦૦૬૧.
મોબાઈલ : ૯૮૨૫૦૨૩૨૩૯

★ પ્રાપ્તિસ્થાન : ૧. ત્ર્યં. ઉ. મહેતા
"સિધ્ધાર્થ" ૩, દાદા રોકડનાથ સોસાયટી,
નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : (૦૭૯) ૨૬૬૦૮૮૧૬

૨. મીનાક્ષીબેન કે. જૈન
૧૦/એ, ટોલકનગર, મહાલક્ષ્મી ચાર રસ્તા,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : (૦૭૯) ૨૬૬૩૧૩૦૧

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# બીજી આવૃત્તિનું નિવેદન

શ્રી આનંદઘનજીના આ સ્તવનોની પ્રથમ આવૃત્તિ ૧૯૯૮માં બહાર પડયા બાદ તેની માંગ વધતી રહી. પરંતુ બીજી આવૃત્તિ આર્થિક મુશ્કેલીને લઈને છપાઈ શકી નહીં. હાલમાં બહેનશ્રી કમુબહેન તથા શ્રી મીનાક્ષીબહેને આ પુસ્તિકા તથા શ્રીમદ રાજચંદ્રજીના "અપૂર્વ અવસર" બાબત મેં કરેલ વિવેચનને બીજી આવૃત્તિમાં છપાવવામાં રસ દર્શાવ્યો તેથી તેઓશ્રીના સહકારથી આ પુસ્તિકાની બીજી આવૃત્તિ પણ છપાઈ શકી છે.

અવધૂત શ્રી આનંદઘનજીનું સ્થાન એક ઉચ્ચકોટીના તત્વચિંતક તરીકે આંકી શકાય તેમ છે. જૈન દર્શનના તમામ અગત્યના પાયાના સિધ્ધાંતોની તેમની સમજમાં જરાપણ સંકીર્ણતા નથી. તેઓ એક મસ્ત કવિ હતા અને તેમના સ્તવનો ઉપરથી જણાય છે કે તેઓ જ્યારે જ્યારે જુદા જુદા તિર્થંકર દેવોના મૂર્ત દર્શને જતાં ત્યારે તેમની સ્વયં સ્ફૂરિત કાવ્ય શક્તિથી આ સ્તવનોની રચના થઈ હશે. આથી તેઓશ્રીએ જે દાર્શનિક વિચારો આ સ્તવનો મારફત રજુ કરેલ છે તે કોઈ વ્યવસ્થિત નિબંધની પધ્ધતિથી હોવાને બદલે સ્વયંસ્ફૂરિત હૃદયોદગારો છે અને તેમ હોવાથી આ સ્તવનોમાં કવિની ઉર્મિશીલતા ઠેર ઠેર જોવા મળે છે. આત્મસિદ્ધિ પ્રાપ્ત કરવા તેમને જે મનોમંથન થયું હશે તેનો ખ્યાલ તેઓશ્રીએ શ્રી કુંથુનાથજીના સ્તવન નં. ૧૭માં આબેહૂબ આપેલ છે.

**"મનડુ કિમ હિ ના બાઝે હો કુંથુ જિન ! મનડુ કિમ હિ ના બાઝે,**
**જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અલગું ભાજે, હો કુંથુ..."**

આમ થોડા જ શબ્દો મારફત તેમણે ઘણું કહી નાંખ્યું છે અને દરેક આત્માર્થિ સાધકની વ્યથા રજુ કરી છે અને સ્તવનને અંતે તો જિનેશ્વર દેવને પણ ચેલેંજ કરતા હોય તે રીતે કહે છે.

**"મનડુ દુરાધ્ય તેં વશ આણયું, તે આગમથી મતિ આણું,**
**આનંદઘન પ્રભુ માહરૂં આણો, તો "સાચું" કરી જાણું - કુંથુ..."**

એટલે કે આપે તો આ અસાધ્ય મનને વશ કર્યું છે તે તો શાસ્ત્રોને વચનોથી મેં જાણ્યું છે, પરંતુ (તે કાંઈ સ્વાનુભવથી સિદ્ધ થએલ ન ગણાય તેથી) પ્રભુ ! મને પણ તેને વશ કરવાની શક્તિ આપો તો તમોએ પણ તે વશ કર્યું છે તે "સાચું" છે તેમ હું માનું.

સ્તવનો નં. ૧ થી ૨૨ માં પ્રેમ-ભક્તિની ઉર્મિશીલતા વ્યક્ત કરી સ્તવનો નં. ૨-૩-૪માં આત્મસાધનામાં નડતા અવરોધો અને તેને પરિણામે થતો હતોત્સાહ અને માનસિક પરિતાપનો ખ્યાલ તેઓશ્રીએ આપેલ છે અને શ્રી અજિતનાથને સંબોધીને કહે છે કે પ્રભુ ! હું તમારા પંથની શોધમાં છું પરંતુ મને તેમાં સફળતા મળતી નથી. કારણ કે જે કષાયો ઉપર તેં વિજય મેળવ્યો છે તે કષાયોએજ મારા ઉપર વિજય મેળવ્યો છે અને તેથી મારૂં પૌરૂષ વૃથા થાય છે. આજ પ્રકારના ભાવો સ્તવન નં. ૪ માં છે જેમાં કહે છે **"અભિનંદન જિન ! દરિસણ તરસિયે, દરિસણ દુર્લભ દેવ !"**

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પરંતુ આ મનોમંથન બાદ તેમના જીવનમાં એક ક્ષણ એવી આવે છે કે જયારે તેમને ઈચ્છિત આત્મ દર્શન થાય છે. આથી સ્તવન નં. ૧૩ જે વિમલનાથ જિનજીને સંબોધીને છે તેમાં હર્ષોલ્લાસથી તેઓશ્રી ગાય છે :

"દુઃખ દોહદ દૂરે ટળ્યાં રે, સુખ સંપદશું ભેટ"

આ રીતે કવિ હૃદયની ભાવોર્મિથી તત્વની રજુઆત અંગેની વિશિષ્ટ પધ્ધતિ બીજે ભાગ્યે જ જોવા મળશે.

**ત્ર્યં. ઉ. મહેતા**

---

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ★ પ્રાસ્તાવિક | | ૫ |
| સ્તવન-૧ | શ્રી ઋષભ જિન સ્તવન | ૧૧ |
| સ્તવન-૨ | શ્રી અજીતનાથ જિન સ્તવન | ૧૫ |
| સ્તવન-૩ | શ્રી સંભવનાથ જિન સ્તવન | ૧૮ |
| સ્તવન-૪ | શ્રી અભિનંદન જિન સ્તવન | ૨૧ |
| સ્તવન-૫ | શ્રી સુમતિનાથ જિન સ્તવન | ૨૩ |
| સ્તવન-૬ | શ્રી પદ્મપ્રભુ જિન સ્તવન | ૨૫ |
| સ્તવન-૭ | શ્રી સુપાર્શ્વ જિન સ્તવન | ૨૯ |
| સ્તવન-૮ | શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન | ૩૧ |
| સ્તવન-૯ | શ્રી સુવિધિનાથ જિન સ્તવન | ૩૪ |
| સ્તવન-૧૦ | શ્રી શીતલનાથ જિન સ્તવન | ૩૯ |
| સ્તવન-૧૧ | શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન | ૪૩ |
| સ્તવન-૧૨ | શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન | ૪૬ |
| સ્તવન-૧૩ | શ્રી વિમલનાથ જિન સ્તવન | ૫૧ |
| સ્તવન-૧૪ | શ્રી અનંતનાથ જિન સ્તવન | ૫૩ |
| સ્તવન-૧૫ | શ્રી ધર્મનાથ જિન સ્તવન | ૫૬ |
| સ્તવન-૧૬ | શ્રી શાંતિનાથ જિન સ્તવન | ૫૯ |
| સ્તવન-૧૭ | શ્રી કુંથુનાથ જિન સ્તવન | ૬૪ |
| સ્તવન-૧૮ | શ્રી અરનાથ જિન સ્તવન | ૬૮ |
| સ્તવન-૧૯ | શ્રી મલ્લિનાથ જિન સ્તવન | ૭૩ |
| સ્તવન-૨૦ | શ્રી મુનિસુવ્રત જિન સ્તવન | ૭૭ |
| સ્તવન-૨૧ | શ્રી નમિનાથ જિન સ્તવન | ૮૨ |
| સ્તવન-૨૨ | શ્રી નેમિનાથ જિન સ્તવન | ૮૯ |


Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# અર્પણ

જેના સંસ્કાર સિંચને અમારા કૌટુંબિક જીવનને
પલ્લવિત કર્યું તે મારા માતા-પિતાને ચરણે



શ્રીમતિ કસુંબાબેન

શ્રી ઉમેદચંદભાઈ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રાસ્તાવિક

ભક્ત કવિ શ્રી આનંદઘનજી, જે અવધૂ તરીકે પણ ઓળખાય છે, તેમનાં પદો અને સ્તવનોનું સ્થાન ફક્ત તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં જ નહિ, પરંતુ સાહિત્યના પ્રદેશમાં પણ ઘણું અગત્યનું છે. તેમનાં પદો તથા સ્તવનોની અર્થગંભીર ભાષા, ટૂંકાં પરંતુ સચોટ વાક્યોની પસંદગી અને કાવ્યગેયતા, કાવ્યજગતમાં તેમને ટોચનું સ્થાન અપાવે તેવાં છે.

તેમની ગુંજરાતી-મારવાડી મિશ્રિત ભાષા ગુજરાતી સાહિત્યકોનું પૂરતું ધ્યાન પામી શકી નથી તે દુ:ખની વાત છે, પરંતુ એક વખત જે કોઈ તેમનાં કાવ્યોની સમજ પામે તે તેમના કાયમી પ્રશંસક બન્યા વિના રહી શકે નહીં તેવી ઉચ્ચ કોટિનું સાહિત્ય તેઓ મૂકતા ગયા છે. કવિ અખાનું તત્ત્વજ્ઞાન અને બાઈ મીરાંની પ્રેમભક્તિનું સુંદર સંમિશ્રણ તેમની કૃતિઓમાં ભરપૂર છે.

શ્રી આનંદઘનજીની ગુજરાતી-મારવાડી મિશ્રિત ભાષા ગુજરાતી સાહિત્યકોનું પૂરતું ધ્યાન પામી શકી નથી તે દુ:ખની વાત છે, પરંતુ એક વખત જે કોઈ તેમના કાવ્યોની સમજ પામે તે તેમના કાયમી પ્રશંસક બન્યા વિના રહી શકે નહીં તેવી ઉચ્ચ કોટિનું સાહિત્ય તેઓ મૂકતા ગયા છે. કવિ અખાનું તત્ત્વજ્ઞાન અને બાઈમીરાંની પ્રેમભક્તિનું સુંદર સંમિશ્રણ તેમની કૃતિઓમા ભરપૂર છે.

તેઓશ્રીની ભક્તિ અને તત્ત્વજ્ઞાન જૈન પરંપરાને અનુલક્ષીને છે અને તેથી તેમની ખ્યાતિ મુખ્યત્વે જૈન સમાજમાં રહી, પરંતુ ભારતીય સંસ્કૃતિના સર્વશ્રેષ્ઠ પુરસ્કર્તાને પસંદ કરવામાં આવે તો તેઓનું સ્થાન મોખરાની ગણતરીમાં આવે તેમાં મને કોઈ શંકા નથી.

આધુનિક યુગના જે જૈનદ્રષ્ટાઓ થયા તેમાં ગુજરાતને ફાળે પૂ. શ્રી યશોવિજયજી, આનંદઘનજી તથા શ્રીમદ્ રાજચંદ્રજી આવે. તે ત્રણે મહાનુભાવોએ ગુજરાતી કાવ્ય સાહિત્યમાં જ નહિ પરંતુ તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે પણ અમૂલ્ય ફાળો આપ્યો છે, તેનું જ્ઞાન ગુજરાતના જૈનેતર સમાજને ઓછું હોય એ સમજી શકાય છે.

પૂ. અવધૂ શ્રી (આનંદઘનજી)નાં પદો તથા સ્તવનોની સમજ શ્રી મોતીચંદભાઈ કાપડીઆ તથા આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ ઘણી જ વિસ્તૃત રીતે આપેલ છે. તે સિવાય શ્રી કુમારપાળભાઈએ તેમનાં સ્તવનોનો શબ્દાર્થ આપ્યો છે; પરંતુ સ્તવનોનું વિવેચન કે વિસ્તૃત સમજણ તેમાં નથી. તેઓશ્રીનાં સ્તવનોના અર્થ અને ટૂંકા વિવેચનવાળું એક પુસ્તક શ્રી પ્રભુદાસ બેચરદાસ કૃત મહેસાણાની શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા તથા જૈન શ્રેયસ્કર મંડળ તરફથી પ્રકાશિત થયેલ છે. આ સિવાય બીનગુજરાતી ભાષામાં અવધૂશ્રીના આ સાહિત્ય બાબત પ્રકાશનો થયેલ છે પરંતુ ગુજરાતી ભાષામાં પ્રકાશન પામેલ ઉપરનાં પુસ્તકો સિવાયનાં બીજાં મારી જાણમાં આવેલ નથી.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રી આનંદઘનજીની ઓળખ :**

શ્રી આનંદઘનજીનું અસલ નામ લાભાનંદજી હતું. આનંદઘન તેમણે પોતા માટે સ્વીકારે ઉપનામ છે. તેમનું જીવન આત્મામાં સ્થિર થયેલ એક મસ્ત યોગી અને કાયમ વિરક્ત દશામાં રહેતા અવધૂત જેવું હતું. તેથી પ્રશંસકોમાં તેમને અવધૂ તરીકે ઓળખવામાં આવતા.

સંસારી જીવનમાં તેઓ કોણ હતા અને કેવી રીતે તેમણે સંન્યાસ લીધો તે બાબત કોઈ ઐતિહાસિક અને વિશ્વસનીય માહિતી ઉપલબ્ધ નથી. તેમના જન્મસ્થાન તથા જન્મતારીખ બાબત પણ મતભેદો છે. પરંતુ આદરણીય શ્રી મોતીચંદભાઈએ ઘણા અભ્યાસ બાદ **"આનંદઘનજીના પદો - ભાગ ૧"**માં જે પ્રસ્તાવના લખી છે તેમાં બધાં દૃષ્ટિબિંદુઓની વિગતથી ચર્ચા કર્યા બાદ તેઓ એવા નિષ્કર્ષ ઉપર આવેલ છે કે તેઓ ઈ.સ. ૧૬૦૬ થી ૧૬૭૪ સુધીમાં એટલે કે સત્તરમી સદીમાં થયા હતા. તેમની દીક્ષા તપગચ્છમાં થઈ હતી. તેમનો જન્મ બુંદેલખંડના કોઈ એક શહેરમાં થયેલ. સંન્યાસ લીધા બાદ તેઓનો સંપર્ક મારવાડના મેડતા શહેરમાં,વિશેષ રહ્યો અને તેમનો વિહાર પાલનપુર તરફ અને બાદમાં ગુજરાતમાં સારી રીતે રહ્યો. તેઓશ્રીનાં પદો અને સ્તવનોનો ગૂઢાર્થ સમજયા બાદ માલૂમ પડે છે કે જૈન તત્ત્વજ્ઞાન અને તેના રહસ્યની તેમની સમજ અદ્‌ભુત હતી. તેઓશ્રી તપગચ્છી હોવાથી કર્મકાંડી પૂજાની તેઓએ ઉપેક્ષા નથી કરી પરંતુ ભાવપૂજાને જ તેઓએ મહત્ત્વ આપેલ છે એ કર્મકાંડી પૂજાને ભાવપૂજા રહસ્યથી સમજાવેલ છે. ગચ્છ અને વાડાઓના ભેદોને તેમના જેવો રહસ્ય યોગી માને જ નહિ તે સ્પષ્ટ છે.

કવિશ્રી અખા ભગતની સ્ટાઈલમાં તેઓશ્રી કહે છે :

**ગચ્છના ભેદ બહુ નયણ નિહાલતાં,**
**તત્ત્વની વાત કરતાં ન લાજે;**
**ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકાં,**
**મોહ નડીઆ કલિકાલ રાજે.**

અનેકાન્તલક્ષી જૈન કદી સાંપ્રદાયિક કે ધાર્મિક રૂઢિ, રિવાજ અને આચારસંહિતાની વળગણમાં પડે જ નહિ અને તેથી તેની દૃષ્ટિ અને લક્ષમાં કોઈપણ પ્રકારની સંકીર્ણતાનો અભાવ જ હોય. અવધૂશ્રી એ જ પ્રકારના ખરા જૈન હતા. તેથી જૈન અને જૈનેતર સમાજનું અવધૂશ્રીના આ વલણ પ્રત્યે પૂરતું ધ્યાન જાય તે હેતુથી આ પુસ્તકમાં તેઓશ્રીનાં સ્તવનોનું વિવેચન કરવામાં આવેલ છે. તેઓશ્રીએ બનાવેલ સ્તવનો જૈન તીર્થંકરોને ઉદ્દેશીને છે પરંતુ તેમાં એકાદ સ્તવનને બાદ કરતાં તીર્થંકરોએ સ્થાપેલ જૈન સિદ્ધાંતોનું બિનસાંપ્રદાયિક નિરૂપણ જ માલૂમ પડે છે. સાતમા તીર્થંકર શ્રી



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સુપાર્શ્વનાથના સ્તવનમાં ભગવાનનાં જુદા જુદા ગુણોનું વર્ણન કરે છે. તે કોઈ વ્યક્તિપૂજાના સ્વરૂપનું નથી પરંતુ ગુણ-પૂજાના સ્વરૂપનું છે અને ભગવાનના જુદા જુદા ગુણોના વર્ણન બાદ છેલ્લી ગાથામાં છેવટે તો જૈન ભક્તિ-પ્રણાલિકા મુજબ પ્રાર્થના તો અનુભવ-ગમ્ય વિચારની જ કરી અને કહ્યું :

**એમ અનેક અભિધા ધરે,**
**અનુભવ-ગમ્ય વિચાર લલના,**
**તે જાણે તેહને કરે,**
**આનંદઘન અવતાર લલના.**

**અર્થાત્** : "આમ ભગવાનનાં અનેક નામો છે પરંતુ તે નામોનો અર્થ તો સ્વાનુભવથી જ પામી શકાય. આ રીતે **સ્વાનુભવથી જ તેને જે જાણી શકે તેવા હાથમાં જ ચિદાનંદ સ્વરૂપ મોક્ષનો અવતાર છે."**

આ રીતે અવધૂશ્રીનાં સ્તવનો વ્યક્તિગત પૂજાનાં નથી પરંતુ વ્યક્તિએ ધરેલ ગુણોની પૂજાને અનુલક્ષીને છે.

અવધૂશ્રીનું તત્ત્વજ્ઞાન કેટલું સંપ્રદાય-નિરપેક્ષ છે તેની ખાત્રી તો તેમનાં સ્તવનોનું એક પછી એક નિરીક્ષણ કરીશું ત્યારે જ થશે.

**સ્તવનોની ભાષા :**

તેમની ભાષા મુખ્યત્વે મારવાડી, ગુજરાતી અને બુંદેલખંડીનું મિશ્રણ હોય તેવી જણાય છે અને તેથી કદીક ક્લિષ્ટતાનું સ્વરૂપ પકડે છે. તેઓનો વસવાટ અને પાદવિહાર મારવાડ તથા ગુજરાતમાં જ રહ્યો છે તેથી તો તે દરેક પ્રદેશની ભાષાની અસર તેમનાં કાવ્યોમાં જણાય તે સ્વાભાવિક છે. પરંતુ તેનું એક પરિણામ એ આવ્યું છે કે ગુજરાતી કાવ્યરસિકોનું ધ્યાન તેમના પદો તથા સ્તવનો પ્રત્યે જોઈએ તેટલું ગયું નથી. જૈન વિચારકો તેમનાં પદો તથા સ્તવનોને આદરભક્તિથી ગાય છે. પરંતુ જૈનોના આમ વર્ગ માટે તેનો ગુહ્યાર્થ સમજવાનું ઘણું મુશ્કેલ છે. આથી તેઓશ્રીનાં પદો તથા સ્તવનોનું સરળ વિવેચન અતિ આવશ્યક છે.

વર્તમાન તીર્થંકરોની સંખ્યા ચોવીસની છે અને તેથી અવધૂશ્રીનાં ચોવીશ સ્તવનોની અપેક્ષા રહે. પરંતુ વિદ્વાનોની માન્યતા એવી છે કે તેમનાં રચેલાં સ્તવનો ફક્ત બાવીશ જ છે અને છેલ્લાં બે તીર્થંકરોના સ્તવનો પાછળથી તેમના નામે કોઈ બીજી વ્યક્તિએ લખેલ છે. આ માન્યતા વિચારણીય છે કેમ કે છેલ્લાં બે સ્તવનોની ભાષા તથા તત્ત્વચર્ચાની સરખામણી અગાઉનાં સ્તવનો સાથે સુસંગત જણાતી નથી. આ કારણથી આ પુસ્તકમાં ફક્ત બાવીશ સ્તવનોનું જ વિવેચન કરેલ છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**જૈન તત્ત્વજ્ઞાનના મૂળભૂત સિદ્ધાંતો :**

ઉપર કહ્યું તેમ અવધૂશ્રીનાં સ્તવનોમાં મુખ્યત્વે જુદા જુદા જૈન સિદ્ધાંતોની જ ચર્ચા છે. તે સિદ્ધાંતો કયા તર્ક ઉપર રચાયેલા છે તેનો નિર્દેશ જે તે પ્રસંગે વિવેચન દરમ્યાન કરેલ છે, પરંતુ સ્તવનોને વધુ સરળતાથી સમજવા માટે જૈન તત્ત્વજ્ઞાનના મૂળભૂત સિદ્ધાંતોની સામાન્ય સમજ વિશેષ ઉપયોગી થઈ પડશે, તેથી તેનો ઉલ્લેખ અહીં અસ્થાને નથી.

જૈન દર્શનનો આધાર "આત્મા" છે કારણ કે તેના મત પ્રમાણે શુદ્ધ આત્મતત્ત્વ જ "પરમાત્મ" સ્વરૂપને પામી શકે છે. આથી વિશ્વના કોઈપણ જીવની પ્રગતિ કે અવગતિ માટે કોઈ બહારની પૌરુષેય કે અપૌરુષેય સત્તા જવાબદાર નથી. જીવનના સુખ-દુઃખનો આધાર આત્મા પોતે જ છે. આ આત્મતત્ત્વને જૈનો "જીવ" તરીકે ઓળખે છે. આ તત્ત્વ અનાદિ, અનંત અને સનાતન છે. તેનું સ્વરૂપ અવધૂશ્રીએ સ્તવન પંદરમાં સમજાવેલ છે. જે "જીવ" નથી એટલે ચેતનવંતુ આત્મતત્ત્વ નથી તે "અજીવ" છે. આ "અજીવ" તત્ત્વ પણ સનાતન છે, પરંતુ રૂપાંતરને પાત્ર છે અને તે અનાદિકાળથી જીવ તત્ત્વ સાથે સંકળાયેલ છે. આ સંબંધ અજીવ તત્ત્વને ચેતનવંતુ બનાવે છે જેને પરિણામે સંસારચક્રની વિવિધ પ્રવૃત્તિઓ આપણી નજરે ચડે છે. આ "અજીવ" તત્ત્વોમાં "કર્મ-વર્ગણા" મુખ્ય છે. "અજીવ" સાથેના અનાદિ સંસર્ગને પરિણામે "જીવ" સારા અગર નરસાં કર્મો કરે છે, જેના સ્પંદનોને કર્મ-વર્ગણા કહેવાય છે. દરેક જીવની સ્વાભાવિક પ્રવૃત્તિ આ કર્મ-વર્ગણાથી મુક્ત થવાની રહે. સારા નરસાં દરેક પ્રકારની કર્મ-વર્ગણાથી મુક્ત થયેલ જીવ મુક્તિ પામે છે અને તેના અસલ શુદ્ધ સ્વરૂપને પામે છે.

આ રીતે પ્રગતિની દિશામાં આત્મ (જીવ) ત્રણ પરિસ્થિતિમાંથી પસાર થાય છે. (૧) "બહિરાત્મ" દશા, જેમાં જીવ સારી નરસી કર્મ-વર્ગણાથી ઘેરાયેલ જ રહે છે અને તેથી ફક્ત સ્થૂળ વસ્તુઓમાં જ પોતાપણું જુએ છે. બીજા શબ્દોમાં કહીએ તો આત્મા સ્વભાવમાં નહી પરંતુ પરભાવમાં રહે છે. (૨) પરંતુ જીવ જ્યારે સ્વભાવ અને પરભાવનો ભેદ પારખી પોતાના અંતરના સ્વરૂપને પારખવા લાગે છે ત્યારે સ્થૂળનો મોહ ઓછો કરી સ્વભાવ તરફ ઉત્તરોત્તર આગળ વધતો જાય છે અને ત્યારે તે "અંતર-આત્મા"ની સ્થિતિ પ્રાપ્ત કરે છે. (૩) આ દ્વિતીય પરિસ્થિતિમાં પ્રગતિ કરતો આત્મા જ્યારે સ્વમાં સ્થિર થાય છે ત્યારે તે પરભાવથી તદ્દન મુક્ત બની શુદ્ધ જ્ઞાનમય, દર્શનમય વીતરાગ સ્થિતિને પ્રાપ્ત કરે છે અને ત્યારે "પરમાત્મ" ભાવને પ્રાપ્ત કરે છે. ત્યારે ચેતન આત્મા તેના શુદ્ધ સ્વરૂપમાં રહી તમામ અજીવ તત્ત્વોથી વેગળો બને છે અને સિદ્ધ પરમાત્મા બને છે. આ ત્રણ અવસ્થાનું વર્ણન અવધૂશ્રીએ પાંચમા તીર્થંકરશ્રી સુમતિનાથના સ્તવનમાં કર્યું છે અને આત્મતત્ત્વના સ્વરૂપની ચર્ચા અવધૂશ્રીએ વીશમા તીર્થંકરના સ્તવનમાં કરી છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આત્માની આ રીતની પ્રગતિનાં કુલ ચૌદ સીમાચિહ્નો જૈન તત્ત્વજ્ઞોએ નક્કી કર્યાં છે જેને ગુણ-સ્થાનકો કહે છે. કર્મબંધનોનો ઉચ્છેદ કરતાં કરતાં જીવ છેલ્લાં ગુણસ્થાનકે પહોંચે છે ત્યારે તે "પરમાત્મ" સ્થિતિ પ્રાપ્ત કરે છે. કર્મબંધનો કેવા અને કેટલા પ્રકારના હોય છે તેની સમજ પણ અવધૂશ્રીએ છઠ્ઠા તીર્થંકરશ્રી પદ્મપ્રભુના સ્તવનમાં આપી છે.

આ વિશ્વના આધિભૌતિક ચિંતનને વૈજ્ઞાનિક અને વ્યવસ્થિત સ્વરૂપ કોઈ એક વિચારસરણીએ આપેલ હોય તો તે જૈન તત્ત્વજ્ઞોની સ્યાદ્‌વાદની વિચારસરણીએ ભગવાન મહાવીરના સમયમાં ઈશ્વરવાદી તેમજ નિરીશ્વરવાદી અનેક પ્રકારની વિચારસરણીઓ પ્રસરી રહેલ હતી. તે દરેક સત્યના એક અંશને પકડી, તેનો વિસ્તાર કરી, તેનો પંથ સ્થાપતા હતા. મહાવીરે તે દરેક સત્યાંશના આંશિક સત્યને સ્વીકારી કઈ અપેક્ષાએ તે સત્ય છે અને કઈ અપેક્ષાએ સત્યથી વેગળું છે તે તેના "નયવાદ" અને "સ્યાદ્‌વાદ" સિદ્ધાંતોથી સમજાવી એક અદ્‌ભુત સમન્વયની પ્રક્રિયા શરૂ કરી. આથી વિભિન્ન મતમતાંતરોમાં છુપાયેલ સાતત્યને સમજવાની અને સ્વીકારવાની એક અનોખી વિચારધારા અમલમાં આવી કે જેથી વિચારના સ્તરે પણ એક ઘર્ષણવિહોણી અહિંસક પ્રક્રિયા સ્થાપિત થઈ. આ "સ્યાદ્‌વાદ" અને "નયવાદ"ની ચર્ચા અવધૂશ્રીએ દશ, અગિયાર, બાર, અઢાર અને એકવીશમા તીર્થંકરોના સ્તવનોમાં કરી છે. તે સ્તવનોના અર્થ વિવરણમાં નયવાદ અને સ્યાદ્‌વાદ શું તેની ચર્ચા જે-તે સ્થળોએ કરી છે એટલે અહીં તેનું પુનરાવર્તન કરવું ઉચિત નથી માન્યું.

જૈન તત્ત્વજ્ઞાન ઈશ્વરના કર્તૃત્વમાં કે વૈશ્વિકતંત્રની સમગ્ર વ્યવસ્થામાં કોઈ બાહ્ય તત્ત્વની સર્વોપરિતામાં આસ્થા ધરાવતું નથી. સમસ્ત વિશ્વતંત્ર તેના નિયમ મુજબ સ્વતઃ ચાલ્યા કરે છે પરંતુ વિકસિત થયેલ મનુષ્ય જીવ પોતાના સ્વપ્રયત્ને પોતાના કર્મજન્ય વિકાસને આગળ વધારી શકે છે અને પાછો પણ પાડી શકે છે. કર્મ અને કર્મફલ તે આ વિશ્વતંત્રના સ્વતઃ ચાલ્યા કરતા નિયમનો એક ભાગ છે. આથી આ જાતની વિચારસરણીમાં કોઈ આત્મબાહ્ય સર્વોપરી તત્ત્વની ભક્તિ કરી તેનો પ્રસાદ મેળવી કર્મબંધનોથી મુક્ત થવાનો કોઈ અવકાશ રહેતો નથી. તો શું પ્રેમભક્તિને જૈન તત્ત્વજ્ઞાનમાં કાંઈ જ સ્થાન નથી ?

આ પ્રશ્નનો જવાબ એ છે કે પ્રેમ-ભક્તિને જૈન તત્ત્વજ્ઞાનમાં સંપૂર્ણ સ્થાન છે અને અવધૂશ્રી પણ તે જ મતના જણાય છે, જે તેમના સ્તવનો ઉપરથી જ સિદ્ધ થઈ શકે છે. આ સ્તવનોનો ઉલ્લેખ કરતાં પહેલાં આ પ્રશ્નનો તાત્ત્વિક રીતે વિચાર કરીએ તો જણાશે કે ભક્ત નરસૈંયા કે મીરાંબાઈ જેવી વ્યક્તિઓની ભક્તિ તે સમસ્ત રાગના સમર્પણની ભક્તિ છે. રાગ, દ્વેષ, મોહ, માયા વગેરે કષાયોથી મુક્તિ પામેલ જીવ જ 'પરમાત્મ' સ્થિતિને પામે છે તેમ તો જૈન તત્ત્વજ્ઞોએ ઠેર ઠેર સ્વીકારેલ છે. આ કષાયોથી



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

મુક્તિ જો કોઈ ભક્તિ માર્ગે મેળવી શકે તો તેને પણ 'પરમાત્મ' સ્થિતિ જરૂર પ્રાપ્ત થાય. જે ફેર પડયો તે ફક્ત સાધનનો. એકે જ્ઞાનને સાધન બનાવ્યું, જ્યારે બીજાએ ભક્તિને - સાધનભેદ હોઈ શકે પણ સિદ્ધિભેદ નથી. આ સિદ્ધિનો પ્રકાર એક જ છે. આથી અવધૂશ્રીએ પણ તેમના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના તથા બાવીશમા તીર્થંકર શ્રી નેમીનાથના સ્તવનોમાં આવી પ્રેમલક્ષણા ભક્તિને યોગ્ય સ્થાન આપ્યું છે.

ભક્તિ પ્રદર્શનનું એક સાધન પૂજા છે. આ પૂજાના બે પ્રકાર છે : (૧) ભાવપૂજા અને (૨) દ્રવ્યપૂજા. ભાવપૂજા વિનાની દ્રવ્યપૂજા અર્થહીન છે. ભાવપૂજા એટલે અંતરના ભાવોલ્લાસથી થતું માનસ સમર્પણ. દ્રવ્યપૂજા એટલે બાહ્યાચાર અને વિધિ-વિધાનો જેની મારફત વ્યક્તિ પોતાના અંતરના ભાવો ભૌતિક દ્રવ્યો મારફત પ્રગટ કરે છે. આ બંને પ્રકારની પૂજામાં પ્રથમ પ્રકારની પૂજા શ્રેષ્ઠ છે તેમ અવધૂશ્રી તેમના સ્તવનો નં. ૯ અને ૧૪ માં સમજાવે છે.

આ રીતે પ્રસ્તુત સ્તવનો મારફત અવધૂશ્રીએ તેમની લાક્ષણિક શૈલીમાં જૈન તત્ત્વજ્ઞાનના મુખ્ય અને મૂળભૂત સિદ્ધાંતોની ચર્ચા કરી છે. થોડા જ શબ્દોમાં ગહન વિષયોની છણાવટ કાવ્યમાં કરવાની શક્તિ કોઈ સિદ્ધ પુરુષમાં જ હોઈ શકે. તેવા એક સિદ્ધ પુરુષની ઓળખ થોડેક અંશે પણ આ પુસ્તક મારફત હું આપી શક્યો હોઉં તો તેનો યશ પણ અવધૂશ્રીને જ જવો જોઈએ.

પુસ્તકનું લખાણ જોઈ તેને, પોતાના અતિ વ્યવસાયી જીવનમાં સમય કાઢીને, એડિટ કરવા માટે શ્રી મનુભાઈ પંડિતનો હું ઋણી છું.

'સિદ્ધાર્થ' ૩, દાદા રોકડનાથ સો.,
નારાયણનગર પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

**ત્ર્યંબકલાલ ઉ. મહેતા**
**(ટી. યુ. મહેતા)**



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# સ્તવન : ૧ : ઋષભ જિન સ્તવન

**નોંધ :** આ સ્તવન પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવજીને અનુલક્ષીને છે. સ્તવન વાંચતા જણાશે કે તેમાં પ્રેમલક્ષણા પરાભક્તિને ભરપૂર સ્થાન છે.

એક મુમુક્ષુ આત્માની શુદ્ધ આત્મા સાથેની એટલે કે ચૈતન્ય શક્તિ સાથેની, એકાત્મતા કેવી રીતે થાય છે અને તેવી એકાત્મતાનું શાશ્વત સ્વરૂપ કેવું અને શા માટે હોય છે તે રૂપક મારફત અવધૂશ્રીએ સમજાવ્યું છે.

આ કાવ્યમાં મીરાંની પ્રેમ-ભક્તિ અને કવિ અખાના તત્ત્વજ્ઞાનનું સંમિશ્રણ જોવા મળે છે અને તે ઉપરાંત અવધૂશ્રીની કાવ્યશક્તિની ઝલક પણ જોવા મળે છે.

અહીં પ્રશ્ન એ થાય છે કે જૈનધર્મ જે મુખ્યત્વે જ્ઞાનમાર્ગ છે તેમાં ભક્તિનું શું સ્થાન છે ? જૈન તત્ત્વજ્ઞાનનું રહસ્ય 'આત્મા' છે અને આત્માને તેના ખરા સ્વરૂપમાં પ્રાપ્ત કરવો તે જૈન તત્ત્વજ્ઞાનનું લક્ષ્ય છે. આ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કોઈ બાહ્ય શક્તિની પ્રસન્નતાથી નહિ પરંતુ સ્વશક્તિથી જ થઈ શકે. બાર ભાવના માંહેની અશરણ ભાવનાનું આ જ રહસ્ય છે.

અને જો આમ જ હોય તો જૈન વિચારસરણીમાં ભક્તિનું શું સ્થાન છે ? જીવમાત્રનું ભાવિ જો સ્વકર્મ ઉપર જ આધારિત હોય તો આત્મિક પ્રગતિના પંથે પ્રેમ અને ભક્તિ કઈ રીતે ઉપયોગી થાય ? તે પ્રશ્ન સ્વાભાવિક છે કેમ કે પ્રેમ અને ભક્તિ સંપૂર્ણ શરણાગતિ માંગી લે છે. જ્ઞાનમાર્ગીય વિચારધારામાં જો ભક્તિને કાંઈપણ સ્થાન ન હોય તો ભક્તામર, કલ્યાણમંદિર કે કિંકર્પુર જેવા અત્યંત ભાવવાહી ભક્તિગીતોને કાંઈપણ સ્થાન ન હોવું જોઈએ એવો તર્ક સ્વાભાવિક રીતે જ ઊઠી શકે છે.

શુષ્કતાની ચરમ સીમાએ પહોંચતો આ તર્ક જૈન તત્ત્વજ્ઞાનની સાથે સુસંગત નથી. શુદ્ધ જ્ઞાનમાર્ગમાં ભક્તિને કાંઈપણ અવકાશ નથી તેવી માન્યતા પ્રથમ દર્શને જ ભૂલભરેલી છે. કોઈપણ તાત્ત્વિક વિચારધારા મનુષ્ય સ્વભાવનાં મૂળભુત લક્ષણોથી વિરુદ્ધ જઈ શકે નહિ, કારણ કે તત્ત્વજ્ઞાનનું કાર્યક્ષેત્ર મનુષ્ય સ્વભાવ છે. જ્ઞાન જેટલે અંશે આત્માનું લક્ષણ છે તેટલે જ અંશે ભાવોર્મિ પણ આત્માનું લક્ષણ છે. વસ્તુતઃ ભાવોર્મિના અભાવે જ્ઞાનોદય શક્ય નથી. દર્શન, જ્ઞાન અને ચારિત્રની રત્નત્રયીમાં જ્ઞાની પુરુષોએ દર્શનને પ્રથમ સ્થાન આપ્યું અને દર્શનથી ઉત્પન્ન થતી શ્રદ્ધાને દર્શનનું અનિવાર્ય અંગ ગણ્યું. અવધૂશ્રીના શબ્દોમાં કહીએ તો કપટરહિત થઈ આત્મ અરપણા એટલે કે હૃદયપૂર્વકની ભાવાત્મક શ્રદ્ધા રત્નત્રયીના પ્રથમ રત્ન દર્શનનું અનિવાર્ય અંગ છે, તેના અભાવમાં જ્ઞાન અને ચારિત્રનાં રત્નો પ્રાપ્ત થઈ શકે નહિ અને આવી શ્રદ્ધા થઈ શકે નહિ અને આવી 'શ્રદ્ધા' રહિતનું જ્ઞાન ફક્ત બૌદ્ધિક વિતંડાવાદ જ બની રહે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે 'પ્રેમ', 'ભક્તિ' અને 'ભાવાત્મક શ્રદ્ધા' મહદ્ અંશે પર્યાય-વાચક શબ્દો બની રહે છે; અને જો તેમ હોય તો 'જ્ઞાન'માર્ગમાં 'ભક્તિ'ને સ્થાન નથી તેમ માનવું કે કહેવું તે સંપૂર્ણ ભૂલભરેલ બની રહે છે.

'અશરણ' ભાવનાનો અર્થ એટલો જ છે કે જનકલ્યાણના હેતુથી નિઃસ્વાર્થ ભાવે જ્ઞાની પુરુષોએ જે માર્ગ બતાવ્યો તેનો અભ્યાસ કરી તેમાં શ્રદ્ધા રાખી આગળ જે રસ્તો કાપવાનો છે તે સ્વ-પ્રયત્નોથી જ કાપવાનો છે; કોઈ ઈશ્વરી શક્તિની મહેરબાનીથી કે આજીજીથી આત્મશક્તિ જાગી ઊઠશે તેમ માનવું ભૂલભરેલ છે. ઉપર જણાવેલ 'ભાવાત્મક શ્રદ્ધા' ક્યારે અને કેવી રીતે ઉત્પન્ન થાય ? જે સત્ પુરુષોએ કેવળ નિઃસ્વાર્થ કરુણાભાવથી આત્મસિદ્ધિનો રસ્તો બતાવ્યો તેમના પ્રત્યે ભક્તિભાવથી ભરેલ માન અને આદર હોય તો જ તેમના વચનમાં અને તેમણે ચીંધેલ માર્ગમાં 'ભાવાત્મક શ્રદ્ધા' ઉત્પન્ન થાય. આ જાતનું માન અને આદર દર્શાવવા જૈન સ્તવનો રચાયાં છે. તે સ્તવનોનો મુખય સૂર એ જ રહ્યો છે કે "હે વીતરાગ ! તારા પ્રત્યેની મારી ભક્તિ અને આદરના પરિણામસ્વરૂપ મારામાં પણ તારા જેવા જ સદ્ગુણોનો આવિર્ભાવ થાય તેવી શક્તિ તારા સંસર્ગના પ્રભાવથી હું પ્રાપ્ત કરું તેવું ઇચ્છું છું. 'ભક્તામર' કાવ્યની દશમી ગાથામાં શ્રી માનતુંગાચાર્યે આ જ ભાવના વ્યક્ત કરી કહ્યું :

"तुल्या भवन्ति भवतो ननु तेन किम् वा
भूत्यांश्रितं य इह नात्मसमं करोति ।।"

અર્થાત્ જે પોતાના આશ્રિતને પોતા જેવો જ ના બનાવે તે આશ્રય-દાતાનો અર્થ પણ શું છે ? '

અવધૂશ્રીએ તીર્થંકર દેવોનાં જે સ્તવનો રચ્યાં છે તેમાં આ જ ભાવના છે. તેઓશ્રીના દરેક સ્તવનમાં જૈન તત્ત્વજ્ઞાનનાં વિવિધ પાસાંઓની તાત્ત્વિક ચર્ચા છે અને જે રીતે તીર્થંકર દેવની ભક્તિ આ ચર્ચાને અનુલક્ષીને જ છે. એક સિદ્ધાત્મા પ્રત્યે મુમુક્ષુ જીવ આદર અને ભક્તિથી જુએ અને તેના જેવી પ્રાપ્તિની આકાંક્ષા રાખે તેથી વિશેષ કાંઈ નથી.

આ પશ્ચાત્ ભૂમિકાને લક્ષ્યમાં રાખી આ સ્તવનોનો અર્થ સમજવા પ્રયત્ન કરીએ.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

(રાગ : મારૂ)

**ઋષભ જિણેસર માહરો, ઔર ન ચાહું રે કંત,**
**રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે, ભાંગે સાદિ અનંત.**
**ઋષભ જિણેસર પ્રીતમ માહરો રે. ૧**

**અર્થ :** પ્રથમ જિનેશ્વર ઋષભદેવ મારો પ્રિયતમ સ્વામી છે; બીજા કોઈને હું મારા કંથ-પતિ તરીકે સ્વીકારતી નથી કારણ કે આ પતિ એક વખત મારી સાથે પ્રસન્ન થાય - મને સ્વીકારે તો તે સંબંધ કદી તૂટવાનો નથી અને તે અનંતકાળ માટે રહેશે.

તે સંબંધનો આદિ છે એટલે કે તેની શરૂઆત શક્ય છે, પરંતુ તેનો અંત નથી.

**પ્રીત-સગાઈ જગમાં સહુ કરે, પ્રીત સગાઈ ન કોઈ,**
**પ્રીત-સગાઈ નિરૂપાધિક કહી રે, સોપાધિક ધન ખોય...ઋષભ. ૨**

**અર્થ :** આ સંસારમાં પ્રેમ-સગાઈ તો બધા કરે છે, પરંતુ તે ખરેખર પ્રેમસંબંધ નથી, કારણ કે પ્રેમ તો ઉપાધિરહિત હોય છે. જે પ્રેમમાં ઉપાધિ હોય તે પ્રેમ નિષ્ફળ જાય છે.

**નોંધ :** સંસારનો દુન્યવિ પ્રેમ અપેક્ષામિશ્રિત હોય છે, નિઃસ્વાર્થ નથી હોતો અને તેમાંથી ઉત્પન્ન થતી વિષમતાઓ તેને ક્ષણિક બનાવે છે. પરંતુ સિદ્ધાત્મા પ્રત્યેનો પ્રેમ નિરપેક્ષ હોવાથી તેનો અંત હોતો નથી.

**કોઈ કંત કારણ કાષ્ટ ભક્ષણ કરે રે, મળશું કંતને ધાય,**
**એ મેળો નવિ કદિયે સંભવે, મેલો ઠામ ન ઠાય... ઋષભ. ૩**

**અર્થ :** સાંસારિક પ્રેમસંબંધમાં વિયોગ થાય ત્યારે મૃત પતિને મળવાની ઉત્કૃષ્ટ ઈચ્છાથી કોઈ કાષ્ટની ચિતામાં બળી મરે છે, પરંતુ તેમ કરવાથી પરભવમાં પતિ સાથે મેળાપ થવાનો કોઈ સંભવ નથી. (કારણ કે પરભવની ગતિ દરેકના કર્મ અનુસાર ભિન્ન હોય છે.) આથી સાંસારિક મેળાપ કોઈ ચોક્કસ સ્થાને થવો શક્ય નથી.

**વિકલ્પનો અર્થ :** આ રીતે ઈશ્વરને મેળવવા કોઈ યજ્ઞ કરી કાષ્ટ વગેરે બાળે છે પરંતુ તેમ કરવાથી પણ ઈશ્વરપ્રાપ્તિ થતી નથી.

(કંત =પતિ, કાષ્ઠભક્ષણ=ચિતાએ ચડવું, ધાય=દોડીને, ઠાય=સ્થિર)

**કોઈ પતિ રંજન અતિ ઘણું તપ કરે, પતિ રંજન તન તાપ,**
**એ પતિ રંજન મેં નવિ ચિત્ત ધર્યું, રંજન ધાતુ મિલાપ.... ઋષભ. ૪**



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ :** સાંસારિક પતિને ખુશ કરવા કોઈ અનેક પ્રકારની તપશ્ચર્યા કરે છે, પરંતુ તેવી તપશ્ચર્યા ફક્ત શરીર-દમન જ છે. પતિને ખુશ કરવાની તે પદ્ધતિ મને આકર્ષી શકતી નથી. પતિમેળાપનો નિર્વિકલ્પ આનંદ તો પતિ-પત્નીની ધાતુઓના મિલાપથી જ થાય છે. એટલે કે બે આત્માની તન્મયતાથી જ થાય છે.

**નોંધ :** ઈશ્વરપ્રાપ્તિ અર્થે જુદા જુદા પ્રકારની, પરંતુ આંતરિક ભાવના રહિતની, શારીરિક તપશ્ચર્યા ફક્ત દેહ-દમન જ છે. આત્માની આત્મા સાથેની તન્મયતા શારીરિક ધાતુ-મિલાપની પેઠે અવર્ણનીય આનંદ ઉત્પન્ન કરે છે. શારીરિક તન્મયતા તો ક્ષણિક છે. તે ક્ષણિક તન્મયતાને ચિર-સ્થાયી કરવી હોય તો દેહ-ભાવથી ઉપર ઉઠી આત્મ-મિલાપ કરી શકીએ તો જ ચિદાનંદ પ્રાપ્ત થઈ શકે તેવો અહીં ભાવ છે.

**કોઈ કહે લીલા રે લલક અલખ તણી, લખ પુરે મન આસ,**
**દોષરહિતને લીલા નવિ દાટે રે, લીલા દોષ વિલાસ.... ઋષભ. ૫**

**અર્થ :** કોઈ એવી માન્યતા ધરાવે છે કે આ સમગ્ર સંસાર અલક્ષ્ય (અલખ) એવા બ્રહ્મની લીલા માત્ર છે, અને તેવા લીલાધારી બ્રહ્મ મારફત માનવમનની લાખો આશાઓ પૂરી થાય છે. પરંતુ (તે માન્યતા પણ ખોટી છે.) જે વિકારરહિત પર-બ્રહ્મ છે તેને 'લીલા' કરવાનું કોઈ પ્રયોજન હોઈ શકે નહિ. 'લીલા' માત્ર દોષજન્ય છે. (કારણ કે તમામ પ્રકારની લીલા રાગ-જન્ય હોય છે જેનો વિતરાગતાની સાથે મેળ ખાય નહિ)

**ચિત્ત પ્રસન્ને રે પૂજન ફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ,**
**કપટરહિત થઈ આતમ અરપણા રે, 'આનંદઘન' પદ રેહ....ઋષભ. ૬**

**અર્થ :** અંતઃકરણની પ્રસન્નતા તે જ પૂજાનું ખરું ફળ છે, અને એવી પ્રસન્નતા પ્રાપ્ત થયે જ પૂજા અખંડિત ચાલ્યા કરે છે. પ્રમાણિકપણે ઈશ્વરને થયેલ આત્મસમર્પણથી જ અપૂર્વ આનંદ પ્રાપ્ત થાય છે.

**નોંધ :** બહિર-આત્મભાવ ત્યજીને સિદ્ધ પરમાત્મભાવમાં રત રહી શકીએ તો જ સત્ ચિત્ત અને આનંદની પ્રાપ્તિ થાય.

પ્રેમ-લક્ષણા પરાભક્તિનું આ કાવ્ય આદિ તીર્થંકર ઋષભદેવજીને અર્પણ કરીને અવધૂશ્રીએ તીર્થંકર સ્તવનોની શુભ શરૂઆત કરી છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# સ્તવન : ૨ : શ્રી અજિતનાથ જિન સ્તવન

(રાગ : આશાવારી)

**નોંધ :** આદિ તીર્થંકર પ્રત્યેની પ્રેમ-લક્ષણા પરાભક્તિમાંથી પેદા થતી શ્રદ્ધામાંથી 'દર્શન' પ્રાપ્તિ થઈ. આથી 'જ્ઞાન' મેળવવાની તાલાવેલી પણ થઈ, પરંતુ જ્ઞાનપ્રાપ્તિ અર્થે 'પથ-દર્શન' કરવા ગયા ત્યારે પંથની દુર્ગમતાનો ખ્યાલ આવ્યો. કયે રસ્તે આ પરમાત્મ તત્ત્વની પ્રાપ્તિ થાય ? જેણે આ તત્ત્વની પ્રાપ્તિ કરી છે તેવા શ્રી અજિતનાથ ભગવાનને ઉદ્દેશીને અવધૂશ્રી કહે છે :

**પંથડો નિહાળું રે બીજા જિન તણો રે, અજિત અજિત ગુણધામ,**
**જે તેં જીત્યા રે, તેણે હું જીતિયો રે, પુરૂષ કિસ્યું મુજ નામ ! પંથડો. ૧**

**અર્થ :** બીજા તીર્થંકર શ્રી અજિતનાથ જે માર્ગે ગયા તે માર્ગ હું શોધી રહ્યો છું. અજિતનાથ પ્રભુ નામે તો 'અજિત' છે જ, પરંતુ ગુણે પણ અજિત હોવાથી ગુણોના ધામરૂપ છે. (માટે હું તેમના માર્ગની શોધમાં છું.) પરંતુ પ્રભુ ! મારો પુરુષાર્થ શું કામનો ? કેમ કે તમે જે કષાયો ઉપર વિજય મેળવ્યો છે તે કષાયોએ તો મારા ઉપર વિજય મેળવ્યો છે. આથી મારું પૌરુષ વૃથા છે.

**ચર્મ-નયણ કરિ મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર,**
**જિણ નયને કરી મારગ જોઈએ રે, નયણ તે દિવ્ય વિચાર. પંથડો. ૨**

**અર્થ :** પ્રભુ ! તારા માર્ગની ખોજ આ ચર્મ-ચક્ષુઓથી કરી પરંતુ તેમ કરવાથી હું તો સમગ્ર (સયલ) સંસારમાં ભૂલો પડી ગયો. જે ચક્ષુઓથી તારા મારગની ખોજ કરવી જોઈએ તે ચક્ષુઓ તો સમ્યગ્ દૃષ્ટિવાળા હોવાં જોઈએ.

**નોંધ :** સમ્યગ્જ્ઞાનનો પંથ સમ્યગ્ દર્શન વિના સંભવી શકે નહિ. જિનેશ્વર દેવે ચીંધેલા માર્ગની ખોજ ભૌતિક સાધનોથી (ચર્મ ચક્ષુઓથી) ન થાય. તે ખોજ માટે અંતર-આત્માની દૃષ્ટિ જોઈએ. (નયણ તે દિવ્ય વિચાર)

**પુરૂષ પરંપર અનુભવ જોવતાં રે, અન્ધો અન્ધ પલાય,**
**વસ્તુ વિચારે જો આગમે કરી, ચરણ ધરણ નહીં ઠાય. પંથડો. ૩**

**અર્થ :** પ્રભુ ! તારા પંથની શોધ સ્થાપિત પરંપરાને અનુસરીને કરવાથી તો



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આંધળો આંધળાની પાછળ અનુસરે એવી સ્થિતિ સર્જાય છે અને તારા પંથની શોધ જો ફક્ત શાસ્ત્રો (આગમ) વાંચીને કરવા જોઈએ તો કયાંય પગ ઠરતો નથી. (નહીં ઠાય).

**નોંધ :** સત્યની શોધમાં માનવીએ સર્જેલ પરંપરાને અનુસરી વર્તવાથી કોઈ પ્રાપ્તિ થવા સંભવ નથી કેમ કે સમાજમાં સ્થાપિત થયેલ તમામ પરંપરાઓ સમ્યગ્ દૃષ્ટિથી થયેલ હોતી નથી તેથી તેવી પરંપરાને અનુસરવું તે એક અંધ બીજા અંધથી દોરવાય તેવું જ બની રહે.

સત્યની શોધનો બીજો રસ્તો શાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો છે; પરંતુ ફક્ત શાસ્ત્રોનું જ્ઞાન મેળવીને પંડિતાઈ પ્રાપ્ત થાય પણ પ્રભુ ! તારા પંથનું જ્ઞાન મળી શકશે નહીં. જિનેશ્વરના પંથનું જ્ઞાન તો સ્વાનુભવથી જ મેળવી શકાય, પંડિતાઈથી નહીં તેવો અહીં આદેશ છે.

**તર્ક વિચારે રે વાદ પરંપરા રે, પાર ન પહોંચે કોઈ,**
**અભિમત વસ્તુ રે વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય. પંથડો. ૪**

**અર્થ :** (તારો પંથ શોધવાનો) ત્રીજો રસ્તો તાર્કિક વિચાર કરવાનો છે. પરંતુ તેથી તો વાદ-વિવાદની પરંપરા ચાલવા સંભવ છે. આવા બૌદ્ધિક વાદ-વિવાદથી કોઈ તારા પંથનો પાર પામી શકે નહીં.

ઈષ્ટ તત્ત્વને (વસ્તુને) - સત્યને યથાસ્થિત - તેના ખરા સ્વરૂપમાં (વસ્તુગતે) જો કોઈ સમજાવે તો ગુરુગમે તે સમજાય. પરંતુ તેવા વિરલ ગુરુ આ સંસારમાં કયાં જોવામાં આવે છે ? (તે વિરલ જગ જોય.)

**વસ્તુ વિચારે રે દિવ્ય નયણ તણો રે, વિરહ પડયો નિરધાર,**
**તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર. પંથડો. ૫**

**અર્થ :** વસ્તુ એટલે તત્ત્વ. તત્ત્વના વિચાર અંગે (વસ્તુ વિચારે રે) પરિસ્થિતિ એવી છે કે તે વિચાર સુંદર રીતે કરી શકે તેવા દિવ્ય નયન ધરાવતા જ્ઞાની પુરુષોનો ચોક્કસ અભાવ છે. (વિરહ પડયો નિરધાર). પરંતુ તરતમ જોગે એટલે ઓછા વધતા યોગે ઓછા વધતા સંસ્કારવાળી વ્યક્તિના વાસિત બોધનો આધાર લઈ શકાય તેમ છે.

**નોંધ :** આ ગાથાનો અર્થ એવો છે કે હાલના યુગમાં દિવ્ય જ્ઞાન ધરાવતા કેવળજ્ઞાની પુરુષોનો બોધ તેમના સ્વમુખેથી મેળવવો તો અશક્ય છે કેમ કે તેવા પુરુષોનો તો વિરહ પડયો છે. આથી તેથી ઓછી કક્ષાના જ્ઞાની જેને કષાયોની ઉપશમ (ક્ષયોપશમ)



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થિતિ પ્રાપ્ત થઈ છે તેવા જ્ઞાની પુરુષોનો આશરો લઈ તેમનો બોધ જે વાસિત (શુદ્ધ નહીં તેવો) છે તે મેળવી સંતોષ માનવો રહ્યો.

જૈન વિશ્લેષણ મુજબ જ્ઞાનના ઉચ્ચ પ્રકારોમાં અવધિ, મનઃપર્યાય અને કેવલ ગણાય છે. કેવળજ્ઞાનીનો તો આ સંસારમાં ચોક્કસ અભાવ છે પરંતુ તેથી ઉતરતી કક્ષાના જ્ઞાનીઓ જેઓએ કષાયોનો સંપૂર્ણ ક્ષય ન કર્યો હોય પરંતુ ક્ષયોપશમની સ્થિતિમાં હોય અને જેઓ ધર્મધ્યાનમાં રત હોય તેવા મહાપુરુષોના આધારે પંથની શોધ જરૂર કરી શકાય અને તેથી હતાશાનું કારણ નથી.

**કાળ-લબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ,**
**એ જન જીવે રે જિનજી જાણજો રે, આનંદઘન મત અંબ. પંથડો. ૬**

**અર્થ :** પ્રભુ ! તારો પંથ પામવાની અનેકવિધ મુશ્કેલીઓ છે પરંતુ હું આશા છોડવાનો નથી, કારણ કે હું જાણું છું કે અમુક વસ્તુઓ તો કાળના પરિપાકે જ મળે છે.

જિનેશ્વર દેવ, આપ જરૂર ખાત્રી રાખજો કે આત્માનંદમાં રહી કાલ-લબ્ધિની પ્રતીક્ષા કરતો હું આપના મત (દર્શન) રૂપી આંબાના ફળની પ્રતીક્ષા કરતો જીવીશ.

**નોંધ :** પ્રભુનો પંથ વિવિધ ઉપલબ્ધ માર્ગોએ પામવો કેટલો મુશ્કેલ છે તે બતાવ્યા બાદ અવધૂશ્રી નિરાશાનો બોધ નથી કરતા, પરંતુ આશા રાખી ખાત્રી આપે છે કે દરેક વસ્તુ તેના કાળના પરિપાકે જ જેમ પ્રાપ્ત થાય છે તેમ પ્રભુનો પંથ પણ કાળ પરિપાકે જ મળશે તે ચોક્કસ છે. પણ દરમ્યાનના સમયમાં નિજાનંદમાં મસ્ત રહેવું.

★★★



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## સ્તવન : ૩ : શ્રી સંભવનાથ જિન સ્તવન

(રાગ : રામગ્રી)

**નોંધ :** શ્રી અજિતનાથના આગળના સ્તવનમાં પ્રભુપંથ મેળવવાની મુશ્કેલીઓના વર્ણનને અંતે પંથ પ્રાપ્ત કરવાંની આશા નહીં છોડવાનો નિર્ણય કર્યા બાદ આત્મવિકાસની દિશામાં કેવી રીતે આગળ વધવું તે હવે દર્શાવે છે.

**સંભવદેવ તે ધુર સેવો સવે રે, લહી પ્રભુ સેવન ભેદ,**
**સેવન કારણ પહિલી ભૂમિકા રે, અભય, અદ્વેષ અખેદ. સં. ૧**

**અર્થ :** પ્રભુની સેવાના ભેદો સમજીને સર્વ મનુષ્યોએ પ્રથમ (ધુર) સંભવનાથની સેવા કરવી જોઈએ. તે સેવાના કારણરૂપ પ્રથમ ભૂમિકા રૂપે અભય, અદ્વેષ અને અખેદના ગુણોનો વિકાસ જરૂરી છે.

**નોંધ :** પ્રભુભક્તિનાં આ ત્રણ ભયસ્થાનો કેવી રીતે સંભવે છે તે આ ગાથામાં વર્ણવ્યું છે.

**ભય-ચંચળતા જે પરિણામની રે, દ્વેષ અરોચક ભાવ.**
**ખેદ-પ્રવૃત્તિ હો કરતાં થાકીએ, દોષ અબોધ લખાવ. સં. ૨**

**અર્થ :** આ ભક્તિ દરમ્યાન આત્માનાં જે પરિણામો (ભાવ) રહે તેમાં સ્થિરતા ન હોય અને મન ચંચળ રહે તે સ્થિતિ ભયજનક છે.

ભક્તિમાં અરુચિનો ભાવ હોય (અરોચક ભાવ) તો તે દ્વેષનું ભયસ્થાન છે. ભક્તિની પ્રવૃત્તિમાં થાક લાગે તો તે ખેદજનક છે.

દોષજન્ય આ ત્રણ પ્રકારના ભયસ્થાનો અજ્ઞાનતા (અબોધ) મુલક છે. (લખાવ = જાણ) માટે તેનાથી દૂર રહેવા પ્રયત્ન કરવો જોઈએ.

**ચરમાવર્તે હો ચરમ કરણ તથા રે, ભવ-પરિણતિ પરિપાક,**
**દોષ ટલે વળી દૃષ્ટિ ખૂલે ભલી રે, પ્રાપ્તિ પ્રવચન વાક્. સં. ૩**

નોંધ : પ્રભુના પંથે ચાલતાં 'ભય', 'દ્વેષ' અને 'ખેદ'ના દોષો દૂર થાય ત્યારે એક સમય એવો આવે છે કે જ્યારે કષાયજન્ય પુદગલનું છેલ્લું પરાવર્તન થાય છે. આ ગાથામાં આત્મવિકાસની ભૂમિકાઓ જે ચૌદ ગુણસ્થાનકોમાં જૈન સંતોએ વર્ણવી છે તેનો ઉલ્લેખ કરેલ છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સંતની શોધમાં નીકળેલ મુમુક્ષુ જીવ અભય, અદ્વેષ અને અખેદ (ચિદાનંદ) પ્રાપ્ત કર્યા બાદ જ્યારે સાતમા ગુણસ્થાનકે પહોંચે ત્યારે કષાયજન્ય તમામ પુદ્ગલો પરાવર્તન પામે. તેને આનંદઘનજી 'ચરમાવર્ત' સ્થિતિ કહે છે. આત્માના વિકાસની ભિન્ન ભિન્ન સ્થિતિને 'ગુણસ્થાનક' કહેવાય છે. સાતમા ગુણસ્થાનકને 'અપ્રમત્તકરણ' કહે છે. જીવ જ્યારે આ ગુણસ્થાકે પહોંચે ત્યારે તેની કષાયમુક્તિ પ્રમાદરહિત સતત જાગૃતિવાળી હોય છે.

આ ગુણસ્થાનકે પહોંચેલ જીવ પ્રગતિની ટોચે પહોંચવા પૂર્ણ રીતે તૈયાર હોય છે તેથી આઠમું ગુણસ્થાનક 'અપૂર્વકરણ' અને નવમું ગુણસ્થાનક 'અનિવૃત્તિકરણ' તેને સુલભ્ય બને છે. 'કરણ' એટલે આત્મ-પરિણામ. 'અપૂર્વ-કરણ' એટલે પૂર્વે કદી પ્રાપ્ત થયો ન હોય તેવો અધ્યવસાય, જ્યારે ચારિત્ર મોહનીય કર્મનો ઉપશમ અગર ક્ષય થયેલ હોય.

**નોંધ :** આ ગાથામાં ઘણી સંક્ષેપ્તતાપૂર્વક અવધૂશ્રીએ આત્મવિકાસની ભૂમિકા જૈન તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ સમજાવી છે.

આથી શ્રી આનંદઘનજી કહે છે કે 'ચરમાવર્ત' સ્થિતિ પ્રાપ્ત થયે ચરમકરણ એટલે ચરમસીમાએ પહોંચેલ આત્મ અધ્યવસાય પ્રાપ્ત થાય છે અને ભવ પરિણતિ એટલે જન્મ-મરણની પરંપરાનો પરિપાક થાય છે.

**અર્થ :** આ સ્થિતિ પ્રાપ્ત થયે જે જ્ઞાન મળે છે તે નિર્દોષ અને સમ્યક્ હોઈને ગાથા ૧-૨ માં કહેલ દોષો ટળે છે અને સમ્યક્ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે તેમજ જિનવાણી (પ્રવચન) સમ્યગ્ રીતે પ્રાપ્ત થાય છે.

**પરિચય પાતક ઘાતક સાધુ શું રે, અકુશલ અપચયચેત**
**ગ્રન્થ અધ્યાતમ શ્રવણ મનન કરી રે, પરિશીલન નય હેત. સં. ૪**

**નોંધ :** ગાથા નં. ૩માં જણાવેલ સ્થિતિ જીવને પ્રાપ્ત થાય તે બાદ તેનો આધ્યાત્મિક વિકાસ કેવી રીતે વૃદ્ધિને પામે છે તે અવધૂશ્રી આ ગાથામાં દર્શાવે છે.

શાસ્ત્રોનું શ્રવણ-મનન નયવાદની અનેકાન્ત દૃષ્ટિએ ન થાય તો એકાંતિક દુરાગ્રહી દૃષ્ટિ કેળવાય જે જૈન સિદ્ધાંતથી વિપરીત છે.

**અર્થ :** આ રીતે પ્રગતિને પંથે પડેલ આત્મા પાપનો નાશ કરનાર કોઈ સદ્ગુરુના પરિચયમાં આવે છે અને તેવા સંસર્ગને પરિણામે પોતાની ચેતનામાં જે અકુશળ તત્ત્વ હોય તેનો નાશ કરે છે. નયવાદની દૃષ્ટિ ધારણ કરી આધ્યાત્મિક ગ્રંથોનું શ્રવણ મનન કરે છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

(પાતક-ઘાતક = પાપનો નાશ કરનાર; સાધુ શું = સાધુ સાથે; અપચય = ઘટાડો; ચેત = ચિત્ત સંબંધી)

**કારણ જોગે હો કારજ નીપજે રે, એમાં કોઈ ન વાદ**
**પણ કારણ વિણ કારજ સાધિયે રે, એ નિજ મત ઉન્માદ. સં. ૫**

**અર્થ :** કાર્યકારણના સિદ્ધાંત મુજબ ગાથા ૧-૨માં જણાવેલ શ્રી દોષોના નાશના પરિણામે 'ચરમ-કરણ'ની સ્થિતિ પ્રાપ્ત થઈ છે. માટે કાર્ય-કારણના સિદ્ધાંતમાં કોઈ વાદ સંભવતો નથી. કારણ વિના પણ કાર્ય થઈ જશે તેમ જો કોઈ માન્યતા ધરાવતું હોય તો તે તેનો અંગત ઉન્માદ છે.

**નોંધ :** ગાથા ૧-૨ માં જણાવેલ ત્રિદોષનો નાશ ન કર્યો હોય અને ફક્ત પાઠ-પૂજા જેવા સાધનો ઉપર જ આધાર રાખ્યો હોય તો તેનો કોઈ આત્મ ફલિતાર્થ નથી તેમ અહીં સૂચન છે.

**મુગ્ધ સુગમ કરી સેવન આદરે રે, સેવન અગમ અનુપ,**
**દેજો કદાચિત સેવક યાચના રે, આનંદઘન રસ રૂપ. સં. ૬**

**અર્થ :** અણસમજુ અને સરલ માણસો (મુગ્ધ) એમ સમજે છે કે પાઠ-પૂજા અને બીજા બાહ્યાચારોથી જિનેશ્વર દેવની સેવા થઈ શકે. પરંતુ જિનેશ્વર દેવની સેવા એવી સરળ નથી, તે તો ઘણી અગમ્ય, રહસ્યોથી ભરપૂર અને અનુપમ છે. (કઈ રીતે તે અગાઉની ગાથામાં સમજાવ્યું.)

આનંદથી ભરેલ રસરૂપ સદચિદાનંદ જિનેશ્વર દેવ ! આ સેવકની પ્રાર્થના છે કે તમારી અગમ્ય અને અનુપમ સેવા કરવાની મને તક આપો.

નોંધ : પ્રેમ-શ્રદ્ધાથી પ્રેરાઈને (ઋષભદેવ સ્તવન) પ્રભુ પંથની શોધમાં નીકળેલ જીવ (અજિત સ્તવન)ને આ સ્તવનમાં અવધૂશ્રી માર્ગદર્શન આપી કહે છે કે ઈશ્વરપ્રાપ્તિના માર્ગમાં અભય, અદ્વેષ અને અખેદના ગુણોનો વિકાસ અનિવાર્ય છે. ભય, દ્વેષ અને ખેદના દોષો કેવી રીતે પ્રાપ્ત થાય છે તે દર્શાવીને કહ્યું કે તે અજ્ઞાનતા-મુલક છે અને જ્યારે તેનો નાશ થાય ત્યારે કષાય-જનક પુદ્‌ગલો પરિવર્તન પામે છે અને જીવ પ્રગતિની ટોચે પહોંચવા તૈયાર થાય છે. આવે સમયે સદ્‌ગુરુનો સમાગમ થાય છે અને તેમની મદદથી શાસ્ત્રોનું અધ્યયન નયવાદની દૃષ્ટિથી થાય છે. વસ્તુઓનાં અનેકવિધ પાસાંઓને લક્ષમાં રાખી અનેકાંત દૃષ્ટિથી શાસ્ત્રાભ્યાસ કરવાનો અહીં ઉપદેશ છે. આ રીતે અભ્યાસ થાય તો કાર્યકારણનો સિદ્ધાંત સમજાય. અભય, અદ્વેષ અને અખેદના પરિણામે જ ચરમ-કરણની સ્થિતિ પ્રાપ્ત થાય છે, પાઠ-પૂજાના બાહ્યાચારોથી નહીં.

---



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# સ્તવન : ૪ : શ્રી અભિનંદન જિન સ્તવન

(રાગ : ધનાશ્રી)

**નોંધ :** જિનેશ્વર દેવના દર્શનની, એટલે કે સમ્યગ્ દર્શનની તાલાવેલી અને દુર્લભતા તથા તેમાં આવતાં વિઘ્નો વિશેની ચર્ચા આ સ્તવનમાં છે.

**અભિનન્દન જિન ! દરિસણ તરસિયે, દરિસણ દુર્લભ દેવ !**
**મત મત ભેદે રે જો જઈ પૂછીએ, સહુ થાયે "અહમેવ". અભિ. ૧**

**નોંધ :** જૈન ધર્મમાં તત્કાલીન વિવિધ સંપ્રદાયો અને તેમાં પ્રવર્તતી વિચાર સંકિર્ણતાઓ જેનું મૂળ અહમ્ ભાવમાં છે તેનો અહીં ઉલ્લેખ છે.

**અર્થ :** હે અભિનંદન પ્રભુ, તારા દર્શન માટે (એટલે કે તારા પ્રરૂપેલ ધર્મના દર્શન માટે - સમ્યગ્ દર્શન માટે) હું તલસું છું. પરંતુ દેવ, તે દર્શન મારા માટે દુર્લભ બન્યાં છે, કારણ કે તેં દર્શાવેલ માર્ગ માટે હાલ જે જુદા જુદા સંપ્રદાયો પ્રવર્તે છે તેના નેતાઓનું માર્ગદર્શન લેવા જાઉં છું તો દરેક પોતાનો અહમ્ આગળ ધરીને પોતાનો જ સંપ્રદાય સાચો તેવો એકાંતવાદી હઠાગ્રહ સેવે છે.

**સામાન્યે કરી દરિસણ દોહિલું, નિર્ણય સકલ વિશેષ,**
**મદ મેં ઘેર્યો રે અંધો કેમ કરે, રવિ-શશિ-રૂપ વિલેષ. અભિ. ૨**

**અર્થ :** પ્રભુ, તારું દર્શન સામાન્યપણે મુશ્કેલ છે. જ્યારે અહીં તો વસ્તુનો (તત્ત્વનો) સમગ્રપણે (સકલ) નિર્ણય લેવાનો છે, જે વિશેષ મુશ્કેલ છે.

અહમ્‌ના મદથી જેની દૃષ્ટિ અંધ થઈ ગયેલ છે તે (સાંપ્રદાયિક નેતાઓ) સમ્યગ્ જ્ઞાન-દર્શનરૂપી સૂર્ય-ચંદ્રનું વિશ્લેષણ કેવી રીતે કરી શકે ? (વિલેષ = વિશ્લેષણ)

**હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઈએ, અતિ દુર્ગમ નયવાદ,**
**આગમ વાદે હો ગુરૂ-ગમ કો નહીં, એ સબલો વિષવાદ. અભિ. ૩**

**નોંધ :** સાંપ્રદાયિક નેતાઓ તો પોતાના અહમ્‌માં અંધ છે ત્યારે દર્શન મેળવવા બીજા ત્રણ રસ્તાઓ છે તેની મુશ્કેલીઓનો આ ગાથામાં નિર્દેશ છે.

અર્થ : હેતુવાદ - કાર્યકારણવાદનો આધાર લઈને અગર નયવાદનો આધાર લઈને તારું દર્શન કરવા પ્રયત્નો કરું છું તો તે પણ સમજવા અત્યંત દુર્ગમ (કઠણ) માલૂમ પડે છે. ત્રીજો રસ્તો શાસ્ત્રાભ્યાસનો છે પરંતુ ગુરુ-ગમ વિના તે પણ સમજાય તેવું નથી.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

તારું દર્શન કરવામાં આવી બળવાન (સબલ) મુશ્કેલીઓ ઉભી છે.(વિષવાદ=મુશ્કેલી)

**ઘાતિ ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિસણ જગન્નાથ,**
**ધિઠાઈ કરી મારગ સંચરૂં, સેગું કોઈ ન સાથ. અભિ. ૪**

**નોંધ :** પ્રભુનાં દર્શન કરવા આડે જે અંતરાયો આવે છે તેમાં મુખ્ય ઘાતિ કર્મોના ડુંગરો છે. જૈનદર્શન પ્રમાણે મુખ્ય આઠ પ્રકારના કર્મો છે. તે (૧) જ્ઞાનવરણીય - જ્ઞાનનું આવરણ કરવાવાળા, (૨) દર્શનાવરણીય - દર્શનનું આવરણ કરવાવાળા, (૩) વેદનીય - વેદોદય દ્વારા, મનોવિકાસ દ્વારા ચારિત્ર ઉપર અસર કરે તે, (૪) મોહનીય - મોહજન્ય, (૫) અંતરાય - ચેતનશક્તિને આડસરૂપ, (૬) આયુષ્ય (૭) નામ (૮) ગોત્ર છે. આમાંના પ્રથમ ચાર 'ઘાતિ' કર્મો કહેવાય છે કારણ કે તે ઘણા ભયંકર અને દુષ્કર ગણાય છે - આત્મા ઉપર ઘાત-પ્રહાર કરે છે. પ્રભુદર્શનમાં બાધારૂપ છે તેનો અહીં ઉલ્લેખ છે.

**અર્થ :** હે જગન્નાથ ! તારાં દર્શનમાં બાધારૂપ બનતાં ઘાતિ કર્મોના ડુંગરો ઘણા ઉભા છે. મારી સાથે સદ્‌ગુરૂ રૂપી કોઈ વળાવિયો (સેંગુ) નથી તેથી ઉદ્ધતાઈ ('ધિઠાઈ) કરીને એકલો આગળ વધવાનું સાહસ કેવી રીતે કરૂં ?

**દર્શન દર્શન રટતો જો ફિરૂં, તો રણરોઝ સમાન,**
**જેહને પિપાસા હો અમૃતપાનની, કિમ ભાંજે વિષ-પાન. અભી. ૫**

**અર્થ :** આ પ્રકારે પ્રભુ, તારાં દર્શન માટે ઠેકઠેકાણે રણના રોઝની માફક ફરું છું તે નિરર્થક છે. કેમ કે જેને અમૃતપાનની પિપાસા છે તે વિષપાન કેવી રીતે કરે ?

**નોંધ :** એટલે કે ઉપર દર્શાવેલ મુશ્કેલીઓને નજરમાં રાખીને એકાંતવાદી હઠાગ્રહીઓના સંપ્રદાયોમાં ભળું તો તેથી અમૃતપાનની પીપાસા છીપશે નહીં કારણ કે તે તો વિષપાન છે.

**તરસ ન આવે હો મરણ-જીવન તણો, સીઝે જો દરિસણ કાજ,**
**દરિસણ દુર્લભ, સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ. અભિ. ૬**

**અર્થ :** પ્રભુ, આપનાં દર્શનરૂપી ધ્યેય જો સફળ થાય તો જીવન-મરણની તૃષા રહે નહીં. (અમરત્વની પ્રાપ્તિ થાય.) ઉપરના સંજોગોમાં તારું દુર્લભ જણાતું દર્શન હે ચિદાનંદ પ્રભુ, ફક્ત તારી કૃપાથી જ સુલભ બને તેમ છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## સ્તવન : ૫ : શ્રી સુમતિનાથ જિન સ્તવન

(રાગ : વસંત કેદારો)

**નોંધ :** પ્રભુનું દુર્લભ જણાતું દર્શન પ્રભુકૃપાથી જ સુલભ બને છે તેમ આગલા સ્તવનમાં કહ્યું, પરંતુ પ્રભુકૃપા કેવી રીતે મેળવવી ? તેના જવાબમાં અહીં કહે છે કે, પ્રભુકૃપા તો આત્મ સમર્પણથી જ પ્રાપ્ત થાય છે.

આ આત્મસમર્પણની પદ્ધતિ દર્શાવતા અવધૂશ્રી અહીં જૈનદર્શન મુજબ આત્માની ત્રણ સ્થિતિનું સુંદર વર્ણન કરે છે. એ ત્રણ સ્થિતિ છે : (૧) બહિર આત્મા (૨) અંતર આત્મા અને (૩) પરમાત્મા. (વિશેષ સમજણ માટે જુઓ આ પુસ્તકનું પ્રાસ્તાવિક). આ ત્રણ સ્થિતિના પ્રકારો અને તેની છેવટની પરમાત્મ સ્થિતિ કેવી રીતે પ્રાપ્ત કરવી તેની વિષદ્ ચર્ચા આ સ્તવનમાં કરી છે.

પરંતુ તે પ્રાપ્તિ અર્થે જે પ્રયત્ન કરવાનો છે તેનું પ્રથમ પગથિયું તો સદ્બુદ્ધિવાળા પ્રભુ સુમતિનાથના પવિત્ર ચરણોમાં આત્મ-અરપણા કરવી તે જ છે.

**સુમતિ ચરણ કજ આતમ અરપણા, દરપણ જિમ અવિકાર, સુજ્ઞાની !**
**મતિ તરપણ; બહુ-સમ્મત જાણીએ, પરિસરપણ સુ-વિચાર સુજ્ઞાની..સુમતિ. ૧**

**અર્થ :** હે જ્ઞાનપિપાસુ આત્મા, સુમતિનાથ પ્રભુના ચરણકમલ (ચરણકજ) જે સ્વચ્છ દર્પણની જેમ વિકારરહિત (સાફ) છે, તેમાં તારું આત્મસમર્પણ કર.

આવું આત્મસમર્પણ તારી બુદ્ધિને તર્પણ કરશે કારણ કે તે બહુમાન્ય હોવા ઉપરાંત સદ્વિચારમાં શુભ પ્રયાણ (પરિસરપણ) રૂપ છે.

**ત્રિવિધ-સકલ તનુધર ગત આતમા, બહિરાતમ ધુરિ ભેદ સુજ્ઞાની !**
**બીજો અંતર-આતમ, તીસરો પરમાતમ અવિચ્છેદ, સુજ્ઞાની. સુમતિ. ૨**

અર્થ : આત્માની ત્રણ પ્રકારની સ્થિતિનું વર્ણન કરતાં અવધૂશ્રી કહે છે : બધા શરીરધારી જીવાત્માઓ ત્રણ પ્રકારના હોય છે. પ્રથમ પ્રકાર (ધુરિભેદ) બહિરાત્માનો, બીજો અંતરાત્માનો અને ત્રીજો પરમાત્માનો જે અખંડ અને અવિનાશી છે.

**આતમ બુદ્ધે કાયાદિક ગ્રહ્યો બહિરાતમ અઘ-રૂપ સુજ્ઞાની !**
**કાયાદિકનો હો સાખી-ધર રહ્યો, અંતર-આતમ-રૂપ સુજ્ઞાની. સુમતિ.૩**

નોંધ : આત્માની બહિરાત્મ સ્થિતિ અને અંતરાત્મ સ્થિતિ ક્યારે ક્યારે પ્રાપ્ત



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

થાય તે સમજાવતાં કહે છે :

**અર્થ :** જ્યારે જીવ પોતાની બુદ્ધિથી શરીર વગેરે સ્થૂળ વસ્તુઓમાં પોતાપણું જુવે છે ત્યારે તે બહિરાત્મ સ્થિતિમાં છે. આ સ્થિતિ પાપરૂપ (અઘરૂપ) છે કારણ કે આત્મા સ્વભાવમાં નહીં પણ પરભાવમાં રમે છે. પરંતુ જીવ જ્યારે શરીરાદિક સ્થૂળ વસ્તુઓને સાક્ષીભાવે જુવે છે ત્યારે અંતરઆત્માની સ્થિતિ પ્રાપ્ત કરે છે. (સાખીધર = સાક્ષીભાવ)

**જ્ઞાનાનંદે હો પુરણપાવનો, વરજિત સકલ ઉપાધ, સુજ્ઞાની !**
**અતીંદ્રિય ગુણ-ગણ-મણિ આગરુ, ઈમ પરમાતમ સાધ સુજ્ઞાની. સુમતિ.૪**

**અર્થ :** પરમાત્મ સ્થિતિ ક્યારે પ્રાપ્ત થાય ? જ્યારે આત્મા શુદ્ધ જ્ઞાનમય આનંદથી પરિપૂર્ણ અને પવિત્ર બને. આ સ્થિતિમાં તે તમામ સાંસારિક ઉપાધિઓથી રહિત હોય અને ઇન્દ્રિયોથી અગોચર (અતિન્દ્રિય) ગુણરત્નોની ખાણસમાન આ પરમાત્મ સ્થિતિને હે સુજ્ઞાની તમો સાધો. (આગરુ = ખાણ, સાધ = સાધો, સમજો)

**બહિરાતમ તજી અંતર આતમા રૂપ થઈ સ્થિર-ભાવ સુજ્ઞાની,**
**પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અરપણ દાવ સુજ્ઞાની. સુમતિ.૫**

**અર્થ :** દરેક આત્મા પરમાત્મ ભાવને પ્રાપ્ત કરી શકે છે. તેવી પ્રાપ્તિની યુક્તિ (દાવ) શું છે તે દર્શાવતા અવધૂશ્રી કહે છે બહિરાત્મ ભાવને ત્યજીને અંતરઆત્મામાં એકાગ્રતા કરો એટલે કે અંતરઆત્મ સ્વરૂપમાં સ્થિર થાઓ. આ આત્મા તે જ પરમાત્મ સ્વરૂપ છે તેવા ભાવ ભાવવા તે શુદ્ધ આત્મ-અર્પણની યુક્તિ છે.

**આતમ અર્પણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિ-દોષ, સુજ્ઞાની !**
**પરમ પદારથ સંપત્તિ સંપજે, આનંદઘન-રસ પોષ, સુજ્ઞાની. સુમતિ.૬**

**અર્થ :** આ રીતે આત્મસમર્પણના રહસ્યનો વિચાર કરતાં બુદ્ધિદોષનો ભ્રમ ટળે છે અને પરમ પદાર્થ-પરમાત્મ સ્વરૂપની સંપત્તિ જે કૈવલ્ય ગણાય છે તે પ્રાપ્ત થાય છે અને ચિદાનંદ સ્વરૂપ રસનું પોષણ થાય છે.

★★★



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# સ્તવન : ૬ : શ્રી પદ્મપ્રભુ જિન સ્તવન

(રાગ : મારૂ સિંધુડો)

**નોંધ :** આત્માના ઉપરોક્ત ત્રણ પ્રકાર હોવાનું કારણ શું ? બહિરાત્માથી શરૂ કરી અંતરાત્મા અને છેવટે પરમાત્માની સ્થિતિ વચ્ચે જે ભેદ અને અંતર રહે છે તે શા માટે રહે છે ? તેવો પ્રશ્ન કરીને અવધૂશ્રીએ આ સ્તવનમાં જૈનદર્શને કરેલ કર્મમીમાંસાનું ટૂંકમાં છતાં અર્થપૂર્ણ વિવેચન કરેલ છે.

અવધૂશ્રીની કાવ્યશૈલી તદ્દન અનોખી અને અદ્ભુત છે. ટૂંકી અને વ્યાકરણની દૃષ્ટિએ અધૂરી જણાતી પંક્તિઓમાં તેઓશ્રી ઘણું કહી દે છે જે સમજવા માટે જૈનદર્શનની પરિભાષા તથા કર્મના મૂળભૂત સિદ્ધાંતની સામાન્ય સમજની જરૂર છે.

જૈન મત પ્રમાણે પુરુષ અને પ્રકૃતિ - એટલે આત્મા અને કર્મ-વર્ગણા - એકબીજા સાથે અનાદિ કાળથી સંકળાયેલ છે અને તે બંનેનો યોગ જ્યાં સુધી ચાલુ છે ત્યાં સુધી સંસારની ઘટમાળ પણ ચાલુ જ રહેવાની. આત્માની આ સ્થિતિ બહિરાત્મ સ્થિતિ છે અને જ્યારે 'પરમાત્મ' સ્થિતિને પામે છે ત્યારે તે તમામ પ્રકારની કર્મવર્ગણાથી છૂટો થઈ નિજ સ્વરૂપમાં અને વીતરાગ રૂપે સ્થિર થાય છે.

આથી સિદ્ધ થાય છે કે બહિરાત્મ સ્થિતિ અને પરમાત્મ સ્થિતિ વચ્ચેનો તફાવત ફક્ત કર્મ વર્ગણાનો જ છે એટલે કે 'કર્મ-બન્ધનો' જ છે.

આ કર્મ-બન્ધના અનેક પ્રકારો છે. આત્મા જ્યારે કર્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે ત્યારે તેને જે કર્મ-બન્ધ થાય છે તેનાથી આત્માના જ્ઞાન-દર્શનને આવરણ થાય અને સુખ-દુઃખના અનુભવો થાય. આવા બન્ધને 'પ્રકૃતિ-બન્ધ' કહે છે.

કર્મ પુદ્ગલો આત્માને જેટલા સમય સુધી વળગી રહેવાના હોય છે તેટલા સમયને 'સ્થિતબન્ધ' કહે છે.

કર્મ-બન્ધ થતી વખતે આત્માને જે તે કર્મમાં જેટલો રસ પ્રાપ્ત થયો હોય તે રસની તરતમતા મુજબ કર્મ-બન્ધની તીવ્રતા હોય છે. તેને 'અનુભાગ બન્ધ' કહે છે.

કર્મના જથ્થાના આત્મા સાથેના મિશ્રણને પ્રદેશબન્ધ કહે છે.

કર્મ જ્યાં સુધી ઉદયમાં ન આવે અને આત્મા સાથેની તેની વર્ગણા ચાલુ રહે તેને 'સત્તા' (એટલે કર્મની આત્મા ઉપરની પકડ) કહે છે.

કર્મ ઉદયમાં આવે એટલે કે કર્મફળ ભોગવવાનો સમય આવે તે પહેલાં તે કર્મફળોને પ્રયત્ન વિશેષથી ખેંચી તેમને ભોગવવામાં આવે તેને 'ઉદીરણા' કહે છે.

કર્મના મૂળ પ્રકારો આઠ છે જે અભિનંદન સ્તવનની ગાથા ૪ની નોંધમાં વર્ણવેલ



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

છે. તેમાનાં પ્રથમ ચાર ઘાતિ કર્મ કહેવાય છે કેમ કે તે આત્માના અંતરંગ ગુણોનો ઘાત કરનારા હોય છે. બાકીના ચાર 'અઘાતિ' છે.

જૈનદર્શનની આ પરિભાષા જાણ્યા બાદ આ સ્તવન સમજવું સરળ થશે.

**પદમપ્રભુ ! જિન ! તુજ મુજ આંતરૂ રે ! કિમ ભાંજે ભગવંત ?**
**કર્મ-વિપાકે કારણ જોઈને રે, કોઈ કહે મતિમંત. પદમ. ૧**

**અર્થ :** હે પદમપ્રભુ જિનેશ્વર દેવ ! તારી અને મારી વચ્ચે જે અંતર છે - તું પરમાત્મ સ્થિતિમાં વર્તે છે જ્યારે હું બહિરાત્મ સ્થિતિમાં છું - તે અંતર કેમ કરીને ભાંગે ?

વિદ્વાનો (મતિમંત) તો કહે છે કે આ અંતરનું કારણ કર્મ ફળ છે (એટલે હું કર્મવર્ગણાથી ઘેરાયેલ છું જ્યારે તું તેનાથી મુક્ત છે)

**પયઈ ઠિઈ અણુભાગ પ્રદેશથીરે, મૂલ-ઉત્તર બહુ ભેદ,**
**ઘાતી-અઘાતી હો બંધોદય-ઉદીરણા રે, સત્તા કર્મ-વિચ્છેદ. પદમ. ૨**

**નોંધ :** આ ગાથામાં કર્મના ભેદો, કર્મ-બન્ધ, કર્મ-ઉદય, કર્મ-ઉદીરણા, કર્મ-સત્તા અને કર્મ-વિચ્છેદનો ઉલ્લેખ છે. જૈન પરિભાષામાં આ શબ્દોનો અર્થ ઉપરની નોંધમાં આપ્યો છે.

**અર્થ :** અવધૂશ્રી આ ગાથામાં કહે છે કે, પ્રકૃતિ બંધ (પયઈ), સ્થિત-બંધ (ઠિઈ), અણુભાગ (રસ) બંધ અને પ્રદેશ-બંધ વગેરે કર્મ-બન્ધના ભેદો શાસ્ત્રમાં કહ્યા છે. મુખ્ય (મૂલ) આઠ કર્મો છે અને બીજા તેના પેટા ભેદો (ઉત્તર) શાસ્ત્રમાં વર્ણવ્યા છે. આઠ મુખ્ય કર્મોના બે ભેદ - ઘાતી અને અઘાતી કહ્યાં છે. તેમજ કર્મનો આત્માને થતો બંધ તે કર્મોનો ઉદય (ફલપ્રાપ્તિ) તથા ફલપ્રાપ્તિના સમય પહેલાં તેનો ભોગવટો (ઉદીરણ), કર્મોનો ભોગવટો ન થાય ત્યાં સુધી આત્મા ઉપર તેની રહેતી સત્તા અને પ્રયત્ન કર્મનો વિચ્છેદ આ તમામ વસ્તુઓ જૈન ચિંતકોએ સમજાવી છે તેનો અહીં ટૂંકમાં ઉલ્લેખ છે.

**કનકોપલવત્ પયડી પુરૂષ તણી રે, જોડી અનાદિ સ્વભાવ**
**અન્ય સંયોગી જિહાં લગી આતમા રે, સંસારી કહેવાય. પદમ. ૩**

**અર્થ :** સોનુ (કનક) અને પથ્થર (ઉપલ) એના અસલ સ્વરૂપે મિશ્રિત હોય છે. તે જ રીતે પ્રકૃતિ (પયડી) તથા પુરુષ (આત્મા) અનાદિથી મિશ્રિતરૂપે જ હોય છે. (જુઓ નોંધ) આ રીતે આત્મા કર્મરૂપ બીજા પદાર્થો (પ્રકૃતિ)થી સંલગ્ન હોય છે ત્યાં સુધી સંસારની ઘટમાળ ચાલે છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**નોંધ :** જૈન તત્ત્વચિંતકોના મત પ્રમાણે અનાદિકાળથી જ આત્મા તેના શુદ્ધ સ્વરૂપે રહ્યો નથી કેમ કે તે પ્રકૃતિના સંયોગમાં આવેલ છે. ક્યારે આ સંયોગ થયો તે કહી શકાય તેમ નથી કેમ કે તે અનાદિ છે. પરંતુ દરેક આત્માનો પ્રયાસ આ સંયોગથી મુક્તિ મેળવી તેના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરવાનો છે. આ પ્રયાસ કર્મક્ષયથી જ થાય. કર્મો જ્યારે ઉદયમાં આવે ત્યારે તેનાં ફળ ભોગવવાં પડે અને તે ફળો સ્થિતપ્રજ્ઞ ભાવે જો ભોગવાય તો નવાં કર્મો બંધાય નહીં, અને ઉદય પામેલ જૂનાં કર્મો ભોગવાઈ જાય. ઉદીરણની પદ્ધતિથી તપશ્ચર્યા કરીને પણ જૂના કર્મોનો ભોગવટો કરી તેને ખતમ કરી શકાય. આ રીતે કર્મ-ઉચ્છેદની ક્રિયા સફળતાપૂર્વક થાય તો આત્મા "અન્ય સંજોગી" એટલે કે પ્રકૃતિ સાથેના યોગથી મુક્ત થાય અને 'પરમાત્મ' સ્થિતિને પામે. તેવી મુક્તિ ન થાય ત્યાં સુધી "पुनरपि मरणं पुनरपि जननम् पुनरपि जननि - जठरे शयनम् ।" ની સાંસારિક પ્રક્રિયા ચાલતી જ રહે.

**કારણ-જોગે હો બાંધે બંધને રે, કારણ મુગતિ મુકાય,**
**'આશ્રવ' 'સંવર' નામ અનુક્રમે હેય, ઉપાદેય સુણાય. પદમ. ૪**

**નોંધ :** દરેક કર્મનું કારણ હોય છે જ. કારણ વિના કર્મ હોઈ શકે જ નહીં તેવો જૈનસિદ્ધાંત છે. ઊંડાણથી જોઈએ તો દરેક કાર્યનું મૂળ ચિત્તના ભાવોમાં હોય છે. આ ભાવો કર્મનું 'કારણ' બને છે. તેને ભાવ-કર્મ કહેવાય છે. આથી અવધૂશ્રી કહે છે :

**અર્થ :** 'કારણ' ના યોગથી આત્મા 'કર્મબંધ'થી બંધાય છે અને સારા ભાવો જો કારણભૂત બને તો તેનાથી કર્મમુક્તિ પણ થાય છે.

ઉપર મુજબના કર્મબંધને 'આશ્રવ' કહેવાય છે અને તે આશ્રવના અટકાવને સંવર કહેવાય છે. આશ્રવ હેય (ત્યાગવા યોગ્ય) છે, જ્યારે સંવર ઉપાદેય (ગ્રહણ કરવા યોગ્ય) છે.

નોંધ : જૈનદર્શનમાં આત્માના બંધન અને મુક્તિની પ્રક્રિયા વૈજ્ઞાનિક ઢબે સમજાવવામાં આવી છે. તે પ્રક્રિયાના સાત તત્ત્વો છે : (૧) પાપ, (૨) પુણ્ય, (૩) આશ્રવ, (૪) બંધ, (૫) સંવર, (૬) નિર્જરા, (૭) મોક્ષ. ટૂંકમાં સમજીએ તો આત્મા પાપ અને પુણ્યને ગ્રહણ કરે છે ત્યારે આશ્રવ એટલે કે કર્મની સરવાણી શરૂ થાય છે. જેને પરિણામે કર્મો આત્માને બાંધે છે તેને બંધની પ્રક્રિયા કહે છે. આ 'બંધ'થી આત્મા તેની નૈસર્ગિક સ્વતંત્રતા ગુમાવે છે કારણ કે થયેલ 'બંધ'ના ફળ તેને ભોગવવાના જ રહે છે.

---



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મની આ સરવાણી બંધ કરવાની પ્રક્રિયાને 'સંવર' કહે છે. આથી નવા કર્મોનું ઉપાર્જન અટકે છે. પરંતુ જૂના એકઠા થયેલ કર્મો બાકી રહે છે. તેને ખત્મ કરવાની પ્રક્રિયાને નિર્જરા કહે છે. તે રીતે તમામ કર્મો ખત્મ થયે આત્મા મોક્ષની સ્થિતિ પ્રાપ્ત કરે છે. આ આખી પ્રક્રિયામાં 'આશ્રવ' અને 'સંવર' મુખ્ય છે કેમ કે તેમાં બીજી ક્રિયાઓ સમાહિત છે. તેથી અવધૂશ્રીએ તેનો જ ઉલ્લેખ કરેલ છે.

**યુગ્જન કરણે હો અંતર તુજ પડયો રે, ગુણકરણે કરી ભંગ,**
**ગ્રંથ-ઉક્તિ કરી પંડિતજન કહ્યો રે, અંતર ભંગ સુઅંગ. પદમ. ૫**

**અર્થ :** આ રીતે હે પ્રભુ, તારી અને મારી વચ્ચે જે અંતર પડયું છે તે કર્મ સાથેના યોગથી (યુગ્જનકરણે) પડયું છે. આ યોગનો ભંગ મારા આત્માના ગુણોનો વિકાસ કરવાથી થશે.

આ રીતે કર્મ-વિચ્છેદ કરી બહિરાત્મા અને 'પરમાત્મા' વચ્ચેનું અંતર કાપવા સુજ્ઞ પુરુષોએ ગ્રંથોની અનેક ગાથાઓમાં જુદા જુદા ઉપાયો સુંદર રીતે વર્ણવ્યા છે.

**તુજ મુજ અંતર અંત એ ભાંજશે રે, વાજશે મંગલતૂર,**
**જીવ સરોવર અતિશય વાધશે રે, આનંદઘન રસ પૂર. પદમ. ૬**

**અર્થ :** સુજ્ઞ પુરુષોએ સૂચવેલ ઉપાયોને અનુસરીને હે પ્રભુ, તારી અને મારી વચ્ચે જે અંતર છે તે દૂર થશે. (બહિરાત્મા તારી પેઠે પરમાત્મા બની શકીશ) તેવું પરિણામ અંતે જરૂર આવશે અને ત્યારે મંગળ સૂરાવલી વાગશે, અને તેમ થશે ત્યારે મારા આત્માનું સરોવર સત-ચિત્ત-આનંદના અપૂર્વ રસથી ભરપૂર વધશે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## સ્તવન : ૭ : શ્રી સુપાર્શ્વ જિન સ્તવન

(રાગ : સારંગ : મલ્હાર)

**નોંધ :** આ સ્તવનમાં જિનેશ્વર દેવના પરમાત્મ સ્વરૂપનું વર્ણન છે. તે સ્વરૂપ કેવા પ્રકારનું છે અને કેવી રીતે તેની આરાધનામાં ફળદાયી નીવડે છે તેનું વિગતવાર વર્ણન છે. ગાથા ૧ થી ૭ સુધી આ વર્ણન છે પરંતુ ગાથા ૮માં આ ભક્તિવર્ણનનો જે હેતુ છે તે જૈન દૃષ્ટિએ સમજાવ્યો છે.

જૈન દર્શનમાં ભક્તિનું શું સ્થાન છે તે આ સ્તવનોની શરૂઆતમાં દર્શાવેલ છે. જિનભક્તિનો હેતુ એટલો જ છે કે પરમાત્મા સ્થિતિ પ્રાપ્ત કરેલ છે તેવા જિનેશ્વર દેવના ભક્તિ સાન્નિધ્યમાં રહેવાથી તેના જેવા ગુણો ભક્તમાં પણ પ્રગટ થાય એટલે કે આઠમી ગાથાના શબ્દોમાં કહીએ તો 'અનુભવગમ્ય' થાય. આથી આ સ્તવનમાં જિનેશ્વર દેવના જે જે ગુણોનું વર્ણન આવે છે તે ગુણો આપણામાં પણ પ્રગટ થાય અને આપણે પણ પરમાત્મ સ્થિતિ પ્રાપ્ત કરી શકીએ તેવો હેતુ આ સ્તવનનો છે.

**શ્રી સુપાર્શ્વ જિન વંદિએ, સુખ-સંપત્તિનો હેતુ, લલના**
**શાંત સુધા રસ જલનિધિ, ભવસાગરમાં સેતુ. લલના. સુ. ૧**

**અર્થ :** ભગવાન સુપાર્શ્વનાથ જે આત્મિક સુખ-સંપત્તિ આપનાર છે અને જે શાંત અમૃતરસના સમુદ્ર છે તેમજ સંસારસમુદ્ર પાર કરવાના સેતુરૂપ છે તેને વંદન કરું છું.

**સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવ, લલના**
**સાવધાન મનસા કરી, ધારો નિજપદ સેવ. લલના સુ. ૨**

અર્થ : સાતમા તીર્થંકર દેવ શ્રી સુપાર્શ્વનાથ સાત મહાભયને ટાળવાવાળા છે. [સાત ભય : (૧) આલોક ભય, (૨) પરલોક ભય, (૩) વેદના, (૪) અરક્ષા, (૫) અગુપ્તિ, (૬) આકસ્મિક અને (૭) મરણ ભય.] આથી મનને એકાગ્ર કરી તે જિનેશ્વર દેવના ચરણકમલની સેવા કરો.

**શિવશંકર જગદીશ્વરૂ, ચિદાનંદ ભગવાન લલના,**
**જિન અરિહા તીર્થંકર, જ્યોતિસ્વરૂપ અસમાન લલના. સુ. ૩**

અર્થ : જે કલ્યાણકારી અને શાંતિ દેનાર જગદીશ્વર છે અને જે ચિદાનંદ ભગવાન



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

છે, જે રાગ-દ્વેષ જીતનાર અને તીર્થની સ્થાપના કરનાર છે અને જે અનન્ય તેજ સ્વરૂપ છે.

**અલખ નિરંજન વચ્છલુ, સકલ જંતુ વિશરામ, લલના**
**અભયદાન દાતા સદા, પુરણ આતમરામ, લલના. સુ. ૪**

**અર્થ :** જે અલક્ષ્ય, નિર્મલ અને વત્સલ છે, સર્વ પ્રાણીઓના વિશ્રામરૂપ છે, અભયદાતા છે અને સંપૂર્ણ આત્મસુખમાં લીન છે.

**વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય સોગ, લલના.**
**નિદ્રા તંદ્રા દુરંદશા રહિત અબાધિત યોગ. લલના. સુ.૫**

**અર્થ :** જે રાગ-દ્વેષરહિત છે, જે અભિમાન, ચિંતા, આનંદ, કષ્ટ, ભય, શોક, ઉંઘ, આળસ, દુર્દશારહિત છે તેમજ અવિરત સમાધિયુક્ત છે.

**પરમ પુરૂષ પરમાત્મા, પરમેશ્વર પરધાન, લલના.**
**પરમ પદારથ પરમેષ્ઠી, પરમદેવ પરમાન, લલના. સુ. ૬**

**અર્થ :** જે શ્રેષ્ઠ પુરુષ પરમાત્મ સ્વરૂપને પામેલ છે, જે મહાન ઈશ્વર છે, ઊંચામાં ઊંચા સ્થાન પર બિરાજમાન દેવ છે.

**વિધિ વિરંચિ વિશ્વંભરૂ, ઋષિકેશ જગનાથ લલના,**
**અઘહર અઘમોચન ધણી, મુક્તિ પરમ પદ સાથ લલના. સુ. ૭**

**અર્થ :** જે મોક્ષની વિધિ બતાવનાર બ્રહ્મા આખા વિશ્વમાં વ્યાપક છે, જે ઈન્દ્રિયોના સ્વામી છે, જે પાપોને હરનાર સ્વામી છે અને મુક્તિના પરમપદમાં સાથ આપનાર છે. (વિરંચિ = બ્રહ્મા)

**એમ અનેક અભિધા ધરે, અનુભવગમ્ય વિચાર લલના**
**તે, જાણે, તેહને કરે, આનંદઘન અવતાર, લલના. સુ. ૮**

**અર્થ :** આમ ભગવાનના અનેક નામો છે પરંતુ તે નામોનો અર્થ તો સ્વાનુભવથી જ પામી શકાય. આ રીતે સ્વાનુભવથી તેને જે જાણી શકે તેના હાથમાં જ (કરે) ચિદાનંદ સ્વરૂપ મોક્ષનો અવતાર છે. (અભિધા = નામ)

**નોંધ :** જિનભક્તિનો હેતુ સ્વયં સંવેદનપ્રાપ્તિનો છે. એટલે કે ભગવાનનાં જુદાં જુદાં વિશેષણોને જ્ઞાન-માર્ગ દ્વારા પ્રાપ્ત કરવાનો છે, તેવો ભાવ આ ગાથામાં છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# સ્તવન : ૮ : શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન

(રાગ : કેદારો - ગૌડ)

**નોંધ :** પરમાત્મ દર્શનની તાલાવેલીવાળો જીવ વિચારે છે કે અહો ! હું જન્મજન્માન્તરોમાં રખડ્યો, વિવિધ પ્રકારના અનુભવો મેળવ્યા, પરંતુ સમ્યગ્ દર્શન પામી શક્યો નહીં. જન્મોજન્મના પરિશ્રમ બાદ મનુષ્યદેહ હવે પ્રાપ્ત થયો છે. જીવસૃષ્ટિની આવી સર્વોત્કૃષ્ટ સ્થિતિએ પહોંચ્યો છતાં પણ ઈશ્વરદર્શન પામી શક્યો નહીં તો મહામહેનતે મેળવેલ આ મનુષ્યજીવન પણ વૃથા જશે.

આ સ્તવનમાં અવધૂશ્રીએ જૈનદર્શન મુજબના જીવના પ્રકારો, સમ્યગ્ દર્શનની પ્રાપ્તિના ઉપાયો, મનુષ્યથી નિમ્ન જીવસૃષ્ટિની મર્યાદાઓ વગેરેની ચર્ચા કરી છે.

**દેખણ દે, રે ! સખિ ! મુને દેખણ દે, ચંદ્રપ્રભ મુખ ચંદ,**
**ઉપશમ-રસનો કંદ, ગત-કલિ-મલ દુઃખ દંદ. સખિ. ૧**

**નોંધ :** અદ્યતન વિજ્ઞાનના સંશોધન સાધનોની મદદ વિના હજારો વર્ષ પૂર્વે જૈન દાર્શનિકો માટીમાં, ધાતુમાં, પાણીમાં, વાયુમાં અને અગ્નિમાં પણ જીવની હસ્તી જોઈ શક્યા. વિશ્વમાં વ્યાપક જીવ-સૃષ્ટિની નિમ્નતમ સ્થિતિ બાદર-નિગોદ જીવોની છે તેમ તેમણે જોયું. આ જીવો ચર્મચક્ષુથી જોઈ શકાતા નથી. ઠાંસી ઠાંસીને ભરાયેલા આ જીવોનું જીવન સંયુક્ત છે અને તેથી તેઓ અનેક હોવા છતાં એક શરીરી અને એકશ્વાસી હોય છે. (જે વિજ્ઞાને પણ માન્ય રાખેલ છે.) આ એકેન્દ્રિય જીવોની મર્યાદાને કારણે પરમ શાંત રસના સ્રોતરૂપ ચંદ્રપ્રભ સ્વામીનાં દર્શન તેમને કેવી રીતે થઈ શકે ? આવો પ્રશ્ન ગાથા નં. ૨ માં ઉઠાવતા પહેલાં આ સ્વામિના ગુણધર્મોનું અહીં વર્ણન છે.

**અર્થ :** હે સખિ મને હવે (મનુષ્યભાવ મહામહેનતે મળ્યો છે તેથી) ચંદ્રપ્રભુ જિનેશ્વરના દર્શન કરવા દે. આ પ્રભુ શાંતરસ (ઉપશમ રસ) ના સ્રોતરૂપ (કંદ) છે, કારણ કે તેમનાથી કલહ (કલિ), મેલ (મલ), દુઃખ અને તેવાં બીજાં દ્વંદો (જેવા કે રાગ, દ્વેષ વગેરે) ચાલ્યા ગયા છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**નોંધ :** જિનેશ્વર દેવનાં દર્શન એટલે તેમના ગુણો જે દ્વંદ્વોરહિત છે તેના દર્શન સ્વ-સ્વરૂપ આત્મનાં દર્શન. આ દર્શનની શક્યતા હવે વધી ગઈ છે કારણ કે આ જીવસૃષ્ટિમાં સર્વોત્કૃષ્ટ મનુષ્ય ભવ મળ્યો છે. આત્મદર્શન મનુષ્યભવમાં જ શક્ય છે તેવો અહીં નિર્દેશ છે.

**સુહુમ-નિગોદે ના દેખિયો, સખિ. બાદર અતિહિ વિશેષ. સખિ.**
**પુઢવી -આઉ ન લેખિયો, સખિ. તેઉ-વાઉ ન લેશ. સખિ. ચંદ્ર. ૨**

**વનસ્પતિ અતિ-ઘણ-દિહા, સખિ. દીઠો નહીં દેદાર, સખિ.**
**બિ-તિ-ચઉરિન્દ્રિય જલ લીહા, સખિ. ગત-સન્નિ પણધાર, સખિ. ચંદ્ર. ૩**

**નોંધ :** આ બંને ગાથાઓમાં જૈનદર્શન મુજબ વિકાસ ક્રમે જીવોના પ્રકાર દર્શાવ્યા છે. જે એકેન્દ્રિયથી ચાર ઈન્દ્રિયોના આ બે ગાથાઓમાં વર્ણવ્યા છે. આ જીવોની ભૌતિક અને શારીરિક મર્યાદાઓને લઈને ઈશ્વરદર્શન (આત્મદર્શન) થવાની શક્યતા તેમના ભવમાં નથી અને તેથી અનેકવાર તે તે જીવોની યોનિમાં હું જન્મ્યો. પરંતુ મને આત્મદર્શન થયું નહીં તેવો ભાવ છે.

**અર્થ :** સૂક્ષ્મ (સુહુમ) નિગોદના જીવરૂપે જન્મ્યો ત્યારે તેના દર્શન થયાં નહીં અને બાદર જીવ (સમૂહજીવન) રૂપે તો તેની વિશેષ મુશ્કેલી હતી. પૃથ્વીકાય (પુઢવી), અપકાય (આઉ), તેજકાય (તેઉ) અને વાયુકાય (વાઉ)નો જીવરૂપે જન્મ્યો તો ત્યાં પણ તેના દર્શનનો અવકાશ નહોતો.

ત્યારબાદ વનસ્પતિના જીવ તરીકે ઘણા દિવસ (દિહા) રહ્યો અને ત્યારબાદ બેન્દ્રિય, તેન્દ્રિય, ચૌરિન્દ્રિય, જળચર (જળ-લીહા) તથા અસંજ્ઞિ (ગત-સન્નિ) જીવોની યોનિમાં જન્મ્યો પરંતુ ત્યાં પણ તેનાં દર્શન ન થયાં. (દેદાર = સુંદરમુખ)

**સુર-તિરિ-નિરય નિવાસમાં, સખિ. મનુજ અનારજ સાથ. સખિ.**
**અપજ્જતા પ્રતિભાસમાં સખિ. ચતુર ન ચઢિયો હાથ, સખિ. ચંદ્ર.૪**

અર્થ : પછી છેવટે દેવ, તિર્યંચ અને નારકીનો જન્મ પામ્યો. અનાર્યો (અનારજ)માં જન્મ્યો, અપર્યાપ્ત અવસ્થામાં (અપજ્જત્તા) તેમજ સ્પષ્ટ સમજવાળી પર્યાપ્ત અવસ્થામાં પણ જન્મ પામ્યો છતાં તે ચતુર પુરુષ (આત્મા)ને હું પામી શક્યો નથી.

---



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**ઈમ અનેક થળ જાણીએ, સખિ. દર્શન વિણુ જિન દેવ. સખિ.**
**આગમથી મત જાણીએ, સખિ. કીજે નિર્મલ સેવ. સખિ. ચંદ્ર. ૫**

અર્થ : આ રીતે અનેક સ્થળોએ અને અનેક પ્રકારે જન્મો પામ્યો પરંતુ જિનેશ્વર દેવનાં દર્શન (આત્મદર્શન) થયાં નહીં. પરંતુ હવે સત્ શાસ્ત્રો (આગમ)નો સંસર્ગ થયો છે તેથી તેના વચનોથી પ્રેરણા મળે છે કે પ્રભુની નિર્મળ સેવા કરવાથી (આત્મધ્યાનથી) આત્મદર્શન થઈ શકશે.

**નિર્મળ સાધુ-ભક્તિ લહી, સખિ, યોગ અવંચક હોય. સખિ**
**ક્રિયા અવંચક તિમ સહી, સખિ. ફલ અવંચક હોય. સખિ. ચંદ્ર. ૬**

**નોંધ :** આ પ્રકારનું આત્મદર્શન કરવા માટે શરૂઆત પવિત્ર સાધુભક્તિ (સદ્ગુરુની ભક્તિ)થી થાય અને ક્રમે ક્રમે કેવી રીતે ફલપ્રાપ્તિ થાય તે અહીં દર્શાવે છે.

**અર્થ :** (આત્મદર્શન માટે) શરૂઆત તો નિર્મળ સાધુ-ભક્તિથી કરીશ અને તેમ કરીને સત્સમાગમનો યોગ સાધીશ. તે સદ્સમાગમમાંથી સદ્ક્રિયા (સદાચાર) પ્રાપ્ત થશે અને તેવા સદાચારમાંથી આખરી ફલપ્રાપ્તિ - સમ્યગ્ દર્શન-પ્રાપ્ત થશે.

**નોંધ :** વસ્તુનો યોગ થવો તેને 'યોગઅવંચક' કહે છે. તેથી સદ્ગુરુના યોગથી ક્રિયાયોગ અને તેમાંથી ફલયોગ પ્રાપ્ત થાય છે.

**પ્રેરક અવસર જિનવરૂ, સખિ મોહનીય ક્ષય જાય. સખિ.**
**કામિત પૂરણ સૂર તરૂ, સખિ. આનંદઘન પ્રભુ પાય. સખિ. ચંદ્ર ૭**

**નોંધ :** આ ફળપ્રાપ્તિ અર્થે જિનેશ્વર દેવની પ્રેરણા આવશ્યક છે કેમ કે દરેક પ્રકારના કર્મબંધનમાં મોહનીય કર્મનો બંધ તોડવાનું કામ ઘણું જ આકરું છે. જે જિનેશ્વર દેવની પ્રેરણારૂપી કૃપા વિના શક્ય નથી.

**અર્થ :** જિનેશ્વર દેવની પ્રેરણાથી મારાં મોહનીય કર્મોનો ક્ષય કરી શકીશ ત્યારે ભવોભવથી જે કામના (પ્રભુદર્શનની) હતી તે પૂર્ણ કરનાર કલ્પતરૂ રૂપ સદ્ચિદાનંદ પ્રભુ-ચરણ મને પ્રાપ્ત થશે એટલે કે પ્રભુદર્શન થશે. (કામિત પૂરણ સૂરત તરુ = મનોરથ પૂરવામાં કલ્પવૃક્ષ સમાન)

---



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# સ્તવન : ૯ : શ્રી સુવિધિનાથ જિન સ્તવન

(રાગ : કેદાર)

**નોંધ :** પ્રભુદર્શન થયા બાદ પ્રભુ-પૂજા અનિવાર્ય છે. જૈન દાર્શનિકોએ પૂજાના બે પ્રકાર જણાવ્યા છે : (૧) દ્રવ્યપૂજા અને (૨) ભાવપૂજા. આમાંની દ્રવ્યપૂજા એ ભાવપૂજાનું પરિણામ માત્ર જ છે. દ્રવ્યપૂજા એટલે પુષ્પ, ધૂપ વગેરે બાહ્ય દ્રવ્યોથી થતી પૂજા. ભાવપૂજા એટલે અંતરના ભાવોથી ઉત્પન્ન થતી પૂજા. 'પૂજા' એટલે પૂજ્યતાના ભાવોનો આવિષ્કાર. આથી ભાવપૂજારહિતની દ્રવ્યપૂજા નિરર્થક છે. જે પૂજા અંતરના ભાવથી થતી ન હોય તે તો ફક્ત દેખાવ જ છે અને નર્યો દંભ છે. દ્રવ્યપૂજા ન હોય અને ફક્ત ભાવપૂજા જ વિશુદ્ધરૂપે હોય તો તે ચાલી શકે કારણ કે દ્રવ્ય તો 'ભાવ'નું ફક્ત નિમિત્ત માત્ર જ છે.

આ સ્તવનમાં અવધૂશ્રીએ આ સિદ્ધાંતનું પ્રતિપાદન કેવી રીતે કર્યું છે તે જોઈશું. આ સિદ્ધાંત સ્વીકારીએ તો 'દેવદ્રવ્ય'ને એટલે કે શ્રી ભગવાનના પ્રતીકરૂપ તેની મૂર્તિને સુવર્ણ અને રત્નનો શણગાર અસ્થાને છે. જે વીતરાગ સ્વરૂપ છે તેને તો સાધકોની પૂજાની પણ અપેક્ષા નથી, તો દુન્યવી શણગારોની અપેક્ષા ક્યાંથી હોય ? મુક્તિ-પ્રાપ્ત તીર્થંકર દેવોનું વીતરાગ સ્વરૂપ દુન્યવી શણગારો અને વિધિ-વિધાનોથી વિશેષ ઐશ્વર્યને પામશે તેમ માનીને તેમની પૂજા કરવી તે બાળ-બુદ્ધિ-નરી અજ્ઞાનતા છે, પાપ છે. નિરંજન, નિરાકાર અને વીતરાગ સ્વરૂપ પરમાત્માની પાર્થિવ આકારની મૂર્તિ દ્વારા થતી પૂજાનું મહત્ત્વ ઘણું મર્યાદિત છે કારણ કે તે મહત્ત્વ સાધકની અપેક્ષાએ જ છે. નિરાકારને અકાર મળે તો તે આકાર મારફત નિરાકારનાં લક્ષણોની પૂજા સહેલાઈથી થઈ શકે છે. જૈનદર્શન મુખ્યત્વે જ્ઞાનદર્શન હોઈને સવિકલ્પ ભક્તિને તેમાં મર્યાદિત સ્થાન હોય તે સ્વાભાવિક છે. તે મર્યાદા એવી છે કે જે પાર્થિવ આકારની મૂર્તિ છે તે ખુદ પરમાત્મા નથી; તે તો પરમાત્માનું ફક્ત પ્રતીક જ છે.

આથી જૈન દૃષ્ટિએ પૂજાનો અર્થ ફક્ત એટલો જ છે કે પરમાત્માના સાકાર સ્વરૂપને લક્ષ્ય બનાવીને સહજાત્મ-સ્વરૂપની પ્રાપ્તિ કરવી. આ સ્વરૂપની પ્રાપ્તિમાં થતી તમામ ભૌતિક બાધાઓને દૂર ન કરી શકીએ ત્યાં સુધી શુદ્ધ જિનપૂજાને કોઈ અવકાશ નથી.

આ સ્વતનની તમામ ગાથાઓમાં અવધૂશ્રીએ ઉપરના સિદ્ધાંતોનું પ્રતિપાદન કેવી રીતે કર્યું છે તે હવે જોઈએ.

**સુવિધિ જિણેસર પાય નમીને શુભ કરણી એમ કીજે રે,**
**અતિ-ઘણો ઉલટ અંગ ધરીને, પ્રહ ઉઠી પૂજી જે રે. સુવિધિ. ૧**



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ :** પ્રભાતે ઊઠીને અંગમાં ઘણો ઉમળકો-ઉમંગ ધારણ કરીને જિનેશ્વર પ્રભુ સુવિધિનાથના ચરણે નમન કર્યા બાદ નીચે પ્રમાણે વિધિ કરવી.

**દ્રવ્યભાવ શુચિભાવ ધરીને, હરખે દહરે જઈએ રે,**
**દહ-તિગ પણ અહિગમ સાચવતાં એક-મના ધુરિ થઈએ રે. સુવિધિ. ૨**

**અર્થ :** દ્રવ્ય અને અંતરના પવિત્ર ભાવો ધારણ કરીને ઉત્સાહપૂર્વક પૂજાર્થે દહેરાસર જવું. 'દશ-ત્રિક' અને 'પાંચ અભિગમ' સાચવવા અને મન, વચન, કાયાની એકાગ્રતા કરવી.

**નોંધ :** 'દહ-તિગ' એટલે 'દશ-ત્રીક્'. 'ત્રિક્' એટલે ત્રણ બાબતોનો સમૂહ. દેવપૂજા વખતે આવી ત્રણ બાબતોના દશ સમૂહોનું પાલન કરવું જોઈએ. આ દશ સમૂહોમાં ત્રણ નિસિહી, ત્રણ પ્રણામ, ત્રણ પ્રદક્ષિણા વગેરે છે. પરંતુ તે બધામાં ત્રણ નિસિહી ઘણા અગત્યના છે. 'નિસિહી' એટલે નિષેધો. જીવની તથા સંસારની ભૌતિક વસ્તુઓ, આધિ-વ્યાધિ અને ઉપાધિ વિશેના તમામ વિચારોનો નિષેધ કરવો તે 'નિસિહી'. આ પ્રકારની નિસિહી ત્રણ વખત સાચવવી. એક દેરાસરમાં પ્રવેશ કરતી વખતે, બીજી તેના અગ્રદ્વારે અને ત્રીજી ચૈત્યવંદન વખતે. આ ત્રણ વખતે મનમાં ભક્તિભાવ સિવાય બીજો કોઈપણ ભાવ સંભવે નહીં. ત્યારબાદ બીજી વિધિઓ જેવી કે પ્રદક્ષિણા નમન વગેરે થાય.

સાથે પાંચ (પણ) અભિગમ પણ સાચવવા. આ અભિગમોમાં સચિત્ત વસ્તુઓનો ત્યાગ મનની એકાગ્રતા વગેરેનો સમાવેશ થાય છે. (ધુરિ = પહેલાં)

આ રીતે પૂજાની શરૂઆતમાં જ 'ભાવપૂજા'ને અગ્રતા આપવામાં આવી છે.

**કુસુમ અક્ષત વર વાસ સુગંધી ધૂપ દીપ મન-સાખી રે,**
**અંગ પૂજા પણ ભેદ સુણી ઈમ ગુરૂમુખ આગમ ભાખી રે. સુવિધિ. ૩**

**અર્થ :** પુષ્પ, ચોખા, સુગંધી, વાસક્ષેપ, ધૂપ, દીવો વગેરે પાંચ ભેદવાળી અંગપૂજા છે તેવું શાસ્ત્રવચન છે તેમ ગુરુદેવે કહેલ છે, પરંતુ તે બધા 'મન-સાખી' હોવા જોઈએ, એટલે કે મનની સાક્ષીએ હોવા જોઈએ.

**નોંધ :** મનના ભાવો ઉપર અહીં પણ ભાર મૂક્યો છે. પુષ્પ વગેરે તો દુન્યવી વસ્તુઓ છે તેથી મનના ભાવપૂર્વક તેની અર્ચના ન થાય તો પૂજાની કાંઈ કિંમત નથી.

---



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**એહનું ફળ દોય ભેદ સુણી જે અનંતરને પરંપર રે,**
**આણા પાલણ ચિત્ત પ્રસન્ની મુગતિ સુગતિ સુરમંદિર રે. સુવિધિ. ૪**

**અર્થ :** આ પ્રમાણેની દ્રવ્ય-ભાવયુક્ત પૂજાનાં બે પ્રકારનાં ફળ મળે છે. એક તાત્કાલિક (અનંતર) અને બીજું દૂરોગામી (પરંપર). તાત્કાલિક ફળ તે ચિત્તની પ્રસન્નતા - જે સદ્‌ગુરુની આજ્ઞાના પાલનથી થાય છે. જે દૂરોગામી ફળ છે તે દેવલોકની સુગતિનું અગર પૂર્ણ મુક્તિ-મોક્ષનું છે. (આણાપાલણ = આજ્ઞાપાલન)

**ફૂલ અક્ષત, વર-ધૂત પઈવો, ગંધ નૈવેદ ફલ, જલ-ભરી રે,**
**અંગ અંગ પૂજા મળી અડવિધ, ભાવે ભવિક શુભ ગતિ વરી રે. સુવિધિ. ૫**

**અર્થ :** પુષ્પ, અક્ષત, સારો ધૂપ, દીવો, ગંધ, નિવેદ, જલ-કલશ અને ફળ વગેરેની અષ્ટપ્રકારની (અડવિધ) અગ્રપૂજા અને અંગપૂજા જો ભાવપૂર્વક કરીએ તો શુભગતિને પામીએ.

**સત્તરભેદ એકવીસ પ્રકારે, અઠોત્તેર સત ભેદે રે,**
**ભાવપૂજા બહુવિધ નિરધારી, દોહગ્ગ દુરગતિ છેદે રે. સુવિધિ. ૬**

**અર્થ :** દ્રવ્યપૂજાના કોઈ સત્તર ભેદો કહે છે અને કોઈ એકવીશ તેમજ કોઈ એક સો આઠ પ્રકારો કહે છે. ભાવપૂજાના પણ ઘણા પ્રકારો છે તે તમામ દુર્ભાગ્યશાળી દુર્ગતિનો નાશ કરે છે.

**તુરિય ભેદ પંડિવત્તી પૂજા ઉપશમ ખીણ સયોગી રે,**
**ચઉહા પૂજા ઈમ ઉત્તર ઝયણે, ભાખી કેવળ ભોગી રે. સુવિધિ. ૭**

**અર્થ :** તુરિય એટલે ચોથો. પૂજાનો ચોથો પ્રકાર પડિવત્તી એટલે પ્રતિપત્તિ પૂજાનો છે. પ્રતિપત્તિ એટલે પ્રાપ્તિ. (આ ચોથી પૂજા એવી હોય કે જેથી પ્રાપ્તિ થાય.) ઉપશમ એટલે ઉપશાંત મોહ (જે ૧૧મા ગુણસ્થાનકે પ્રાપ્ત થાય છે) - મોહ કષાયનો ઉપશમ. ત્યાંથી આગળ વધી મોહનો તદ્દન ક્ષય (ખીણ) થાય (જે બારમે ગુણસ્થાનકે થાય) અને ત્યાંથી આગળ વધી તેરમા ગુણસ્થાનકે સંયોગી કેવળીની સ્થિતિએ પહોંચે. આ રીતે ઉત્તરોત્તર પ્રગતિ કરાવે તેવી ચોથા પ્રકારની પૂજાનું વર્ણન કેવળજ્ઞાની (કેવળ ભોગી) પુરુષોએ ઉત્તરાધ્યયન સૂત્રમાં (ઉત્તર ઝયણે) કરેલ છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**નોંધ :** પૂજાનો ખરો પ્રકાર અને રહસ્ય આ ગાથામાં અવધૂશ્રીએ સમજાવેલ છે અને તેમાં ગુણસ્થાનકોનો ટૂંકો નિર્દેશ કરે છે, તેથી ગુણસ્થાનકોનું જૈન તત્ત્વજ્ઞાનમાં શું સ્થાન છે તે જોઈએ.

ઉત્તરાધ્યયન સૂત્રમાં ચાર પ્રકારની પૂજાનો ઉલ્લેખ છે. તે ચાર પ્રકાર : (૧) અંગપૂજા, (૨) અગ્રપૂજા, (૩) ભાવપૂજા, (૪) પ્રતિપત્તિ પૂજા. ભગવાનની મૂર્તિના શરીરને અડીને જે પૂજા થાય તેને અંગપૂજા કહે છે. પરંતુ તેના સન્મુખ જે પૂજા થાય તે અગ્રપૂજા કહે છે. તે બન્ને દ્રવ્ય-પૂજા છે જે માત્ર બાહ્યાચાર છે. આ કાવ્યમાં દર્શાવ્યું છે તેમ આ દ્રવ્ય-પૂજાની પાછળ અંતરના ભાવ ન હોય તો તેવી પૂજા તદ્દન અર્થહીન છે. તેથી ત્રીજા પ્રકારની પૂજા ભાવપૂજા કહી.

આ ત્રણે પ્રકારની પૂજા શુદ્ધ ચિત્તે અને યોગ્ય રીતે ભાવસભર હૃદયથી કરવામાં આવે તો પરિણામે જ્ઞાન, દર્શન અને ચારિત્રની ખિલવણી થાય છે અને સ્વ-સ્વરૂપની પ્રાપ્તિ પ્રતિપત્તિ (ચોથા પ્રકારની પૂજા) થાય છે.

સ્વ-સ્વરૂપની પ્રાપ્તિ ક્યારે થાય ? આત્મા તેની પ્રગતિની ચરમસીમાએ પહોંચે ત્યારે. આત્માની આવી પ્રગતિના સીમાસ્થંભોને ગુણસ્થાન કહેવાય છે. આવા ગુણસ્થાનકો ચૌદ છે. પ્રગતિશીલ આત્મા જેમ જેમ ઊંચા ગુણસ્થાનકે પહોંચતો જાય તેમ તેમ તેનામાં કયા ગુણોની ખિલવણી થતી જાય તેની વિશદ્ ચર્ચા આ ગુણસ્થાનકોના વર્ણનમાં છે. તેમાંના ગુણસ્થાનકો અગિયારથી ચૌદનો આ ગાથામાં ઉલ્લેખ છે.

જીવના ઊર્ધ્વીકરણની પ્રક્રિયાનું વર્ણન જૈન દાર્શનિકોએ ચૌદ ગુણસ્થાનકોમાં આપેલ છે. જીવ તેના ચેતનતત્ત્વની પ્રગતિ અનુભવતો જ્યારે અગિયારમા ગુણસ્થાનકે પહોંચે છે ત્યારે તેના કષાયો માંહેનો 'મોહ' કષાય અત્યંત ધીમો પડે છે. તેથી આ ગુણસ્થાનકે 'ઉપશાંત' મોહનું નામ આપેલ છે. મોહ ધીમો પડે છે પરંતુ તેનો સમૂળો નાશ-ક્ષય-થતો નથી. પરંતુ વિશેષ પ્રગતિને અંતે જ્યારે તેનો ક્ષય થાય છે ત્યારે જીવ બારમા ગુણસ્થાનકે પહોંચ્યો છે તેમ કહેવાય. આથી બારમા ગુણસ્થાનકને 'ક્ષીણમોહ' કહે છે. આ રીતે 'મોહ' ઉપર વિજય મેળવ્યા બાદ જીવ તેરમા ગુણસ્થાનકે પહોંચે છે ત્યારે અર્હત્ સ્થિતિને પ્રાપ્ત કરે છે. પરંતુ તે હજુ શરીરધારી હોવાથી તેને શરીર અંગેના યોગો રહે છે તેથી તે સંયોગી કેવળી કહેવાય છે. તે શરીર છૂટે ત્યારે ચૌદમા ગુણસ્થાનકે પહોંચી અયોગી કેવળી બની સિદ્ધસ્થિતિને પ્રાપ્ત કરે છે.

આ રીતે સહૃદયની પવિત્ર પૂજા સાધકને સર્વોત્કૃષ્ટ સ્થિતિએ કેવી રીતે પહોંચાડે



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

છે તે આ સ્તવનમાં સમજાવ્યું.

**ઈમ પૂજા બહુ ભેદ સુણીને, સુખદાયક શુભ કરણી રે,**
**ભાવિક જીવ કરશે તે લેશે, આનંદઘન પદ ધરણી રે. સુવિધિ. ૮**

**અર્થ :** આ પ્રકારે દેવપૂજાના જુદા જુદા પ્રકારોના ભેદ સમજીશું તો સુખ આપનાર શુભ કરણીને પામીશું અને તે પ્રમાણે કરનાર ભાવિક જીવ આનંદઘન પદને પામશે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# સ્તવન : ૧૦ : શ્રી શીતળનાથ જિન સ્તવન

(રાગ : ધનાશ્રી, ગૌડ)

**નોંધ :** સમસ્ત વિશ્વના આધિભૌતિક ચિંતનને તદ્દન નિરાળી દિશા આપતું મૌલિક તત્ત્વ જો કોઈ પ્રદાન થયું હોય તો તે જૈનદર્શનના સ્યાદ્‌વાદે કર્યું છે.

આ સ્તવનમાં અવધૂશ્રીએ આ સ્યાદ્‌વાદના સિદ્ધાંતોનું પ્રતિપાદન કરેલ છે. તે કેવી રીતે કરેલ છે તે જોતાં પહેલાં સ્યાદ્‌વાદની સમજ ટૂંકમાં લેવાની જરૂર છે. કોઈપણ વસ્તુ કે સિદ્ધાંતના ખરા સ્વરૂપને જાણવા માટે તે વસ્તુ કે સિદ્ધાંતના બહુવિધ પાસાંઓને તપાસવાં જોઈએ. એક દૃષ્ટિએ તે વસ્તુ કે સિદ્ધાંત સાચો લાગે પરંતુ બીજી દૃષ્ટિએ ખોટો પણ લાગે અને એવું પણ બને કે તે વસ્તુ કે સિદ્ધાંતના ખરા-ખોટા બાબત કોઈપણ નિર્ણય લેવાનું અશક્ય હોય. આનું કારણ એ છે કે સિદ્ધાંતનું સાતત્ય અનેક અપેક્ષાઓથી અને પરિણામોથી જોઈ શકાય છે. જોનારની દૃષ્ટિ પણ મર્યાદિત હોય છે, તે પણ અમુક પૂર્વ અનુભવોથી પૂર્વગ્રહિત હોય છે. તેથી વસ્તુ વગેરેની દરેક અપેક્ષા કે પરિણામોનું તેને જ્ઞાન હોતું નથી. અને આથી ઓછે કે વધતે દરજ્જે તે વસ્તુ, વિચાર કે સિદ્ધાંત બાબતનો નિર્ણય એકાંતિક બને છે. તેવો એકાંતિક નિર્ણય અમુક અપેક્ષાએ સાચો હોય તો પણ તે પૂર્ણ સત્ય નથી હોતો. આ પૂર્ણતાને પામવા અનેકાંત દૃષ્ટિ જોઈએ. જેને કૈવલ્ય પ્રાપ્ત થયું છે તેની દૃષ્ટિ અતિ વિસ્તૃત હોય અને તેથી તે અનેકાંતને પામી શકે છે. પરંતુ સામાન્ય માનવી માટે તે મુશ્કેલ છે. તેથી કોઈપણ વસ્તુ, વિચાર કે સિદ્ધાંતને સમજવા જૈન દાર્શનિકોએ ત્રિભંગીની એક તાર્કિક રચના કરી. તે રચના મુજબ દરેક વસ્તુ, વિચાર કે સિદ્ધાંતનું સાતત્ય નક્કી કરવા તેને મુખ્યપણે ત્રણ રીતે મુલવવી. જેમ કે, (૧) અમુક અપેક્ષાએ સત્ય હોઈ શકે છે. તેને 'સ્યાત્ અસ્તિ' કહે છે; (૨) અમુક અપેક્ષાએ તે અસત્ય પણ હોઈ શકે છે, તેને 'સ્યાત્ નાસ્તિ' કહે છે. (૩) અમુક અપેક્ષાએ તેનો કોઈપણ નિર્ણય થઈ શકતો નથી, તેને 'સ્યાત્ અવક્તવ્યમ્' કહે છે.

આ રીતે મુખ્યત્વે ત્રણ ભાંગાઓ (દૃષ્ટિબિંદુ) કહ્યાં. પરંતુ વધુ તાર્કિક પદ્ધતિ અપનાવવા તેમાં બીજા ચાર દૃષ્ટિબિંદુઓ ઉમેરવામાં આવ્યાં જેની ચર્ચા અત્રે અપ્રસ્તુત છે કેમ કે સ્યાદ્‌વાદના આ ત્રણ મૂળભૂત તત્ત્વોનો પરિચય જ અહીં જરૂરનો છે.

સ્યાદ્‌વાદની આ ત્રિભંગીની સમજનું મહત્ત્વ એ છે કે સંસારમાં અને જીવનમાં દેખાતી વિષમતા અને વિરોધાભાસોથી અકળાઈ જવાને બદલે જુદી જુદી અપેક્ષાએ જોયા બાદ સાચ-જૂઠ કે સુખ-દુઃખનો નિર્ણય લઈએ તો આપણી સહિષ્ણુતા તો વધે જ પરંતુ સાથોસાથ જીવનમાં સંવાદિતા, સમજ અને સુખનો વધારો થાય.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્યાદ્વાદના આ સિદ્ધાંતને સાપેક્ષવાદ પણ કહે છે, જેને અંગ્રેજીમાં Theory of Relativity કહે છે. મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને તેની પ્રયોગશાળામાં ભૌતિકશાસ્ત્રથી જે સિદ્ધ કર્યું તે આ જ સિદ્ધાંત છે.

**શીતલ-જિન-પતિ લલિત ત્રિભંગી, વિવિધ ભંગી મન મોહે રે,**
**કરૂણા કોમલતા તીક્ષણતા, ઉદાસીનતા સોહે રે. શીતલ. ૧**

**અર્થ :** જિનપતિ જિનેશ્વર દેવ શીતલનાથ ભગવાનની સુંદર ત્રિભંગીઓ તેમજ બીજી અનેક પ્રકારની ભંગીઓ મનમોહક છે. તે ભગવાનના ત્રણ ગુણો - કરુણામય કોમળતા, કઠોરતા અને ઉદાસીનતા તેમને શોભે છે.

**નોંધ :** આ ત્રણ ગુણો બાહ્ય દૃષ્ટિએ પરસ્પર વિરોધી છે કેમ કે જે કોમળ છે તે કઠોર કેમ હોઈ શકે ? અને જે કોમળ અગર કઠોર હોય તો તે ઉદાસીન કેમ હોઈ શકે ? ઉદાસીનતા તો તટસ્થતાનું સૂચક છે.

સ્યાદ્વાદના સિદ્ધાંતથી આ દેખાતા વિરોધાભાસને અવધૂશ્રી હવે સમજાવે છે :

**સર્વ જંતુ હિત-કરણી કરુણા, કર્મ-વિદારણ તીક્ષણ રે,**
**હાના-દાન રહિત પરિણામી, ઉદાસીનતા વીક્ષણ રે. શીતલ. ૨**

**અર્થ :** ભગવાનના ઉપર જણાવેલ ત્રણ ગુણોને એ રીતે જોઈ શકાય કે ભગવાનની કરુણા સંસારના સમસ્ત જીવોને લાભ પહોંચાડનારી છે. ભગવાનનો બીજો ગુણ તીક્ષ્ણતાનો છે. તે કષાયજન્ય તમામ કર્મોનો નાશ કરવા તેઓની જે કઠોરતા છે તેની અપેક્ષાએ છે અને તજવા-લેવા (હાનાદાન)ની પ્રવૃત્તિથી ઉત્પન્ન થતા કષાયોથી દૂર રહી તટસ્થતા તેઓશ્રી કેળવે છે. તેની અપેક્ષાએ તેમનો ઉદાસીનતાનો ગુણ છે.

**નોંધ :** આ રીતે સાપેક્ષ દૃષ્ટિએ જોઈએ તો કરુણા, તીક્ષ્ણતા અને ઉદાસીનતાનો પ્રથમ દૃષ્ટિએ નજરે પડતો વિરોધાભાસ અદૃશ્ય થાય છે. મહાત્માઓ માટે સંસ્કૃતમાં એક વિદ્વાને કહ્યું છે કે તેઓનાં મન પારખવાં મુશ્કેલ છે. કેમ કે તેમના મન ઈન્દ્રના વજ્રથી પણ કઠોર અને ફૂલથી પણ કોમળ હોય છે. (वज्रादपिकठोराणि मृदुनि कुसुमादपि) અહીં તે જ ભાવ દર્શાવેલ છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**પરદુઃખછેદન ઈચ્છા કરૂણા, તીક્ષણ પર દુઃખ રીઝે રે,**
**ઉદાસીનતા ઉભય વિલક્ષણ, એક ઠામ કેમ સીઝે રે. શીતલ. ૩**

**અર્થ :** (અહીં અવધૂશ્રી પોતે જ પ્રશ્ન કરે છે) બીજાના દુઃખોનો નાશ કરવાની ઈચ્છા તે 'કરુણા' કહેવાય. બીજાને પડતા દુઃખથી રાજી થવાય તેને કઠોરતા કહેવાય. બીજાના સુખ-દુઃખ પ્રત્યે બેદરકારી હોય તેને 'ઉદાસીનતા' કહેવાય, જે ઉપરના બંને ભાવોથી પૃથક્ છે. (વિલક્ષણ = પૃથક્ પ્રકારની, સીઝે = રહી શકે) તો આવા ત્રણ વિરોધાભાસી ગુણો એક જ જગ્યાએ કેમ રહી શકે?

**અભયદાન તિમ લક્ષણ કરૂણા, તીક્ષણતા ગુણ ભાવે રે,**
**પ્રેરક વિણકૃતિ ઉદાસીનતા, ઈમ વિરોધ મતિ નાવે રે. શીતલ. ૪**

**અર્થ :** (અવધૂશ્રી પોતાના જ પ્રશ્નનો જવાબ સાપેક્ષ દષ્ટિએ આપે છે.) ભગવાનમાં કરુણાનો ગુણ કહ્યો તે દરેક પ્રાણીને તેઓ અભયદાન આપે છે તેની અપેક્ષાએ કહ્યો. તીવ્રતાનો જે ગુણ કહ્યો તે જ્ઞાનાદિક ભાવ-ગુણોની અપેક્ષાએ અને ઉદાસીનતાનો ગુણ કહ્યો તે પ્રેરણારહિતનાં કર્મો જે સહજ ભાવે - રાગ, દ્વેષ વિના થાય છે તેની અપેક્ષાએ કહ્યો. ભગવાનના ગુણોને આ રીતે સમજીએ તો કોઈ વિરોધાભાસ રહેતો નથી. (પ્રેરક વિણકૃતિ = પ્રેરણા વગરની સહજ પ્રવૃત્તિ)

**નોંધ :** રાગ-દ્વેષ પ્રેરણાજનક છે. તેનો અભાવ એટલે ઉદાસીનતા-સ્થિતપ્રજ્ઞા. જે જ્ઞાતા દ્રષ્ટા જ ફક્ત છે તેને કોઈપણ જાતની કર્મ પ્રેરણા સંભવે નહીં.

**શક્તિ વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિર્ગ્રંથતા સંયોગે રે,**
**યોગી ભોગી વક્તા, મૌની, અનુપયોગી ઉપયોગે રે. શીતલ. ૫**

**અર્થ :** (અહીં ભગવાનના બીજા પાંચ અરસપરસ વિરોધી હોય તેવા ગુણો દર્શાવ્યા છે.) ભગવાનમાં શક્તિનો ગુણ, તે વ્યક્ત કરવાનો ગુણ, ત્રણ ભુવન ઉપર પ્રભુતાનો ગુણ અને કોઈપણ પ્રકારની માનસિક ગ્રંથિ ન હોવાનો ગુણ - આ બધા ગુણો સાથે કેવી રીતે રહી શકે? તે જ રીતે યોગી ભોગી ન હોઈ શકે, વક્તા મૌની ન હોઈ શકે અને ઉપયોગ વગરના ઉપયોગવાળા કેમ હોય? (છતાં આ બધા ગુણો ભગવાનમાં એક સાથે રહ્યા છે.)

**નોંધ :** ઉપરના વિરોધાભાસનું નિરાકરણ અવધૂશ્રી ત્રિભંગીના સિદ્ધાંત ઉપર કરે છે. પ્રથમ જોઈએ કે આ ગુણો પરસ્પર વિરોધી કેવી રીતે છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) ભગવાનની અવ્યાબાધ આત્મશક્તિ તેમની સિદ્ધ સ્થિતિમાં જ પ્રાપ્ત થયેલ છે. સિદ્ધની સ્થિતિ નિરાકાર છે કેમ કે સિદ્ધાત્મા શરીરી નથી. આથી સિદ્ધાત્માના આ ગુણને ફક્ત 'શક્તિ' સ્વરૂપે ઓળખ્યો જેની આકૃતિમય અભિવ્યક્તિ નથી; પરંતુ ભગવાનનો બીજો ગુણ વ્યક્તિનો છે જે ઉપર જણાવેલ નિરાકાર શક્તિનો વિરોધી છે.

આ રીતે બીજા દ્વંદ્વો જેવા કે ત્રિભુવન પ્રભુતા અને નિર્ગ્રંથતા; યોગી અને ભોગી, વક્તા અને મૌની, ઉપયોગમાં રહેવાનું વર્તન અને અનુપયોગની સ્થિતિ. આ પાંચેય વિરોધાભાસી દ્વંદ્વોને ત્રિભંગીના સિદ્ધાંતથી નીચે મુજબ સમજાવી શકાય :

ભગવાન જ્યારે અર્હત સ્થિતિને પામે ત્યારે ફક્ત શરીરનો જ યોગ હોય છે, પણ તેની અવ્યક્ત શક્તિ સિદ્ધ ભગવંત જેવી જ હોય છે. આથી અવ્યક્ત સિદ્ધ શક્તિ અને વ્યક્ત શરીરનો દ્વંદ્વ વિરોધાભાસી થયો. પરંતુ તે બંને ગુણો પ્રત્યે અરિહંતને તો ઉદાસીનતા જ હોય છે અને તેથી આ ગુણોના અનુપયોગથી ભગવાનની યથાર્થ સ્થિતિનું વર્ણન કરવાનું શક્ય નથી. તેથી તે 'અવ્યક્તવ્ય' છે. આ રીતે ભગવાનના ગુણો શક્તિસ્વરૂપ છે (સ્યાત અસ્તિ), વ્યક્તિ સ્વરૂપ છે (સ્યાત્ નાસ્તિ) અગર તેમના ખરા સ્વરૂપનું વર્ણન અશક્ય છે. (સ્યાત્ અવ્યક્તવ્યમ્)

આ જ રીતે ભગવાનમાં ત્રિભુવન-પ્રભુતાનો ગુણ હોવા છતાં પોતે નિર્ગ્રંથ છે અને દુનિયા સાથે તેમને કાંઈપણ લેવા દેવા નથી અને વિતરાગ સ્થિતિમાં છે. તેમની પ્રભુતાનો ઉપયોગ (રાગ-દ્વેષ અર્થે) નથી તેથી આ ગુણો અવ્યક્તવ્ય બને છે.

પ્રભુ નિરપેક્ષ કરુણાના ભાવથી દેશના આપે છે ત્યારે સુંદર વક્તાના ગુણો ધરાવે છે પરંતુ બીનજરૂરી એક પણ શબ્દ બોલતા નથી ત્યારે મૌન રાખતા જણાય છે. આથી તેમને વક્તા કહેવા કે મૌની તે પ્રશ્ન અવ્યક્તતા અર્પે છે.

પ્રભુને કૈવલ્ય પ્રાપ્ત થયું છે તેથી ઉપયોગે તેઓ સંસારની તમામ હકીકતો જાણી શકે છે પરંતુ રાગ અને દ્વેષ જેને રહ્યા નથી તેવા સ્થિતપ્રજ્ઞ પ્રભુને સાંસારિક પ્રવાહોના કોઈપણ ઉપયોગ જ નથી. આથી આ ગુણોને દર્શાવવાનું તેટલું જ મુશ્કેલ છે તેથી તે પણ અવ્યક્તવ્ય છે.

**ઈત્યાદિક બહુ-ભંગ ત્રિભંગી, ચમત્કાર ચિત્ત દેતી રે,**
**અચરિજકારી ચિત્ર વિચિત્રા, આનંદઘન પદ લેતી રે. શીતલ. ૬**

અર્થ : આ પ્રમાણેની બહુ ભંગીઓવાળી ભગવાનના ગુણોની ત્રિભંગીઓ ચમત્કારયુક્ત છે અને અનેક પ્રકારની અચરજ કરનાર તથા વિચિત્રતાઓથી ભરપૂર છે. પરંતુ તે સમજાય તો આનંદઘનના પદને પ્રાપ્ત કરાવનારી છે.

---



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# સ્તવન : ૧૧ : શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન

(રાગ : ગૌડ)

**નોંધ :** ભક્તકવિ શ્રી નરસિંહે ગાયું : "જ્યાં લગી આત્મા તત્ત્વ ચીન્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી." આત્મસાક્ષાત્કાર થયેલ દરેક મહાત્માને આવો જ અનુભવ રહ્યો છે. શ્રેયાંસનાથના આ સ્તવનમાં એ જ વિચાર અવધૂશ્રીએ મૂક્યો છે. સુવિધિનાથના સ્તવનમાં ભાવપૂજાની શ્રેષ્ઠતા બતાવ્યા બાદ ખરો અધ્યાત્મવાદ કોને કહેવાય તે દર્શાવતા 'નામ અધ્યાત્મ', 'સ્થાપન અધ્યાત્મ' વગેરેને 'દ્રવ્ય અધ્યાત્મ' ગણીને ગૌણ સ્થાન તેમણે આપ્યું છે અને આત્માના ગુણોને ધરાવનાર 'ભાવ અધ્યાત્મ'ને મુખ્ય સ્થાન આપ્યું છે.

**શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, આતમરામી રામી રે,**
**અધ્યાતમ મત પૂરણ પામી, સહજ મુગતિ-ગતિ ગામી રે. શ્રેયાંસ. ૧**

**અર્થ :** અહીં શ્રેયાંસનાથને 'આતમરામી' તરીકે સંબોધીને કહે છે કે હે જિનેશ્વર આપ અંતરયામી દેવ છો અને પ્રસિદ્ધ આત્મરમણ કરનારા છો. અધ્યાત્મ જ્ઞાનને સંપૂર્ણ રીતે પામીને આપ સહજ રીતે મોક્ષને પામ્યા છો.

**નોંધ :** સહજ મુગતિ ગતિગામી એટલે. કે જે મોક્ષને 'સહજ' રીતે પામ્યા. આ વાક્ય ઘણું જ સૂચક છે કેમ કે તે દર્શાવે છે કે જે જીવ સંપૂર્ણ શુદ્ધ આત્માર્થી છે તેની મુક્તિ સહજ છે કેમ કે તેને કોઈ બાહ્ય સાધનોની જરૂર નથી.

**સયલ સંસારી ઇન્દ્રિય રામી, મુનિગણ આતમરામી રે,**
**મુખ્યપણે જે આતમરામી, તે કેવળ નિષ્કામી રે. શ્રેયાંસ. ૨**

**અર્થ :** સમસ્ત સંસારના જીવો ઇન્દ્રિયોના વિષયમાં જ રચ્યાપચ્યા રહે છે, પરંતુ ખરા મુનિજનો તો આત્મામાં જ રમે છે. મુખ્યપણે જે આત્મામાં જ રમણ કરતાં હોય છે તે જ ફક્ત નિષ્કામ યોગી હોય છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તે અધ્યાતમ લહિયે રે,**
**જે કિરિયા કરી ચઉ-ગતિ સાધે, તે ન અધ્યાતમ કહીએ રે. શ્રેયાંસ. ૩**

**અર્થ :** જે ક્રિયા મારફત આત્મસ્વરૂપને પામી શકાય તે જ ક્રિયાને અધ્યાત્મક કહેવાય. પરંતુ જે ક્રિયા કરવાથી ચાર ગતિ - દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી - સધાય તે ક્રિયા અધ્યાત્મ નથી.

**નોંધ :** મોક્ષની ગતિ જ તમામ સાધનાનું લક્ષ્ય છે અને તે આત્મસ્વરૂપને પામ્યા સિવાય મળતી નથી તેમ કહેવું છે.

**નામ અધ્યાત્મ ઠવણ અધ્યાત્મ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે,**
**ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહ શું રઢ મંડો રે. શ્રેયાંસ. ૪**

**અર્થ :** નામ (જાપ), સ્થાપના (મૂર્તિની સ્થાપના) વગેરે બધાં દ્રવ્ય અધ્યાત્મ જ છે, તેને છોડો. ફક્ત "ભાવ-અધ્યાત્મ" જ આત્મગુણને સાધે છે માટે તેને જ દઢતાથી સાધો. (રઢ મંડો = દઢતાથી સાધો)

**નોંધ :** નામ-રટણ, મૂર્તિ વગેરે તો માત્ર સાધન છે. તેમની મારફત સાધ્યની પ્રાપ્તિ થયા બાદ તેને પણ છોડી દેવાનાં હોય છે. આથી તેને જ સર્વસ્વ માનનારા બાળજીવો ખરા અધ્યાત્મને પામી શકતા નથી.

શ્રી નરસિંહ મહેતાએ ઉપરોક્ત 'આત્મતત્ત્વ' અંગેના તેમના કાવ્યમાં આ બાબતમાં ઘણા વેધક પ્રશ્નો પૂછ્યા છે. તેઓ પૂછે છે :

**"શું થયું સ્નાન, પૂજા ને સેવા થકી ? શું થયું તપ ને તીરથ કીધાં થકી ?**
**શું થયું માળ ગ્રહી નામ લીધે ? શું થયું ખટ દરશન સેવ્યા થકી ?"**

અને પછી, આત્મદર્શન સિવાયના આ સાધનો માટે ચાબખા લગાવતાં કહે છે :

**"એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા, આતમરામ પરિબ્રહ્મ ન જોયો,**
**ભણે નરસૈંયો કે તત્ત્વ દરશન વિના, રત્ન-ચિંતામણી જન્મ ખોયો."**

અવધૂશ્રી પણ આ જ સૂર કાઢી કહે છે કે આ બધાં બાહ્ય સાધનો તો 'દ્રવ્ય અધ્યાત્મ' છે જે છેવટે તો છોડવાના પાત્ર છે.

હવે આગળની ગાથામાં શાસ્ત્ર-વચનો માટે કહે છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**શબ્દ અધ્યાતમ અર્થ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે,**
**શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાન-ગ્રહણ મતિ ધરજો રે. શ્રેયાંસ. ૫**

અર્થ : શાસ્ત્રવચનોનો અર્થ સુણીને કોઈપણ પ્રકારના વિકલ્પ - પૂર્વગ્રહ વિના શાસ્ત્રવચનોના તમામ વિકલ્પો (ભજનો) જાણી કયું છોડવું અને કયું લેવું (હાન-ગ્રહણ) તેનો વિવેક રાખજો.

**નોંધ :** જાપ, મૂર્તિ-પૂજા વગેરે દ્રવ્ય-અધ્યાત્મને છોડવાની વાત આગળની ગાથામાં કરી, પરંતુ 'શબ્દ-અધ્યાત્મ' એટલે શાસ્ત્ર વચનનું શું ? અમુક શબ્દો શાસનના છે તેથી વિચાર કર્યા વિના તેના શબ્દાર્થને સ્વીકારી લેવો તે યોગ્ય નથી કારણ કે શાસ્ત્રવચનોના પણ અનેક અર્થ થાય છે. તેથી તે વચનોનો એકાંત અર્થ ગ્રહણ કરવો યોગ્ય નથી. આ અગાઉની ગાથામાં સ્યાદ્વાદ એટલે અનેકાંતવાદનો સિદ્ધાંત સમજાવ્યા બાદ અવધૂશ્રી શાસ્ત્રવચનોનો અર્થ સમજવા માટે પણ તે અનેકાંતવાદના સિદ્ધાંતોની શીખ આપે છે.

**અધ્યાતમી જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે,**
**વસ્તુ-ગતેં જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતવાસી રે. શ્રેયાંસ. ૬**

**અર્થ :** ઉપર જણાવ્યા મુજબ જે વ્યક્તિ અનેક અપેક્ષાએ વિચાર કરીને વસ્તુને ગ્રહણ કરે છે તે ખરો અધ્યાત્મી છે. બીજા તો ફક્ત વેશધારી (લબાસી) છે તેમ સમજો કેમ કે જે વ્યક્તિ વસ્તુને યથાર્થ સ્વરૂપે જોઈ શકે છે તે જ આનંદઘનને પ્રાપ્ત કરે છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# સ્તવન : ૧૨ : શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

(રાગ : ગૌડી તથા પરજ)

**નોંધ :** જૈન દષ્ટિએ દરેક વસ્તુની ઓળખ અનેકાંત સિદ્ધાંતથી જ કરવી જોઈએ. કોઈપણ વસ્તુની શક્ય તેટલી સારી ઓળખ કરવી હોય તો જેટલાં દષ્ટિબિંદુથી તેને જોઈ શકાય તેટલાંથી જોવું જોઈએ.

અગિરયારમા સ્તવનમાં ભારપૂર્વક જણાવ્યું કે જ્યાં લગી આત્મતત્ત્વને ઓળખ્યો નથી ત્યાં સુધી અધ્યાત્મને પામી શકાશે નહીં. તો પ્રશ્ન સહેજે ઊભો થાય છે તે એ છે કે આ આત્મતત્ત્વને કેવી રીતે ઓળખવું ? ઉપર કહ્યું તેમ દરેક વસ્તુની પેઠે આત્મતત્ત્તવને પણ અનેક દષ્ટિબિંદુથી જોઈએ - અનેકાંત દષ્ટિએ જોઈએ - તો જ તેના ખરા સ્વરૂપની જાણ થાય.

આ સ્તવન આત્માની ઓળખાણ માટે હોઈને વિવિધ દષ્ટિબિંદુથી આત્માની ઓળખ આમાં આપી છે.

સ્યાદ્વાદનો પાયો નયવાદ છે. 'નય' એટલે દષ્ટિબિંદુ. દરેક વસ્તુને જુદા જુદા દષ્ટિબિંદુથી જોઈ શકાય તેથી નયના મુખ્ય સાત પ્રકારો કહ્યા છે તે (૧) નૈગમનય, (૨) સંગ્રહનય, (૩) વ્યવહાર, (૪) ઋજુસૂત્ર, (૫) શબ્દ, (૬) સમભિરૂધ અને (૭) એવમ્ ભૂત. આ નામોના અર્થની ચર્ચા અત્રે અપ્રસ્તુત છે. પરંતુ કોઈપણ વસ્તુની ઓળખ માટે બીજી એક વાત ખ્યાલમાં રાખવાની જરૂર છે તે એ કે વિશ્વની દરેક વસ્તુ રૂપાંતરને પાત્ર છે. આ રૂપાંત્તરોમાં જે કાયમી તત્ત્વ છે તેને વિવિધ રૂપોથી અલગ તારવીને ઓળખીએ તો કાયમી તત્વ અને તેણે ધારણ કરેલ રૂપ તેમ બે વિભાગો થઈ શકે. દા.ત., સોનું અને તેમાંથી બનેલ ઘરેણાં. તેમાં સોનું કાયમી તત્ત્વ છે અને તેમાંય બનેલ ઘરેણાં રૂપાંતર છે. આ કાયમી તત્ત્વને 'દ્રવ્ય' કહે છે અને રૂપાંતરને 'પર્યાય' કહે છે. આથી કોઈ એક વસ્તુને દ્રવ્યની દષ્ટિએ જોઈએ તો તેને 'દ્રવ્યાર્થિક' નય કહેવાય, જે 'નિશ્ચય નય' તરીકે પણ ઓળખાય છે અને જો 'રૂપાંતર'ની દષ્ટિએ જોઈએ તો તેને 'પર્યાયાર્થિક નય' કહેવાય, જે વ્યવહાર નય તરીકે પણ ઓળખાય છે. આત્મા આ રીતે જન્મોજન્મનાં અનેક રૂપાંતર પામે છે. પરંતુ તેનું મૂળ સ્વરૂપ તેનું તેજ રહે છે. તેથી આત્માને તેના 'પર્યાયાર્થિક નય'થી જોઈએ તો તે ક્ષણિક માલૂમ પડશે પરંતુ જો તેને 'દ્રવ્યાર્થિક' નયથી જોઈએ તો તે 'ધ્રૌવ્ય' એટલે શાશ્વત માલૂમ પડશે.

આ સ્તવનમાં વાસુપૂજ્ય જિનેશ્વરને શુદ્ધ આત્માનું સ્થાન આપી તેમની ઓળખ જુદા જુદા નામથી કરી છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**વાસુપૂજ્ય જિન, ત્રિભુવન સ્વામી, ઘનનામી પરનામી રે,**
**નિરાકાર, સાકાર, સચેતન, કરમ કરમ-ફલ કામી રે. વાસુ. ૧**

**અર્થ :** જિનેશ્વર દેવ વાસુપૂજ્ય સ્વામી છે. તેઓ અત્યંત પરિણામને (સિદ્ધ સ્થિતિને) પ્રાપ્ત કરનાર છે. તેઓ સિદ્ધ હોવાથી નિરાકાર છે પરંતુ મનુષ્ય દેહે ચેતનવંતા સાકાર છે અને તેથી કર્મના કર્તા અને ભોક્તા પણ છે. (ઘનનામી = સિદ્ધાત્મા સ્વરૂપ, પરનામી = પરિણામી અથવા પર (પુદગલ) સ્વરૂપ).

**નોંધ :** અહીં જિનેશ્વર દેવ (શુદ્ધ આત્મા)ને જુદા જુદા નયથી જોવાનો પ્રયાસ છે. આત્માને મનુષ્ય દેહ ધારણ કરેલ જોઈએ ત્યારે તેનો એક પર્યાય માત્ર જ જોઈએ છીએ, જે આત્માનું ખરું સ્વરૂપ નથી. આ 'પર્યાયાર્થિક' નય વાળો આત્મા દેહધારી હોવાથી કર્મ કર્યા વિના રહી શકતો નથી કેમ કે આત્મા ચેતનવંતો છે. જે કર્મ કરે તેને પોતે કરેલ કર્મોનું ફળ પણ ભોગવવું પડે એટલે પર્યાય દષ્ટિએ કર્મનો કર્તા તેમજ ભોક્તા છે.

**નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ-ગ્રાહક સાકારો રે,**
**દર્શન જ્ઞાન દુ-ભેદ-ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારો રે. વાસુ. ૨**

નોંધ : આત્માને જુદાં જુદાં નામોથી (દષ્ટિથી) જોઈએ તો કેવો દેખાય છે તે અહીં કહ્યું છે.

અર્થ : (એક દષ્ટિ જોઈએ તો) આત્માનું સ્વરૂપ સંગ્રહનયની દષ્ટિએ નિરાકાર અને અભેદ છે. પરંતુ ભેદ દષ્ટિએ એટલે કે વિશિષ્ટ દષ્ટિ કે જેના વડે આત્મના સામાન્ય નિરાકાર સ્વરૂપથી ભિન્ન પ્રકારની વિશિષ્ટ પરિણામી દષ્ટિએ જોઈએ તો આત્માએ આકાર ધારણ કરેલ દેખાય છે. (આ વ્યવહારનયની દષ્ટિ છે.) આ રીતે ચેતના પ્રથમ સર્વ સામાન્ય તત્ત્વને જુએ છે ત્યારે આત્માના સામાન્ય સ્વરૂપનું દર્શન થાય છે અને બાદમાં તેના વિશિષ્ટ સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરે છે. આત્માના આ પ્રકારના વ્યાપારથી તેના ખરા સ્વરૂપને ગ્રહણ કરી શકાય છે. (દુ-ભેદ = બે ભેદવાળી, વસ્તુ ગ્રહણ વ્યાપારો = વસ્તુનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન)

નોંધ : 'સંગ્રહનય' એટલે વસ્તુને તેના સામાન્ય મૂળભૂત સ્વરૂપને જોવાની દષ્ટિ. આત્માનું મૂળભૂત સ્વરૂપ નિરાકાર છે અને ભેદ પાડી શકાય નહીં તેવું અભેદ છે. આ સ્વરૂપનું ભાન થાય ત્યારે ચેતના આત્માના સામાન્ય સ્વરૂપનું ફક્ત દર્શન જ કરે છે પરંતુ તેની વિશિષ્ટતાઓ જાણતો નથી. આવું 'દર્શન' કર્યા બાદ તેના વિશે અધિક જ્ઞાન



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

મેળવવાના પ્રયત્નમાં આત્માનાં વિશિષ્ટ સ્વરૂપો જાણવા મળે છે ત્યારે નિરાકાર આત્માને આકાર ધારણ કરેલ ભેદ-ગ્રાહક સ્થિતિમાં જુએ છે અને છેવટે અભેદમાંથી ભેદ-ગ્રાહકતા શા માટે આવી તેનો વિચાર કરે છે ત્યારે કર્મ અને કર્મ-ફલના સમસ્ત વ્યાપારનો ખ્યાલ આવે છે અને આત્માના યથાર્થ સ્વરૂપનું ભાન થાય છે.

**કર્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરિયે રે,**
**એક અનેક રૂપ નયવાદે, નિયતે નર અનુસરીએ રે. વાસુ. ૩**

**અર્થ :** આત્મા કર્તા છે અને કર્તા હોવાને કારણે પરિણામી છે, એટલે કે પરિણામને ભોગવનારો છે. આથી આ પરિણામમાં તન્મય થતો હોય (પરિણામો) તેમ જણાય છે.

આ રીતે જીવ જે કર્મો કરે છે તેના પરિણામે તે એક હોવા છતાં કોઈ વખત અનેકરૂપે ભાસે છે. પણ તે કઈ અપેક્ષાએ તમો તેને જુઓ છો (નયવાદ) તેના ઉપર આધાર રાખે છે.

(ખરેખર) નિશ્ચયે (નિયતે) તો આત્મના શુદ્ધ સ્વરૂપ (નર)ની ઓળખને જ અનુસરવું જોઈએ.

**નોંધ :** ઘણા જ ટૂંકા વાક્યો અને શબ્દોની ગૂંથણી કરી અવધૂશ્રીએ આ ગાથામાં 'નિશ્ચય નય' અને 'વ્યવહાર નય'ની ચર્ચા કરી આત્માનું શુદ્ધ સ્વરૂપ શું છે અને જીવ જે કર્મો કરે છે તેના પરિણામે તે જુદા જુદા સ્વરૂપે કેવી રીતે દષ્ટિગોચર થાય છે તે નયવાદના સિદ્ધાંતે સમજાવ્યું છે, અને છેવટે આત્માના કર્મરહિતના શુદ્ધ સ્વરૂપને જ અનુસરવાનો બોધ આપેલ છે.

જીવ કર્મો કરે છે તેથી તે કર્મોનાં પરિણામો પણ ભોગવે છે. આ પરિણામો ભોગવતી વખતે તે જુદા જુદા સ્વરૂપે દેખાય છે. કોઈ વખત મનુષ્ય સ્વરૂપે તો કોઈ વખત પશુ સ્વરૂપે. તેમ તેનું શુદ્ધ સ્વરૂપ એક હોવા છતાં કર્મના પરિણામે અનેકરૂપે દષ્ટિગોચર થાય છે. તે 'પર્યાયાર્થિક નય'ની દષ્ટિ છે. 'નિશ્ચય નય' અગર 'દ્રવ્યાર્થિક નય'ની દષ્ટિએ તો આત્મા (જીવ) તેના શુદ્ધ સ્વરૂપે 'એક' જ છે.

**દુઃખ સુખરૂપ કરમ ફળ જાણો, નિશ્ચય એક આનંદો રે,**
**ચેતના પરિણામ ન ચૂકે, ચેતન કહે જિન ચંદો રે. વાસુ. ૪**

**અર્થ :** જીવનનાં સુખ અને દુઃખ તો કર્મનાં ફળ છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ તો ચિદાનંદમય જ છે. 'ચેતના' - જીવનની પ્રવૃત્તિ - તેના પરિણામથી મુક્ત થઈ શકતી



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

નથી. પરંતુ જિનેશ્વર દેવ તો આત્મના વિશુદ્ધ સ્વરૂપ (ચેતન)નો જ સ્વીકાર કરે છે.

**નોંધ :** 'નિશ્ચય નયે' આત્મા તેના શુદ્ધ સ્વરૂપે સતત આનંદમય જ છે. જીવનમાં જે સુખ-દુઃખ જણાય છે તે આત્માનું શુદ્ધ સ્વરૂપ નથી. કર્મના ફળરૂપે તેની અશુદ્ધિ થઈ અને તેથી સુખ-દુઃખ ઉત્પન્ન થયા. પરંતુ જિનેશ્વર દેવ તો આત્માના શુદ્ધ સ્વરૂપનો જ સ્વીકાર કરે છે.

**પરિણામી ચેતન પરિણામો, જ્ઞાય કરમફળ ભાવી રે,**
**જ્ઞાન કરમફળ ચેતન કહીએ, લેજો તેહ મનાવી રે. વાસુ. ૫**

**અર્થ :** ચેતન (આત્મા) કર્મજન્ય પરિણામો ભોગવતો તેમાં તન્મય થાય છે ત્યારે તેનાં કર્મનું ફળ ભોગવતો જણાય છે અને ભવિષ્યમાં પણ તે કર્મફળ ભોગવશે તેવું જ્ઞાન થાય છે. આ રીતે જ્ઞાત થતાં કર્મફળ ઉપરથી આત્માની પર્યાયાર્થિક સ્થિતિ જાણીને પણ આત્માની (ચેતનની) ઓળખ થઈ શકે તેમ માનજો. (જ્ઞાય = જણાય છે)

**નોંધ :** અહીં પર્યાયાર્થિક નય દૃષ્ટિની સમજ આપી છે.

આ ગાથાનો અર્થ સમજવા માટે ગુણ અને ગુણીનો પરસ્પર સંબંધ શું છે તે સમજવાની જરૂર છે. તત્ત્વજ્ઞો કહે છે કે ગુણીની પીછાણ તેના ગુણો જે આવિષ્કૃત થાય છે તેના ઉપરથી થઈ શકે કારણ કે ગુણો તે ગુણીની જ પેદાશ છે. આથી એમ કહી શકાય કે 'ગુણી' અને તેમાંથી પેદા થતા 'ગુણો' તે બંને એક જ છે.

આ સિદ્ધાંતની રૂએ આત્માની પીછાણ તેમાંથી આવિષ્કૃત ગુણો ઉપરથી થઈ શકે. આત્મામાંથી પ્રગટ થતું જે જ્ઞાનતત્ત્વ છે, આત્મા જે કર્મફળ ભોગવી રહ્યો છે, અને ભવિષ્યમાં ભોગવશે તે તમામ ઉપરથી આત્માની ઓળખ થઈ શકે તેવું તાત્પર્ય આ ગાથામાંથી નીકળે છે.

**આત્મજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્ય લિંગી રે,**
**વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતસંગી રે. વાસુ. ૬**

**અર્થ :** જેને શુદ્ધ આત્માનું જ્ઞાન છે તે જ ખરો શ્રમણ છે. બીજા બધા ફક્ત વેશધારી (દ્રવ્યલિંગી) છે. વસ્તુને જે તેના ખરા સ્વરૂપમાં સમજે છે તે જ પરમાનંદને પામે છે. 'વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે' એટલે જે આત્માતત્ત્વ છે તેને અને જે પુદ્ગલ તત્ત્વ છે તેને તેના યથાર્થ સ્વરૂપમાં સમજે તે જ આત્માનંદને પામે છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**નોંધ :** આ સ્તવન આખું આત્માની જુદી જુદી દૃષ્ટિએ સમજ આપવા રચાયેલ છે.

પ્રથમ ગાથામાં આત્માને અનંત શક્તિયુક્ત 'ત્રિભુવન સ્વામી' કહ્યો અને તેના નિરાકાર, સાકાર, સચેતન સ્વરૂપનો નિર્દેશ કર્યો. ભગવાન શિતલનાથ ઉપરના દશમા સ્તવનમાં ત્રિભંગીનો ઉલ્લેખ કરીને ઉપલક દૃષ્ટિએ જણાતા વિરોધાભાસી ગુણો કઈ અપેક્ષાએ જોવા જોઈએ તે સમજાવ્યા બાદ અહીં આ સ્તવનમાં આત્માના વિરોધાભાસી ગુણો કઈ અપેક્ષાએ છે તે સમજાવ્યું.

આત્મા એક અને અભેદરૂપે છે પરંતુ કર્મનો કર્તા હોવાથી તેના પરિણામનો ભોક્તા બને છે અને તેથી તે અનેકરૂપે - ભેદરૂપે - ભાસે છે તેમ ગાથા ૨-૩માં સમજાવ્યું. ગાથા ૪માં સુખ-દુઃખને કર્મનાં રૂપ ગણાવીને કહ્યું કે કર્મફળ ભોગવ્યા વિના છૂટકો નથી. તેથી કર્મ બીજનો નાશ થયેલ તેવો શુદ્ધ ચૈતન્યમય આત્મા જ જિનેશ્વર દેવનું સ્વરૂપ છે. ગાથા ૫માં તે જ ભાવ છે અને છેવટે આત્માની ખરી ઓળખ ગાથા ૬માં દર્શાવી છે.

આ આખા સ્તવનમાં 'નિશ્ચય નય' અને 'વ્યવહાર નય'ની સુંદર ચર્ચા છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# સ્તવન : ૧૩ : શ્રી વિમલનાથ જિન સ્તવન

(રાગ : મલ્હાર)

**દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે, સુખ સંપદ શું ભેટ,**
**ધીંગ ધણી માથે કિયો રે, કુણ ગંજે નરખેટ ?**

**વિમલ જિન ! દીઠાં લોયણ આજ,**
**મારાં સિધ્યાં વાંછિત કાજ. વિમલ. ૧**

**અર્થ :** પરમ શક્તિમાન પરમાત્માનાં આજે સાક્ષાત્ દર્શન થયાં અને તેથી જન્મોજન્મની મારી ઇચ્છાની (પ્રભુદર્શનની) પરિપૂર્તિ થઈ. જીવનના ભયંકર દુઃખો દૂર થયાં છે અને ચિદાનંદની સંપદા પ્રાપ્ત થઈ છે. આવો મહાશક્તિમાન સ્વામી મને મળ્યો છે તેથી હવે અધમ વાસનાઓ (નરખેટ)ને કોણ ગણકારે ? (કુણ ગંજે નરખેટ ?)

**નોંધ :** શુદ્ધ આત્માની ઓળખ બારમા સ્તવનમાં થઈ તેથી આત્માનું ખરું સ્વરૂપ જોયું (વિમલ જિન દીઠાં લોયણ આજ), તેથી ઉત્પન્ન થતા અનહદ આનંદનો અહીં ઉલ્લેખ છે. આ આખું સ્તવન ભક્તિ સ્તવન છે. કાવ્યની દૃષ્ટિએ અતિસુંદર અને ગેય છે.

**ચરણ કમલકમલા વસે રે, નિર્મલ-સ્થિર-પદ દેખ,**
**સ-મલ અસ્થિર પદ પરિહરે રે, પંકજ પામર પેખ. વિમલ. ૨**

**અર્થ :** કમળમાં વસતાં લક્ષ્મીજી પોતાનું મેલું (સ-મલ) અને અસ્થિર પદ (સ્થાન) છોડીને આપના નિર્મલ અને સ્થિર પદમાં આવીને વસવા લાગ્યાં છે. (પેખ = જોઈને)

**નોંધ :** ઉપરનો શબ્દાર્થ રૂપકમય (allegorical) છે. 'લક્ષ્મી'નો અર્થ અહીં નિજાનંદમય સુખ કરવો ઉચિત છે. જે નિજાનંદમય સુખની ખોજ આજ સુધી હું મળ-યુક્ત અને અસ્થિર ભૌતિક વસ્તુઓમાં કરતો હતો તે સુખ આપના નિર્મળ અને સ્થિર સ્વરૂપમાં હું પામું છું તેવો અહીં ભાવ છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**મુજ મન તુજ પદ-પંકજે રે, લીનો ગુણ મકરંદ,**
**રંક ગણે મંદર-ધરા રે, ઈન્દ્ર, ચંદ્ર, નાગેન્દ્ર. વિમલ. ૩**

**અર્થ :** મારા મનરૂપી ભ્રમર તારા ચરણકમળની પરાગને ચૂસવામાં લીન થયા છે અને તેથી સુવર્ણમય મેરુ પર્વતની ધરાને તો ઠીક પણ ઈન્દ્ર, ચંદ્ર તથા નાગેન્દ્રના ઐશ્વર્યને પણ તુચ્છ ગણે છે. (ગુણ મકરંદ = ગુણરૂપી સુગંધી પરાગ)

**સાહિબ સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર,**
**મન વિશરામી વાલહો રે, આતમચો આધાર. વિમલ. ૪**

**અર્થ :** હે સ્વામી ! હું તારા જેવો ઉદાર અને સમર્થ ધણીને પામ્યો છું. તું મારા મનનું વિશ્રામસ્થાન છે, તું મને અત્યંત વહાલો છે અને તું જ મારા આત્માનો આધાર છે.

**દરસિણ દીઠે જિનતણું રે, સંશય ન રહે વેધ,**
**દિનકર-કર ભર પરસતા રે, અંધકાર પ્રતિષેધ. વિમલ. ૫**

**અર્થ :** શુદ્ધ આત્મતત્ત્વનું (જિનતણું) હવે મને દર્શન થયું છે તેથી હવે કોઈપણ પ્રકારના સંશયરૂપી વિઘ્ન (વેધ) રહેલ નથી. જેવી રીતે સૂર્યના કિરણોનો સમૂહ ફેલાતાં અંધકારનો નાશ થાય છે – બરાબર તેવી જ રીતે.

**અમિય ભરી મૂરતિ રચી રે, ઉપમા ઘટે ન કોઈ,**
**શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય. વિમલ. ૬**

**અર્થ :** પ્રભુ, તારું અમૃતમય (અમિયભરી) સ્વરૂપ એવું છે કે જેની પાસે કોઈ સરખામણી થઈ શકે તેમ નથી. તે સ્વરૂપનો શાંત અમૃતમય રસ ઝીલતાં અને તે સ્વરૂપને નીરખતાં મને સંતોષ થતો નથી.

**એક અરજ સેવક તણી રે, અવધારો જિનદેવ,**
**કૃપા કરી મુજ દીજીયે રે, આનંદઘન પદ સેવ. વિમલ. ૭**

**અર્થ :** હે પરમાત્મ સ્વરૂપ જિનેશ્વર દેવ, આ સેવકની એક અરજ ધ્યાનમાં લ્યો. તે એ છે કે આપની કૃપાથી આપના ચિદાનંદ સ્વરૂપની મને કાયમ માટે પ્રાપ્તિ થાય.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## સ્તવન : ૧૪ : શ્રી અનંતનાથ જિન સ્તવન

(રાગ : રામગિરિ : કડબા : પ્રભાતી)

**નોંધ :** પ્રભુના સ્વરૂપનાં દર્શન થયા બાદ તેની હૃદયપૂર્વકની સેવા કેવી રીતે થઈ શકે અને તે સેવા કરવાને બહાને ખાલી ક્રિયાકાંડમાં સેવકો કેવા સપડાઈ જાય છે અને તે રીતે સપડાઈ ગયા બાદ આત્મજ્ઞાનથી કેવી રીતે વંચિત રહી જાય છે તે આ ચૌદમાં સ્તવનમાં બતાવ્યું છે. અહીં પ્રભુસેવાને આકરી કહી છે કેમ કે તે સેવા કરતાં કરતાં આત્મલક્ષ્ય ભુલી જવાય છે અને ખાલી ક્રિયાકાંડને જ ખરી સેવા માની લેવામાં આવે છે.

**ધાર તરવાની સોહિલી, દોહિલી ચઉદમા જિન તણી ચરણ સેવા,**
**ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા. ધાર.૧**

**અર્થ :** તારવાની ધાર ઉપર ચાલવું તે તો કદાચ સહેલું છે કેમ કે ઘણા બાજીગરો તે કરી બતાવે છે. પરંતુ ચૌદમા જિનેશ્વર અનંતનાથ પ્રભુની સેવા તેના ખરા સ્વરૂપમાં કરવી ઘણી જ અઘરી (દોહ્યલી) છે. પ્રભુની સેવાની ધાર પર તો ઘણા દેવો પણ ચાલી શકતા નથી.

**નોંધ :** સામાન્ય બાજીગરો મનોરંજન માટે તલવારની ધાર પર ચાલી બતાવે છે તે રીતે કર્મકાંડીઓ દ્રવ્યપૂજા દ્વારા પ્રભુની સેવા થઈ શકે છે તેવો દેખાવ કરે છે, પરંતુ પ્રભુની સેવા તેટલી સહેલી નથી. ફક્ત ટીલાં-ટપકાં, ફૂલ-ધૂપ વગેરેના બાહ્યાચારોથી જ પ્રભુની સેવા પૂરી થતી નથી. તેમની ખરી સેવા તો દર્શન, જ્ઞાન અને ચારિત્રના રત્નત્રયની આરાધના તથા અનેકાંત દૃષ્ટિથી ખિલવણીથી શુદ્ધ આત્માનું સંધાન કરવાથી જ થાય છે.

**એક કહે સેવિયે વિવિધ કિરિયા કરી ફલ અનેકાંત લોચન ન દેખે**
**ફલ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિ માંહે લેખે. ધાર. ૨**

**અર્થ :** કોઈ જડ ક્રિયાવાદી લોકો વિવિધ પ્રકારની ક્રિયાઓ કરી પ્રભુની સેવા કરવાને મથતા હોય છે, પરંતુ આત્માનુભવ રૂપી અનેકાંતવાદનું ફળ તે મેળવી શકતા નથી. (લેખે = હિસાબમાં)

**નોંધ :** દરેક ક્રિયાનું ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે; પરંતુ ફક્ત વિવિધ ક્રિયાઓમાં જ



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

જેની સેવા પર્યાપ્ત થાય છે તેને જુદી જુદી ક્રિયાઓનાં જુદાં જુદાં ભૌતિક ફળ મળે છે. પરંતુ આત્માનુસંધાન થતું ન હોવાથી જન્મ-મરણની જુદી જુદી ગતિઓમાં તે બિચારાનો રખડપાટ તો ચાલુ રહે છે.

**ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે;**
**ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકા, મોહ નડિયા કલિ-કાલ રાજે. ધાર. ૩**

**અર્થ :** જેને ફક્ત ક્રિયાકાંડમાં જ રસ છે તેઓ (પોતે માની લીધેલ) તત્ત્વજ્ઞાનની વાતો કરી જુદા જુદા ગચ્છ અને વાડાઓ ઊભા કરે છે (જૈન સંપ્રદાયમાં ભાગલા પડાવે છે) પરંતુ આ જાતની પ્રવૃત્તિ ફક્ત પોતાના સ્વાર્થ માટે (નિજ કાજ) પેટ ભરવાની જ પ્રવૃત્તિ છે. આ કલિયુગના પ્રભાવ નીચે આવા લોકોને મોહ કષાય નડી રહ્યો હોય છે. (તત્ત્વની વાતો તો ખાલી બકવાસ છે.)

**નોંધ :** જુદા જુદા માણસો જુદા જુદા પ્રકારની ક્રિયાઓને જ ખરી સેવા માનતા હોવાથી જુદા જુદા ગચ્છની સ્થાપના થાય છે અને આવા દરેક ગચ્છવાદીઓ પોતાના મતને શાસ્ત્રોનું પ્રમાણ છે તેવી તત્ત્વની વાતો કરતાં શરમાતા નથી. અવધૂશ્રીએ આવી વ્યક્તિઓને અહીં ખુલ્લા પાડ્યા છે.

**વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો વચન સાપેક્ષ વ્યવહાર સાચો;**
**વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર-ફલ સાંભળી આદરી કાંઈ રાચો. ધાર.૪**

**અર્થ :** જિનવચનથી નિરપેક્ષ (વિરુદ્ધ) જે કાંઈ વ્યવહાર હોય તે જૂઠો છે; જ્યારે જિનવચનને અનુસરતો વ્યવહાર જ સાચો છે. જે વ્યવહાર જિનવચનથી વિરુદ્ધનો છે તે વ્યવહારથી તો સંસાર-ભ્રમણ ચાલુ જ રહે છે, માટે જિનવચનને સાંભળી તે પ્રમાણે વર્તન કરી આનંદ પ્રાપ્ત કરો.

**નોંધ :** જિનવચન તો આત્મસાક્ષાત્કાર માટેના છે. સમ્યક્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર તથા સ્યાદ્વાદની ચિંતનપદ્ધતિ તે જિનવચનના પ્રાણ છે. તેને ભૂલી જઈ એકાંત ક્રિયાવાદને વળગી રહી ગચ્છના ભેદો પાડવા તે જિનવચનથી વિરુદ્ધ છે.

**દેવ ગુરૂ ધર્મની શુદ્ધિ કહો કેમ રહે ? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો ?**
**શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કરી, છાર પર લીપણું તેહ જાણો. ધાર. ૫**

અર્થ : જિનવચનથી જે વ્યવહાર વિરુદ્ધ હોય તેવા વ્યવહારથી દેવ, ગુરુ અને



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મની શુદ્ધિ કેમ રહે, અને શુદ્ધ શ્રદ્ધા પણ કેમ પ્રાપ્ત થાય ? શુદ્ધ શ્રદ્ધા વિનાની તમામ ક્રિયાની કિંમત ક્ષાર (રાખ) પરના લીંપણ જેટલી જ છે.

**નોંધ :** શુદ્ધ દર્શનથી શ્રદ્ધા ઉત્પન્ન થાય છે અને આવી શ્રદ્ધા ઉત્પન્ન થયા બાદ જ્ઞાનપ્રાપ્તિની તાલાવેલી થાય છે. જ્ઞાન પ્રાપ્ત થયા બાદ ચારિત્રની ખિલવણી થતી જાય છે. ફક્ત ક્રિયાકાંડને જ ધર્મ સમજવાવાળાઓ આ પ્રકારના જિનવચનથી અલિપ્ત રહે છે તેથી તેને પાયાની શુદ્ધ શ્રદ્ધા જ ઉત્પનન થતી નથી અને તેથી તેઓ આત્માનુસંધાનના યથાર્થ માર્ગે જઈ શકતા નથી. શાસ્ત્રવચન છે કે :

"हयं नाणं किया हीणं ।
हया अन्नाणिणो किया ।।"

(એટલે ક્રિયા વિનાનું જ્ઞાન અને જ્ઞાન વિનાની ક્રિયા - તે બન્ને ત્યાજ્ય છે)

**પાન નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો, ધર્મ નહીં કોઈ જગ-સૂત્ર સરિખો.**
**સૂત્ર અનુસાર જે ભાવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરીખો. ધાર.૬**

**અર્થ :** જિનવચનથી વિરુદ્ધ બોલવું તેના જેવું કોઈ પાપ નથી અને જિનવચન (જગ-સૂત્ર)ને અનુસરવા જેવો કોઈ ધર્મ નથી. જે ભવ્ય જીવ (ભાવિક) જિનવચન અનુસાર વર્તન કરશે તેનું ચારિત્ર શુદ્ધ રહેશે તેમ જાણો.

**એહ ઉપદેસનો સાર સંક્ષેપથી જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે,**
**તે નરા દિવ્ય બહુ-કાલ સુખ અનુભવી, નિયત આનંદઘન રાજ પાવે. ધાર.૭**

**અર્થ :** જે વ્યક્તિ આ ઉપયોગનું રહસ્ય હંમેશાં ધ્યાનમાં લે છે તે વ્યક્તિ ઘણા સમય સુધી સુખ અનુભવે છે અને આત્માનંદને પામે છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## સ્તવન : ૧૫ : શ્રી ધર્મનાથ જિન સ્તવન

(રાગ : ગોડી સારંગ)

**ધર્મ જિનેશ્વર, ગાઉં રંગ શું, ભંગ મ પડશો હો પ્રીત જિનેશ્વર**
**બીજો મન મંદિર આણું નહીં, એ અમકુલવટ રીત જિનેશ્વર. ધર્મ. ૧**

**અર્થ :** હે ધર્મનાથ - જિનેશ્વર પ્રભુ ! તમારા ગુણગાન હું પ્રેમથી ગાઉં છું. તમારા પ્રેમમાં મને કોઈપણ પ્રકારનો વિક્ષેપ આવવા દેશો નહીં. મારા મનરૂપી મંદિરમાં બીજા કોઈને સ્થાન મળે નહીં - અમારા ખાનદાનની આ જ રીત છે પ્રભુ !

**ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધરમ ન જાણે હો મર્મ જિનેશ્વર,**
**ધરમ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ જિનેશ્વર. ધર્મ.૨**

**અર્થ :** દુનિયા આખી ધરમ ધરમનું રટણ કરે છે, પરંતુ ધર્મનો મર્મ શું છે તે કોઈ સમજતું નથી. ધર્મનો મર્મ તો એ છે કે જિનેશ્વર ભગવાનનું શરણ લીધા પછી કોઈપણ પ્રકારના કર્મનું બંધન થાય નહીં.

**નોંધ :** ખરો ધર્મ તો ધર્મનો મર્મ સમજવામાં જ છે, અને ધર્મનો મર્મ સમજવા માટે શાસ્ત્રોનું અધ્યયન કે પંડિતાઈનો પુરુષાર્થ પૂરતો નથી. ધર્મનો મર્મ તો સંપૂર્ણ રીતે સ્વાનુભવથી જ થાય છે. આવા સ્વાનુભવ માટે જેણે જિનેશ્વર દેવનું શરણ લીધું છે તેને માટે નવાં કર્મોનું ઉપાર્જન નથી. તેને તો જૂના કર્મોની સકામ તથા અકામ નિર્જરા જ બાકી રહે છે.

**પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે, પેખે પરમનિધાન, જિનેશ્વર,**
**હૃદય નયણ નિહાલે જગ-ધણી, મહિમા મેરૂ-સમાન જિનેશ્વર. ધર્મ.૩**

**અર્થ :** જો સદ્‌ગુરુનો સમાગમ થાય અને તેમના પ્રવચનરૂપી આંજણ અંજાય તો હે જિનેશ્વર દેવ, હું આત્મજ્ઞાનના મહામૂલ્યવાન નિધિને જોઈ શકીશ અને મારા હૃદયનાં ચક્ષુઓ વડે મેરૂ પર્વત જેવડો જેમનો મહિમા છે તેવા આ વિશ્વના સ્વામી પરમાત્મ દેવના દર્શન હું પામી શકીશ.

**દોડત દોડત દોડિયો, જેતી મનની દોડ જિનેશ્વર !**
**પ્રેમ-પ્રતીત વિચારો ઢુંકડી, ગુરૂ-ગમ લેજો રે જોડ, જિનેશ્વર. ધર્મ.૪**



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ :** પ્રભુ ! મારા મનની દોડ ઘણી અજબ છે. તારી શોધમાં હું અહીં તહીં ઘણું દોડ્યો. છેવટે સદ્‌ગુરુના સંયોગથી માલૂમ પડયું કે જેને હું શોધી રહ્યો છું તે તો મારી અત્યંત નજદીક છે અને તે નિર્મળ પ્રેમથી પ્રતિત થાય છે.

**નોંધ :** શ્રી કબીરજીએ ગાયું કે, પાની મેં મીન પિયાસી. જે વસ્તુ આપણી તદ્દન નજીક છે, જે ફક્ત હૃદયના નિર્વ્યાજ પ્રેમથી જ પ્રાપ્ત થઈ શકે તેમ છે તેને ગોતવા માટે મેં વિચારોની ઘણી જ દોટ લગાવી, જાત્રાઓ કરી, મંદિરોમાં દર્શન કર્યાં, પંડિતાઈનાં પોથા ઉથલાવ્યાં, પરંતુ તે બધું નિરર્થક ગયું. જેને હું શોધતો હતો તેનો વાસ તો મારા હૃદયમાં જ છે તે સદ્‌ગુરુના સાન્નિધ્યે હું શીખ્યો.

**એક પખી કિમ પ્રીતિ પરવડે ? ઉભય મલ્યા હોય સંધિ જિનેવર !**
**હું રાગી હું મોહે ફંદિયો, તું નીરાગી નિરબંધ જિનેશ્વર. ધર્મ. ૫**

**અર્થ :** એક પક્ષીય પ્રીતિ કેવી રીતે ચાલે ? બન્ને પક્ષ એક રાગે હોય તો જ પ્રીતિ નભે. જિનેશ્વર દેવ ! હું તો રાગ અને મોહથી ઘેરાયેલ છું અને આપ પ્રભુ વીતરાગ સ્વરૂપ બંધનરહિત છો. આથી આપની સાથે પ્રીતિ કરવાને હું લાયક નથી જ.

**નોંધ :** આગળની ગાથામાં હૃદયના પ્રેમની વાત કરી પરંતુ પ્રીતિ તો સમાન ગુણો ધરાવતી વ્યક્તિઓમાં જ સંભવે. હું તો રાગ અને મોહના કષાયોથી ઘેરાયેલ છું અને જિનેશ્વર ભગવાન શુદ્ધ આત્મસ્વરૂપ - નિર્ગ્રંથ અને વિતરાગ સ્થિતિને પ્રાપ્ત થયેલ છે તો તે આત્મસ્વરૂપને હું રાગ અને મોહની અશુદ્ધિથી બંધાયેલ આત્મા કેવી રીતે પામી શકું ?

**પરમનિધાન પ્રગટ મુખ આગલે, જગત ઉલ્લંઘી હો જાય જિનેશ્વર !**
**જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધો અંધ પુલાય જિનેશ્વર. ધર્મ. ૬**

**અર્થ :** આપણી સન્મુખ જ જે અમૂલ્ય (આત્મશક્તિનો) ભંડાર પડ્યો છે તેને આખું જગત (અજ્ઞાન ભાવે) ઓળંગી જાય છે. (તે ખજાનો નજરે પડતો નથી.) સમ્યગ્ દર્શન અને જ્ઞાનની જ્યોતિ જે તીર્થંકર દેવે આપેલ છે તેના વિના અમારી સ્થિતિ તો એક આંધળો બીજા આંધળાને દોરે તેવી જ છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**નિર્મલ ગુણમણિ રોહણ ભૂધરા, મુનિજન માનસહંસ જિનેશ્વર !**
**ધન્ય તે નગરી, ધન્ય વેલા-ઘડી માતા પિતા કુલ વંશ જિનેશ્વર. ધર્મ.૭**

**અર્થ :** પ્રભુ ! આપ રોહણચલ પર્વત (ભૂધરા) ના નિર્મલ ગુણોરૂપી રત્ન છો અને મુનિજનોના માનસ સરોવરના હંસરૂપ છો. જે નગરીમાં જે ક્ષણે આપ વિરાજમાન થયા તે તથા જે કુળ તથા માતાપિતાએ આપને જન્મ આપ્યો તે તમામ ધન્ય છે.

**મન મધુકર-વર કર જોડી કહે, પદ-ક-જ નિકટ નિવાસ જિનેશ્વર !**
**ધનનામી આનંદઘન સાંભળો, એ સેવક અરદાસ જિનેશ્વર. ધર્મ. ૮**

**અર્થ :** પ્રભો ! આ મારા મનરૂપી ભ્રમરની બે હાથ જોડી વિનંતી છે કે આપશ્રીના ચરણકમળમાં જ મારો સદા નિવાસ રહો. હે ખ્યાતનામી ચિદાનંદ પ્રભુ, આ સેવકની આટલી આરજુ માન્ય રાખો. (પદ-ક-જ = ચરણરૂપી કમળ, ધનનામી = ખ્યાતનામ)



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# સ્તવન : ૧૬ : શ્રી શાંતિનાથ જિન સ્તવન

(રાગ : મલ્હાર)

**શાંતિજિન ! એક મુજ વિનતિ સુણો ત્રિભુવન રાય રે,**
**શાંતિસ્વરૂપ કેમ જાણીએ ? કહો મન કેમ પરખાય રે. શાંતિ. ૧**

**અર્થ :** શાશ્વત શાંતિની શોધમાં પડેલ આત્મલક્ષી પુરુષ, ત્રિભુવન ઉપર જેણે વિજય મેળવેલ છે તે જિનેશ્વર દેવ ભગવાન શાંતિનાથને પૂછે છે કે, પ્રભુ, હું શાશ્વત શાંતિના સ્વરૂપને કેવી રીતે પામી શકું ? અને તે મને મળી છે તે હું કેવી રીતે પારખી શકું ?

**નોંધ :** જીવમાત્રની પ્રવૃત્તિ શાંતિની શોધમાં જ રહી છે. આર્થિક સમૃદ્ધિ અને સત્તા સહિત તમામ દુન્યવી લાભો મેળવવા પાછળ માનવી એક જ વસ્તુની શોધમાં છે અને તે છે ખરી અને શાશ્વત શાંતિ; પરંતુ દુન્યવી લાભો મેળવનારને આવી શાશ્વત શાંતિ મળતી નથી અને છેવટે હાથમાં આવે છે ક્ષણિક સુખ અને દુઃખની અનંત શૃંખલા. આ વિષચક્રમાંથી છૂટવા હતપ્રભ થયેલ માનવી અહીં પૂછે છે કે શાશ્વત શાંતિના સ્વરૂપને કેવી રીતે પામી શકાય ?

**ધન્ય તું આતમ ! જેહને એવો પ્રશ્ન અવકાશ રે !**
**ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસ રે. શાંતિ. ૨**

**અર્થ :** જિનેશ્વર દેવ જવાબ આપે છે : જેને આવો આત્મલક્ષી પ્રશ્ન પૂછવાનો અવકાશ મળેલ છે તેવા તારા આત્માને ધન્ય છે. માટે હું તને શાંતિ સ્વરૂપનો ખ્યાલ આપું છું તે મનમાં ધીરજ રાખીને સાંભળ.

**નોંધ :** પ્રતિભાસ એટલે ઝાંખી - સ્વરૂપનો ખ્યાલ. ખરી શાંતિ તો અનુભવે જ મળે. પરંતુ તે જાતનો અનુભવ થાય તે પહેલાં તે શું છે તેનો ખ્યાલ લેવાની જરૂર છે તેથી "પ્રતિભાસ" શબ્દનો ઉપયોગ થાય.

**ભાવ અ-વિશુદ્ધ સુ-વિશુદ્ધ જે, કહ્યા જિનેશ્વર દેવ રે,**
**તેમ અ-વિતત્થ સદ્દહે, પ્રથમ એ શાંતિપદ સેવ રે. શાંતિ. ૩**



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ :** ખરી શાંતિ મેળવવાની પ્રથમ શરત એ છે કે જિનેશ્વર દેવે આત્માની અવિશુદ્ધ એટલે અશુદ્ધ અને સુવિશુદ્ધ એટલે સંપૂર્ણ રીતે શુદ્ધ દશાનું જે વર્ણન કરેલ છે તેમાં સાચી (અવિતત્થ) શ્રદ્ધા રાખ. (સદ્દહે = સ્વીકારે, શ્રદ્ધા રાખે)

**નોંધ :** અશાંતિનું મૂળ તો આત્માની વૈભાવિક સ્થિતિ છે. આત્માનો યોગ જ્યારે પર-ભાવમાં - પોતાથી ભિન્ન એવી બાહ્ય વસ્તુઓ સાથે થાય છે ત્યારે તેને વૈભાવિક સ્થિતિ પ્રાપ્ત થાય છે. આવી સ્થિતિમાં મન વિચલિત રહે છે કારણ કે વૈભાવિક સ્થિતિ પ્રાપ્ત કરતો આત્મા સુખદુ:ખનો અનુભવ કરતો થકો સ્થિરતા ગુમાવે છે અને કર્મબંધન પામે છે. આથી ખરી સ્થિરતા પામવા માટે આત્માએ સ્વ-ભાવમાં જ રહેવું જોઈએ. તેમ રહેવું તે તેની સ્વાભાવિક સ્થિતિ છે અને તે શાંતિ-જનક છે. આથી આત્માની શુદ્ધ દશામાં શ્રદ્ધા કેળવવી તે શાંતિ પ્રાપ્ત કરવા માટેનું પ્રથમ પગથિયું છે.

**આગમ-ધર ગુરૂ સમકિતી, કિરિયા સંવર-સાર રે,**
**સંપ્રદાયી, અવંચક સદા, શુચિ અનુભવાધાર રે. શાંતિ. ૪**

**નોંધ :** આત્માની અવિશુદ્ધ અને સુવિશુદ્ધ સ્થિતિ શું છે અને કેવી રીતે પમાય તે જાણવા માટે સદ્‌ગુરુની જરૂર રહે છે. આવા સદ્‌ગુરુ કેવા હોવા જોઈએ તે અહીં સમજાવે છે.

**અર્થ :** જે ગુરુ આગમ (શાસ્ત્રો)ના ખરા જ્ઞાની હોય, સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રના ધારક (સમકિતી) હોય, સંવરની ક્રિયા (નવા કર્મોની ઉપાર્જનની રોધક ક્રિયા)નું રહસ્ય સમજતા હોય, ચાલી આવતી રૂઢિઓને તેના ખરા સ્વરૂપમાં સમજતા હોય અને અનુભવના આધારરૂપ હોય તેવા સદ્‌ગુરુનો યોગ થાય તો અશુદ્ધ અને શુદ્ધ આત્મસ્થિતિ શું છે તે સમજાય. (અવંચક = નિર્દંભી)

**શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાળ રે.**
**તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્ત્વિક સાલ રે. શાંતિ. ૫**

**અર્થ :** સંસારની બધી જંજાળ ત્યજીને શુદ્ધ આત્માવલંબન જે કરે અને જે સર્વ પ્રકારની તામસી પ્રવૃત્તિને ત્યજી દઈને ફક્ત સાત્વિક વૃત્તિને ધારણ કરે તેને શાંતિ પ્રાપ્ત થાય. (સાલ = સાળ-વણવાનું યંત્ર)

**ફલ વિસંવાદ જેહમાં નહીં, શબ્દ: તે અર્થ સંબંધિ રે,**
**સકલ નયવાદ વ્યાપી રહ્યો તે શિવ-સાધન સંધિ રે. શાંતિ. ૬**



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ :** જે વ્યક્તિમાં ફળ વિશેની આસક્તિમય શંકા-કુશંકા હોય નહીં (અનાસક્ત ભાવ હોય), જે તીર્થંકરના શબદોનો અર્થ અપેક્ષાવાદની દૃષ્ટિએ જ કરી શકે અને તે રીતે સંપૂર્ણ નયવાદની અનેકાંત દૃષ્ટિ જેણે કેળવી હોય તેવી વ્યક્તિને શાશ્વત શાંતિમય મોક્ષની પ્રાપ્તિનો યોગ થાય છે.

**નોંધ :** ઉપરની ગાથામાં શુદ્ધ આલંબનની વાત કરી, પરંતુ આ અંગેની તમામ ક્રિયા અનાસક્ત ભાવે ફળપ્રાપ્તિની અપેક્ષા વિના જ થવી જોઈએ. શ્રી તીર્થંકરના શબ્દોનું શુદ્ધ આલંબન ક્યારે મળે ? અંધશ્રદ્ધાથી નહીં પરંતુ નયવાદજન્ય અનેકાંત દૃષ્ટિથી જ મળે. શ્રી તીર્થંકરે જ્યારે જ્યારે જે જે શબ્દો વાપર્યા છે તે તે શબ્દોનો અર્થ સંદર્ભની અપેક્ષાએ અનેકાંત દૃષ્ટિએ સમજવાથી જ મળે અને તેમ થાય તો જ મોક્ષપ્રાપ્તિનો યોગ બંધાય છે.

શાસ્ત્રોના શબ્દાર્થને વળગી ન રહેતાં જે સ્થળ, કાળ અને સંજોગોના સંદર્ભમાં શાસ્ત્રવચનો વપરાયાં હોય તે ધ્યાનમાં લઈ શાસ્ત્રાર્થ કરવાનો અહીં બોધ છે. તેથી તે શબ્દોને હાલ પ્રવર્તતી સ્થિતિમાં કેવી રીતે બંધ બેસાંડી શકાય તે જોવું જોઈએ.

**વિધિ પ્રતિષેધ કરી આતમા-પદારથ અવિરોધ રે,**
**ગ્રહણ-વિધિ મહાજને પરિગ્રહ્યો, ઈસ્યો આગમે બોધ રે. શાંતિ. ૭**

**નોંધ :** ઉપર શાસ્ત્રોની પણ નયવાદની અનેકાંત દૃષ્ટિથી જોવાની અને સમજવાની વાત કહી. તેના જ અનુસંધાનમાં આ ગાથામાં કહે છે કે આત્મા શું છે અને શું નથી તે સમજવાથી જ આત્માનું ખરું સ્વરૂપ સમજાય. તર્કની ભાષામાં કહીએ તો – વિધિ એટલે અન્વય – વિધાન કરવું. આત્મામાં અમુક ચિહ્નો દેખાય છે તેથી તેના અમુક ગુણો હશે તે જાતની છણાવટ એટલે 'અન્વય'. 'પ્રતિષેધ' એટલે નિષેધ કરવો. દા.ત. અમુક ગુણો છે તે આત્માના નથી પુદ્‌ગલોના છે તેવું નક્કી કરવું. આવી તાર્કિક પદ્ધતિથી આત્મના અસ્તિત્વને સમજવું.

**અર્થ :** આત્મા શું છે તે નયવાદની અનેકાંત દૃષ્ટિએ પ્રબુદ્ધ પુરુષોએ (મહાજને) અવિરોધપણે સ્વીકારેલ છે કે અમુક ગુણો આત્મામાં છે (વિધિ) અને અમુક ગુણો આત્માના નહીં પરંતુ પુદ્‌ગલના છે, આત્મા તેનાથી ભિન્ન છે (પ્રતિષેધ). આ જાતનો બોધ શાસ્ત્રોએ પણ કર્યો છે. (તે રીતે આત્માની ઓળખ કરવી જોઈએ.) (ઈસ્યો=એવો)

**નોંધ :** આ ગાથાનો ફક્ત શબ્દાર્થ કરીએ તો એવો થાય કે. મહાજનોએ શાસ્ત્રવચન ઉપર આધાર રાખી જે વિધિ-વિધાન નક્કી કર્યા છે તે સ્વીકારીને ચાલવું.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આ જાતનો શબ્દાર્થ સમસ્ત સ્તવનના ગુહ્યાર્થ સાથે જરા પણ બંધ બેસતો નથી. નયવાદના સિદ્ધાંત સાથે તો નહીં જ.

**દુષ્ટજન સંગતિ પરિહરી, ભજે સુ ગુરુ સંતાન રે,**
**જોગ સામર્થ્ય ચિત્ત-ભાવ જે, ધરે મુગતિ નિદાન રે. શાંતિ. ૮**

**નોંધ :** ઉપર મુજબ આત્મા અનાત્માનો ભેદ સમજ્યા બાદ શું થાય તે અહીં સમજાવે છે.

**અર્થ :** (જેના આચારથી આત્મ-વિમુખતા વધે તેવા) દુષ્ટજનોની સોબત છોડી દેવાય છે અને ફક્ત સંત-જનોની જ સંગતિ રહે છે. (પરિણામે) ચિત્તમાં યોગ સામર્થ્ય પ્રાપ્ત થાય છે જે મોક્ષનું ખાસ કારણ બને છે. (મુગતિ નિદાન = મોક્ષનું ખાસ કારણ)

**નોંધ :** "સામર્થ્ય યોગ" તે આત્માના અનુપમ સામર્થ્યનું કારણ ગણાય છે અને તે આઠમા "અપૂર્વ કરણ" ગુણ સ્થાનકથી શરૂ થાય છે તેનો અહીં નિર્દેશ છે.

**માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક-પાષાણ રે,**
**વંદક નિંદક સમ ગણે, ઈસ્યો હોય તું જાણ રે. શાંતિ. ૯**

**અર્થ :** ("સામર્થ્ય યોગ"ની આવી "અપૂર્વ-કરણ" શક્તિ પ્રાપ્ત કર્યા બાદ) આવી વ્યક્તિના મને માન-અપમાન એકસરખા જ હોય છે. તેને સોનું અને પથથરનો ભેદ રહેતો નથી. વંદના કરનાર કે નિંદા કરનારને સરખાં માને છે.

**સર્વ જગ-જંતુને સમ ગણે, સમ ગણે તૃણ-મણિ ભાવ રે,**
**મુક્તિ સંસાર બેહુ સમ ગણે, મુણે ભવ જલ નિધિ નાવ રે. શાંતિ. ૧૦**

**અર્થ :** જગતના જીવમાત્રને એકસરખા જ ગણે (સર્વે જીવો પ્રત્યે સમભાવ રાખે) તેને મન ઘાસ અને રત્નો સરખાં જ હોય, તેટલું જ નહિ પરંતુ સંસાર અને મોક્ષનો ભેદ પણ ન રહે. જીવન તો સંસારસમુદ્રને તરી જવાની નાવ છે તેમ સમજે. (મુણે = સમજે)

**નોંધ :** અપૂર્વ-કરણની સ્થિતિ સંપૂર્ણ સ્થિતપ્રજ્ઞની સ્થિતિ છે, જેમાં મોક્ષ મેળવવાની અભિલાષા પણ રહેતી નથી, કારણ કે મોક્ષની અભિલાષા પણ રાગજન્ય છે. વિશ્વ ચૈતન્ય સાથે આવો જીવ એકાત્મતા અનુભવે છે.

---



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**આપણો આત્મભાવ જે, એક ચેતના આધાર રે,**
**અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ-પરિકર સાર રે. શાંતિ. ૧૧**

**અર્થ :** આપણા આત્માનો સ્વભાવ ફક્ત ચૈતન્યમય છે. (ચૈતન્ય જ તેનો આધાર છે.) તે સિવાય જે કાંઈ આત્મા સાથે જોડાયેલ છે - જે આ સાંસારિક પરિવાર જણાય છે તે કર્માદિકના સંયોગથી જ છે. આત્માના આધારરૂપ જે ચેતના-પદાર્થ છે તેજ આત્માનો ખરો પરિવાર છે. (પરિકર = પરિવાર)

**નોંધ :** શુદ્ધ આત્મ-સ્થિત પરિસ્થિતિ કેવી હોય તેનું અહીં સચોટ વર્ણન છે.

**પ્રભુ મુખથી એમ સાંભળી, કહે આતમરામ રે,**
**તાહરે દરિશણે નિસ્તર્યો, મુજ સિધ્યાં સવિ કામ રે. શાંતિ. ૧૨**

**અર્થ :** જિનેશ્વર દેવની આ વાણી સાંભળી આત્મલક્ષી જીવ કહે છે : પ્રભુ, તમારા આપેલાં દર્શનજ્ઞાનથી હું પાર પામ્યો છું અને મારાં તમામ કામ સફળ થયાં છે.

**અહો ! અહો ! હું મુજને કહું, નમો મુજ, નમો મુજ રે,**
**અમિત ફલ-દાન દાતારની, જેહને ભેટ થઈ તુજ રે. શાંતિ. ૧૩**

**અર્થ :** આત્મપ્રાપ્તિનો અહોભાવ પ્રગટ કરતાં આત્માર્થી પુરુષ પોતાની જાતને ધન્યવાદ આપતાં કહે છે, હું મારી જાતને નમસ્કાર કરું છું કારણ કે મનેઆજે જેઅમાપ છે તેવા ફળના દાતાની ભેટ થઈ છે.

**શાંતિ સ્વરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ-પર રૂપ રે,**
**આગમ માંહે વિસ્તર ઘણો, કહ્યા શાંતિ-જિન-ભૂપ રે. શાંતિ. ૧૪**

**અર્થ :** આ રીતે નિજ-સ્વરૂપ શું છે અને પર-રૂપ શું છે તેની સમજણ પ્રભુએ આપી. શાંતિ સ્વરૂપ શું છે તેની ચોખવટ કરી છે. શાંતિનાથ પ્રભુએ (તીર્થંકરોએ) તો આ વાત શાસ્ત્રોમાં ઘણા વિસ્તારથી સમજાવેલ છે.

**શાંતિ સ્વરૂપ એમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાન રે,**
**આનંદઘન પદ પામશે, તે લેશે બહુમાન રે. શાંતિ. ૧૫**

**અર્થ :** જે જીવ આ પ્રમાણે શાંતિના સ્વરૂપને વિચારશે અને તેના ઉપર એકાગ્રતા કરશે તે આનંદઘન સ્વરૂપને પામી મોટા સન્માનને પ્રાપ્ત કરશે. (પ્રણિધાન=એકાગ્રતા)

---



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# સ્તવન : ૧૭ : શ્રી કુંથુનાથ જિન સ્તવન

(રાગ : ગુર્જરી - રામકલી)

**નોંધ :** ગીતાજીના છઠ્ઠા અધ્યાયના ૩૪મા શ્લોકમાં અર્જુનને મનની ચંચળતા બાબત જે મૂંઝવણ ઉભી થયાનું દર્શાવ્યું છે તેવી જ મૂંઝવણ અવધૂશ્રીએ આ સ્તવનમાં દર્શાવી છે. છઠ્ઠા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને યોગની વાત કરી ત્યારે અર્જુને શ્રી ભગવાનને કહ્યું :

**चंचल ही मनःकृष्ण प्रमादि बलवत् द्रढम् ।**
**तस्याहम् निग्रहम् मन्ये बायोरिव सुदुष्करम् ।।**

અર્થાત્ "હે કૃષ્ણ ! મન ચંચળ છે તેટલું જ નહિ પણ મસ્તાનુ, બળવાન તથા દૃઢ છે. આવા મનને કાબૂમાં રાખવું તે વાયુને કાબૂમાં રાખવા જેટલું જ મુશ્કેલ છે."

ભગવાને પણ અર્જુનની આ વાત કબૂલ રાખીને કહ્યું કે એમ હોવા છતાં અંતરના વૈરાગ્યથી અને સતત અભ્યાસથી તેને વશ કરી શકાય છે : "**अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते ।**"

આગલા સ્તવનમાં અવધૂશ્રીએ શાંતિની વાત કરી, પરંતુ મનની ચંચળતા કાબૂમાં ન રહે ત્યાં સુધી શાંતિ ક્યાંથી પ્રાપ્ત થાય ? વિવિધ પ્રકારની ચંચળતાનો આ સ્તવનમાં અવધૂશ્રીએ હૂ-બ-હૂ ખ્યાલ આપેલ છે.

**મનડુ કિમહિ ન બાઝે હો ! કુંથુ જિન ! મનડુ કિમહિ ન બાઝે,**
**જિમ જિમ જતન કરીને રાખું તિમ તિમ અલગું ભાજે. હો કુંથુ. ૧**

અર્થ : હે કુંથુનાથ જિનેશ્વર ! મારું મન એકાગ્ર કેમ નથી થતું ? જેમ જેમ પ્રયત્ન કરીને તેને તારામાં એકાગ્ર કરવા પ્રયત્ન કરું છું તેમ તેમ તે અળગું થતું જાય છે.

નોંધ : પ્રભુધ્યાનમાં મનની ભૂમિકા જ મુખ્ય છે. દરેક પ્રકારના ધ્યાનમાં મનની એકાગ્રતા અનિવાર્ય છે. એક ક્ષણ માટે પણ મન વિચારહીન દશામાં નથી રહી શકતું. આપણને આવતા વિચારો આપણા સ્વભાવને ઘડે છે અને તેથી જ કહ્યું છે કે : **मनः एव मनुष्याणाम् कारणम् बन्ध मोक्षयोः ।** (મનુષ્યના બંધ અને મોક્ષનું કારણ ફક્ત તેનું મન જ છે.)



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**રજની વાસર વસતિ ઉજડ, ગયણ પાયાલે જાય.**
**સાપ ખાયે ને મુખડું થોથું એહ ઉખાણો ન્યાય. હો કુંથુ. ૨**

**અર્થ :** રાત્રિ હોય કે દિવસ હોય, લોકોની વસ્તીમાં હોય કે ઉજ્જડ એકાંત હોય, આકાશમાં જાય અને પાતાળમાં પણ જાય (આમ અનેક પ્રકારની રખડપાટ મન કરે) તો પણ તે સાપના મોઢાની માફક ખાલી અને ખાલી રહે છે. (વાસર = દિવસ, ગયણ = આકાશ, પાયાલે = પાતાળમાં)

**નોંધ :** કહેવત છે કે "સાપ ખાય અને મુખડું થોથું". સાપ અનેક વસ્તુઓને કરડે પરંતુ તેના મોઢામાં કાંઈ આવતું નથી. આ જ રીતે માનવીનું મન અનેક પ્રકારના વિચારોમાં ભમ્યા કરે છે છતાં કાંઈ ગ્રહણ કરતું નથી.

**મુગતિ તણા અભિલાષી તપિયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે,**
**વયરીડું કાંઈ એહવું ચિંતે, નાંખે અવળે પાસે. હો કુંથુ. ૩**

**અર્થ :** મોક્ષના અભિલાષી તપસ્વી પુરુષો જેને જ્ઞાન અને ધ્યાનનો અભ્યાસ છે તેવાઓને પણ આ મનરૂપી વૈરી (વયરીડું) ઊંધે પાટે ચડાવી દેવાનું ચિંતવે છે.

**નોંધ :** સાધના દરમ્યન મુમુક્ષુની ઉત્તરોત્તર પ્રગતિ કેવી રીતે થાય છે તેનું સુંદર વિશ્લેષણ જૈન તત્ત્વજ્ઞોએ ગુણસ્થાનકોની ચર્ચા દરમ્યાન કરેલ છે. કયા ગુણસ્થાને જીવની કેવી પ્રગતિ હોય છે તે દર્શાવેલ છે. આવાં ચૌદ ગુણસ્થાનકો છે. જીવ કર્મ-બંધનોને તોડતો ઉત્તરોત્તર વધુ અને વધુ પ્રગતિ કરે છે ત્યારે એકથી એક વધુ સ્થાનકે પહોંચે છે. પરંતુ કષાયોની માયાજાળને ખપાવતો ખપાવતો અગિયારમા ગુણસ્થાનકે પહોંચે ત્યારે તો એમ જ લાગે કે હવે સંસાર સમુદ્રને પાર કરવામાં વધુ ઢીલ નથી. પરંતુ મનની ચંચળતા આવા મહાત્માઓને પણ છોડતી નથી. બધા કષાયોમાં મોહ કષાય ઘણો ચીકટ મનાય છે. મોહનાશ અત્યંત દુર્લભ છે. ભગવાન મહાવીરના પટ્ટશિષ્ય શ્રી ગૌતમના જીવનની એક રસપ્રદ કહાની આ બાબત લક્ષ્યમાં લેવા જેવી છે. પ્રભુનો દેહ વિલય થયો ત્યારે શ્રી ગૌતમ ત્યાં હાજર નહોતા. તેમણે જ્યારે પ્રભુના દેહ-વિલયની વાત સાંભળી ત્યારે ઘણા ખિન્ન થયા. તેમને હજુ કૈવલ્ય-પ્રાપ્તિ થઈ નહોતી તેથી તેમને થયું કે ભગવાનની હૈયાતીમાં હું જે પામી શક્યો નહીં તે હવે તેમની ગેરહાજરીમાં કેવી રીતે શક્ય બનશે ? સંદેશવાહકને તેથી તેમણે પૂછ્યું કે પ્રભુએ મારા માટે કોઈ સંદેશ આપ્યો છે ? સંદેશવાહકે કહ્યું, "હા, પ્રભુજીએ કહ્યું છે કે ગૌતમને કહેજો કે ગૌતમ ! મારા પ્રત્યેનો મોહ પણ મોહ



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

જ છે જે છોડવો જોઈએ. ગૌતમને ખ્યાલ આવ્યો કે ભગવાન તેમના સ્થૂળ જીવન દરમ્યાન પણ આવો જ બોધ આપતા હતા. તેમણે તુરત જ અંતરનિરીક્ષણ કર્યું અને ખુદ ભગવાન પ્રત્યેના મોહની છેલ્લી કડી પણ તોડી નાંખી અને કૈવલ્ય પ્રાપ્ત કર્યું.

અગિરયારમા ગુણસ્થાનકે પહોંચેલ તપસ્વી મહાત્માઓને પણ જો 'મોહ'ના અંશો રહી ગયા હોય તો તેમનું પતન છેક બીજા ગુણસ્થાનકે થાય છે તેમ તત્ત્વજ્ઞો કહે છે. દરેક કષાયનું ઉદ્ભવસ્થાન આપણું મન છે, જે મન મોક્ષની સીડીના અગિયારમા પગથિયે લઈ ગયું તે જ મન ત્યાંથી પછાડીને બીજા ગુણસ્થાનકે લઈ જાય છે. મનની ચંચળતા આવી છે. તે બંધ અને મોક્ષના કારણભૂત આ રીતે બને છે તેવો ગુહ્યાર્થ આ ગાથામાં છે.

આ મન કેવી રીતે અંકુશમાં આવતું નથી તે દર્શાવતાં હવે કહે છે :

**આગમ આગમ-ધરને હાથે, ના-વે કિણ-વિધિ આંકું,**
**કિહાં કણે જો હઠ કરી હટકું, તો વ્યાલ તણી પરે વાકું. હો કુંથુ. ૪**

**અર્થ :** શાસ્ત્રોના જાણકાર મહાન પંડિતોને હાથે પણ તે કોઈપણ રીતે અંકુશમાં (આંકુ) આવતું નથી અને હું જો આગ્રહપૂર્વક હઠ કરીને કોઈ એક સ્થાને લગાડવા પ્રયત્ન કરું છું તો સર્પ (વ્યાલ)ની પેઠે વાંકુચૂંકું થઈને સરકી જાય છે !! (કિહાં કણે = કોઈ એક સ્થાને, હટકું = લગાડું)

**જો ઠગ કહું, તો ઠગતો ન દેખું, શાહુકાર પણ નાંહિ**
**સર્વ માંહે, ને સહુથી અળગું, એ અચરિજ મન માંહિ. હો કુંથુ. ૫**

**અર્થ :** એ દશ્યમાન નથી તેથી તે બીજાને છેતરતો હોવા છતાં પણ તે ઠગારો છે તેમ પણ કહી શકાતું નથી અને શાહુકાર છે તેમ પણ નહીં. તે બધાની અંદર છે છતાં બધાથી જુદું છે (કેમ કે દશ્યમાન નથી) અને એ જ મનની બાબત મોટું આશ્ચર્ય છે.

**નોંધ :** ઉપર કહ્યું તેમ દરેક કષાયોનું ઉદ્ભવસ્થાન મન છે. મન પોતાનું કામ ઇન્દ્રિયો મારફત કરાવે છે તેથી તે હંમેશા અદશ્ય રહે છે અને માનવીના મનોવ્યાપાર પકડાઈ શકતા નથી. આથી આશ્ચર્યજનક ઘટના એ છે કે મન બધામાં રહીને બધું કામ કરાવે છે છતાં પોતે અલિપ્ત હોય તેવો દેખાવ કરી શકે છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો,**
**સુર નર પંડિત જન સમજાવે, સમજે ના મહરો સાલો. હો કુંથુ. ૬**

**અર્થ :** આ મનને હું ઘણું સમજાવું છું પણ મારી વાત કાને ધરતું જ નથી અને પોતાની રીતે જ ચાલી કાલો (Stupid) થઈને કુટાય છે. મોટા પંડિતો અને મહાનુભાવો ગમે તેટલું સમજાવે પણ સાલો સમજતો જ નથી.

**મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે,**
**બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન જેલે. હો કુંથુ. ૭**

**અર્થ :** મારા જાણવામાં આવ્યું છે કે આ નાન્યતર જાતિનું મન મોટા મોટા મરદોને પણ હંફાવે છે. બીજી દરેક રીતે સમર્થ પુરુષ પણ મનને ઝીલી શકે તેમ નથી.

**મન સાધ્યું તેણે સઘળું સાધ્યું એહ વાત નહીં ખોટી,**
**એમ કહે સાધ્યું તે નવિ માનુ, એક હિ વાત મોટી. હો કુંથુ. ૮**

**અર્થ :** કહેવાય છે કે 'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું' આ કહેવત ખોટી નથી. કોઈ એવો દાવો કરે કે, 'મેં મારા મનને સાધી લીધું છે' તો આવો દાવો હું સહેલાઈથી માનવા તૈયાર નથી. આવો દાવો કરવો તે મોટી વાત (tall Talk) છે.

**મનડું દુરાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણું,**
**આનંદઘન પ્રભુ માહરૂં આણો, તો સાચું કરી જાણું. કુંથુ. ૯**

**અર્થ :** શાસ્ત્રોના વાચનથી હું જાણી શક્યો છું (મતિ આણું) કે આવા દુરાધ્ય મનને પણ હે પ્રભુ, તમોએ વશ કર્યું છે પરંતુ પ્રભુ, મને એવી શક્તિ આપો તો તમોએ મનને વશ કર્યું છે તે વાત આત્માનુભવથી પણ જાણી શકું.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## સ્તવન : ૧૮ : શ્રી અરનાથ જિન સ્તવન

(રાગ : પરજ તથા મારૂ)

**નોંધ :** જૈન તત્ત્વજ્ઞોની એક અનોખી પરિભાષા છે જે સમજ્યા વિના તેમની તત્ત્વની વાતો પણ સમજી શકાય નહીં સામાન્ય અર્થમાં 'સમય'નો અર્થ 'કાળ-વખત-ટાઈમ' થાય છે; પરંતુ જૈન પરિભાષામાં તેનો અર્થ 'સિદ્ધાંત', 'ધર્મ', 'આત્મજ્ઞાન' વગેરે થાય છે.

આ સ્તવનમાં અવધૂશ્રીએ આત્મજ્ઞાન અને અનાત્મજ્ઞાનની ચર્ચા કરી છે. અવધૂશ્રી સંપૂર્ણ આત્મલક્ષી તત્ત્વજ્ઞ કવિ હતા. સંઘ, સંપ્રદાય કે આડાવાડા સાથે તેમને કાંઈ નિસ્બત હતી નહીં તેથી અહીં સ્વધર્મ કે પરધર્મની ચર્ચા છે તે સંપૂર્ણ રીતે આત્મલક્ષી છે. 'સ્વધર્મ' એટલે આત્મધર્મ અને 'પરધર્મ' એટલે અનાત્મધર્મ. હવે ગાથા :

**ધરમ પરમ અરનાથનો, કિમ જાણું ભગવંત રે,**
**સ્વ-પર-સમય સમજાવીએ, મહિમાવંત મહંત રે. ધરમ. ૧**

**અર્થ :** અરનાથ પ્રભુ, આપનો ધર્મ (સિદ્ધાંત) સર્વોત્કૃષ્ઠ છે; તો હે મહિમાવંત પ્રભુ ! સ્વધર્મ શું છે અને પરધર્મ શું છે તે કૃપા કરી મને સમજાવો.

**શુદ્ધાતમ અનુભવ સદા, સ્વ-સમય એહ વિલાસ રે,**
**પરપંડી-છાંહડી જે પડે, તે પર સમય નિવાસ રે. ધરમ. ૨**

**નોંધ :** ગાથાની ત્રીજી લીટીમાં પાઠાંતર છે તેની નોંધ લેવી જોઈએ. અહીં "પરપડી-છાંહડી" એટલે કે પર = બીજાનો 'પડી છાંહડી' એટલે પડછાયો (બીજાનો પડછાયો) તેમ પાઠ છે. બીજો પાઠ 'પરબડી છાંહડી' છે. 'પરબડી' એટલે વાર તહેવારે આવતો. આ બન્ને પાઠાંતર પર-પડીછાંહડી કાવ્યની તથા અર્થની દૃષ્ટિએ વધુ બંધ બેસતું જણાય છે. શ્રી ભગવાન જવાબ આપે છે :

**અર્થ :** કર્મલેપથી રહિત (શુદ્ધાતમ) આત્માનો અનુભવ થાય તે સ્વ-સમયનો આનંદ (વિલાસ) છે પરંતુ જ્યારે પુદ્‌ગલનો પડછાયો પડ્યો જણાય ત્યારે ત્યાં પર-સમય (પર-ધર્મ)નું સ્થાન છે તેમ સમજવું.

**નોંધ :** શુદ્ધ આત્માનું સ્વરૂપ એટલે સિદ્ધ સ્વરૂપ. તે શુદ્ધ સ્વરૂપ તે જ આત્માનો



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ખરો ધર્મ, પરંતુ આત્મા કર્મ-રજથી જ્યારે ખરડાયેલ હોય ત્યારે તે 'પર'ની છાયામાં આવે છે. આત્માનું સ્વરૂપ સ્ફટિક જેવું કલ્પવામાં આવેલ છે. તેથી કર્મ પુદ્ગલના સંસર્ગથી તેની છાયામાં આવે છે ત્યારે તેની શુદ્ધતા ગુમાવે છે. આવું બને ત્યારે તે પર-સમય (પર-ધર્મ)માં નિવાસ કરે છે.

**તારા નક્ષત્ર ગ્રહ ચંદની, જ્યોતિ દિનેશ મોઝાર રે,**
**દર્શન જ્ઞાન ચરણ થકી, શક્તિ નિજાતમ ધાર રે. ધરમ. ૩**

**અર્થ :** આકાશમાં રહેલ તારાઓ, નક્ષત્રો, ગ્રહો તથા ચંદ્રમા તે તમામનો પ્રકાશ સૂર્ય (દિનેશ)માં સમાઈ જાય છે. એટલે કે તે તમામના પ્રકાશનું સ્રોત સૂર્ય છે તે જ રીતે જીવના દર્શન, જ્ઞાન અને ચારિત્ર પોતાનું બળ આત્મામાંથી મેળવે છે. (દિનેશ મોઝાર =સૂર્યમાં)

**નોંધ :** તારા, ગ્રહો, નક્ષત્રો, ચંદ્રમાને સૂર્ય-મંડળના ભાગ તરીકે અહીં ગણ્યા છે. (વૈજ્ઞાનિક દૃષ્ટિએ તારાઓ પોતે જ જુદા જુદા સૂર્યો છે. અહીં તારાનો વ્યાપક અર્થ લેવો.) સૂર્ય-મંડળના ભાગ તરીકે હોવાથી તેઓની જ્યોતિશક્તિનું સ્રોત સૂર્ય છે તે જ રીતે જીવની દર્શન, જ્ઞાન અને ચારિત્રની શક્તિનું મૂળ સ્ત્રોત આત્મા છે. જેટલી આત્મશક્તિ કેળવાય તેટલો દર્શન જ્ઞાન અને ચારિત્રમાં ફરક પડે.

આ સમગ્ર સ્તવનમાં નિશ્ચય-નયની દૃષ્ટિએ શુદ્ધ આત્મસ્વરૂપ ઉપર ભાર મૂકેલ છે. તેથી તમામ શક્તિઓના સ્રોત તરીકે આત્મા છે તેમ દર્શાવ્યું છે.

**ભારી પીળો ચીકણો, કનક અનેક તરંગ રે,**
**પર્યાય દૃષ્ટિ ન દીજીએ, એક જ કનક અભંગ રે. ધરમ. ૪**

**નોંધ :** બારમા વાસુપૂજ્ય સ્વામીના સ્તવનમાં નિશ્ચય-નય અને વ્યવહાર-નયની ચર્ચા અવધૂશ્રીએ કરી. આ સ્તવનમાં પણ તે બન્નેનો ભેદ દર્શાવીને નિશ્ચય-નયની દૃષ્ટિએ આત્માના સ્વરૂપને જોવા ઉપર ભાર મૂક્યો છે. નિશ્ચય દૃષ્ટિ એટલે મૂળ સ્વરૂપની સૈદ્ધાંતિક દૃષ્ટિ. પરંતુ વસ્તુ હંમેશાં મૂળ સ્વરૂપે નથી ભાસતી કારણ કે તે જુદા જુદા રૂપ ગ્રહણ કરે છે. દા.ત. સોનું, સોનાની ધાતુ તે મૂળ સ્વરૂપ છે, પરંતુ તેના જુદા જુદા ગુણો અગર તેનાં જુદાં જુદાં ઘરેણાંના આકાર જુદાં જુદાં સ્વરૂપો ધારણ કરે છે. પણ સોનાની ધાતુ તે તમામ સ્વરૂપોમાં એક જ હોય છે. આથી તેના મૂળસ્વરૂપને જોઈએ ત્યારે આપણી દૃષ્ટિ



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

નિશ્ચય નયની છે. પર્યાય એટલે રૂપાંતર.

આ રીતે આ ગાથામાં સોનાનું દૃષ્ટાંત લઈને કહે છે કે વસ્તુને પર્યાય દૃષ્ટિએ ન જોતાં નિશ્ચય નયની દૃષ્ટિએ જુવો.

**અર્થ :** ભારીપણું (Specific Gravity), પીળાશ, ચિકાશ વગેરે સોનાના અનેક ગુણો (તરંગ) છે, પરંતુ તે ઉપર દૃષ્ટિ લઈને કહે છે કે વસ્તુને પર્યાય દૃષ્ટિએ ન જોતાં નિશ્ચય નયની દૃષ્ટિએ જુવો.

**દર્શન જ્ઞાન ચરણ થકી, અલખ સ્વરૂપ અનેક રે,**
**નિર્વિકલ્પ રસ પીજિયે, શુદ્ધ નિરંજન એક રે. ધરમ. ૫**

**અર્થ :** એ જ રીતે દર્શન, જ્ઞાન અને ચારિત્રની દૃષ્ટિએ જોઈઅસે તો આત્મા જે અલક્ષ્ય (અલખ) છે તેનાં અનેક સ્વરૂપ દેખાય છે પરંતુ તે આત્માનું શુદ્ધ સ્વરૂપ નથી. આત્માના શુદ્ધ નિરંજન-નિર્મળ-સ્વરૂપ ઉપર લક્ષ્ય રાખો અને અભેદ્ય આનંદ ભોગવો.

**નોંધ :** જીવાત્માનો વિકાસ દર્શન, જ્ઞાન અને ચારિત્રની ખિલવણી ઉપર આધાર રાખે છે. જુદા જુદા જીવાત્માનાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર જુદી જુદી રીતે વિકસિત થયેલ હોય. આથી શુદ્ધ આત્માની ઓળખ કોઈપણ જીવનાં દર્શન, જ્ઞાન અને ચારિત્રની ખિલવણી ઉપરથી કરીએ. તો તે સાચી ઓળખ નહીં થાય. તેવી ઓળખ પર્યાય દૃષ્ટિ કહેવાય. માટે આત્માના શુદ્ધ અને નિર્મળ સ્વરૂપ ઉપર જ દૃષ્ટિ રાખશો તો તમામ જીવસૃષ્ટિ સાથે હું એક છું તેવો નિર્વિકલ્પ આનંદ પામશો.

**પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંત રે**
**વ્યવહાર લખ જે રહે, તેહના ભેદ અનંત રે. ધરમ. ૬**

**અર્થ :** પરમ-અર્થ એટલે શુદ્ધ નિશ્ચય નયનો માર્ગ જેઓ કહે છે તેઓ એક તંત્ર (તંત)ના ખ્યાલથી સંતુષ્ટ રહે છે, પરંતુ જેનું લક્ષ્ય (લખ) વ્યવહાર પર્યાય ઉપર રહે છે તેને આત્માના અનંત ભેદ દેખાય છે.

**નોંધ :** જૈનદર્શન પ્રમાણે સમગ્ર વિશ્વ એક સળંગ અને અભેદ્ય તંત્ર વ્યવસ્થા છે. જે વ્યક્તિ શુદ્ધ આત્મતત્ત્વને જાણે છે અને સમજે છે એટલે કે જેની દૃષ્ટિ નિશ્ચય નયની છે



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

તે દરેક જીવાત્મા એક જ પ્રકારના શુદ્ધ આત્માનું જ દર્શન કરે છે અને તેવું દર્શન પ્રાપ્ત થયા બાદ આ સારુંય વિશ્વ એક અને અભેદ્ય તંત્ર છે તેવું તેને જ્ઞાન થાય છે. પરંતુ જો તેવી દૃષ્ટિ પર્યાયિક ભાવ ઉપર જ રહે તો તેને શુદ્ધ આત્માનું દર્શન ન થાય અને એકત્વની ઝાંખી પણ ન થાય.

**વ્યવહારે લખ દોહિલો, કાંઈ ન આવે હાથ રે,**
**શુદ્ધ નય થાપના સેવતાં, નવિ રહે દુવિધા સાથ રે. ધરમ. ૭**

**અર્થ :** વ્યવહાર નયથી લક્ષ્યને (આત્માને) પ્રાપ્ત કરવાનું મુશ્કેલ છે - તેનાથી કાંઈપણ હાથ આવતું નથી. પરંતુ શુદ્ધ નયની સ્થાપના કરવાથી આપણને કાંઈપણ પ્રકારની દુવિધા રહેતી નથી.

**નોંધ :** નિશ્ચય નયે આત્માને શુદ્ધ સ્વરૂપે ઓળખવાથી કોઈપણ બે આત્મા વચ્ચેનો ભેદ જણાશે નહીં. મનુષ્યના જીવ અને વનસ્પતિના જીવ વચ્ચેનો ભેદ ચાલી જશે કેમ કે બન્નેમાં શુદ્ધ આત્માની સ્થિતિ એક જ પ્રકારની છે. એટલે કહે છે કે શુદ્ધ નયની સ્થાપના થવાથી તમામ દ્વૈતનો નાશ થાય છે - હું-તુંનો ભેદ મટી જાય છે અને અહિંસા આપોઆપ પ્રસ્થાપિત થાય છે.

**એક પખી લખ પ્રીતની, તુમ સાથે જગ-નાથ રે,**
**કૃપા કરીને રાખજો, ચરણ તલે ગ્રહી હાથ રે. ધરમ. ૮**

**અર્થ :** હે જગન્નાથ પ્રભો, તારી સાથેની મારી પ્રીત એકપક્ષીય છે. (કેમ કે પ્રભો આપ વીતરાગ છો અને શુદ્ધ આત્મસ્વરૂપ છો જ્યારે હું રાગ-દ્વેષથી ઘેરાયેલો વ્યવહારલક્ષી છું) (આથી પ્રભુ, હું શુદ્ધ આત્મલક્ષી ન થઈ શકું ત્યાં સુધી) મારા હાથ ગ્રહીને મને કૃપા કરીને આપના ચરણ પાસે જ રાખજો. (આપની સેવાની તક આપજો.) (લખ=લક્ષ્ય)

**નોંધ :** નિશ્ચય-નયની દૃષ્ટિ કેળવવી તે શુદ્ધ જ્ઞાનમાર્ગ છે જે અતિકઠિન છે. આ જ્ઞાનમાર્ગ મેળવતાં સમય લાગે તે દરમ્યાન પ્રભુસેવામાં-ભક્તિમાં મન પરોવવું તેવો અહીં સંકેત છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**ચક્રી ધરમ-તીરથ તણો, તીરથ ફલ તત્ત્ સાર રે,**
**તીરથ સેવે તે લહે, આનંદઘન નિરધાર રે. ધરમ. ૯**

**અર્થ :** પ્રભુ, તમો તો ધર્મ-તીર્થના સ્થાપક તીર્થંકર છો (ચક્રી) અને તીર્થંકરનું ફળ તો ત્યારે મળે કે જ્યારે આપે બતાવેલ તત્ત્વજ્ઞાનનો સાર પામીએ. માટે આપે સ્થાપેલ તીર્થની જે સેવા કરે (એટલે કે આપના તત્ત્વજ્ઞાનને અનુસરે) તે નક્કી નિજાનંદને પામશે.

**નોંધ :** અહીં આ સ્તવનમાં શુદ્ધ આત્મ-સ્વરૂપના જ્ઞાનમાર્ગથી શરૂ કરી તે માર્ગ પૂર્ણ રીતે પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તીર્થંકર દેવે કરેલ પ્રરૂપણાને સેવીને આગળ વધવાની સલાહ અવધૂશ્રી આપે છે.

નિશ્ચય-નય અને વ્યવહારનયની ચર્ચા આ સ્તવનમાં છે, અને સ્વ-સમય એટલે આત્માનુસંધાનની સર્વોપરિતા સિદ્ધ કરે છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# સ્તવન : ૧૯ : શ્રી મલ્લિનાથ જિન સ્તવન

(રાગ : કાફી)

નોંધ : કોઈપણ જીવને કૈવલ્યની પ્રાપ્તિમાં બાધારૂપ થતા અઢાર દોષો છે, જેનું વર્ણન નીચે મુજબ છે. (૧) અજ્ઞાન, (૨) નિદ્રા, (૩) તંદ્રા (સ્વપ્ન), (૪) જાગરદશા, (૫) મિથ્યાત્વ, (૬) હાસ્ય, (૭) રતિ, (૮) અરતિ, (૯) શોક, (૧૦) ભય, (૧૧) દુર્ગંછા, (૧૨) ત્રણ વેદ (વેદના) - સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદનો ઉદય, (૧૩) રાગ-દ્વેષની અવિરતિ, (૧૪) દાનાંતરાય, (૧૫) લાભાંતરાય, (૧૬) ભોગાન્તરાય, (૧૭) ઉપભોગાન્તરાય, (૧૮) વીર્યાન્તરાય.

તત્ત્વજ્ઞો કહે છે કે આ અઢાર દોષો દૂર થાય તો નીચેના ગુણો પ્રગટ થાય : ઉજાગર દશા, સમકિત, સમભાવ, અવેદી અવસ્થા, સર્વ-વિરતિ, અનંતદાન, લાભ, ભોગ-ઉપભોગ અને વીર્ય. આ ગુણો પ્રગટ થયે કૈવલ્ય પ્રાપ્ત થાય.

આ સ્તવનમાં અવધૂશ્રીએ આ દોષોનું વર્ણન કરી પ્રભુ મલ્લિનાથના જીવનમાં જે સદ્દ્ગુણો પ્રગટ થયા તેનું સુંદર વર્ણન ઉપાલંભ શૈલીમાં કરેલ છે. પ્રભુનો જીવ સાધક દશામાં હતો ત્યારે ઉપરના દોષોએ ઘર કરેલ અને તેઓ જ પ્રભુના સેવક બની ગયેલ. પરંતુ પ્રભુએ એક પછી એક તે બધાને દેશવટો આપી તેમના સ્થાને સદ્દ્ગુણોને પ્રસ્થાપિત કર્યા. આથી પ્રથમ ગાથામાં પ્રભુને ઉપાલંભ આપે છે કે હે પ્રભુ, તમારા આ જૂના સેવકો, કે જેને બીજા મનુષ્યો હજુ પણ આદર આપે છે, તેને તો તમોએ અવગણીને કાઢી મૂકયા ! આવા જૂના વફાદારોને કાઢી મૂકવામાં તમારી શોભા છે ? ત્યારબાદની ગાથા નં. ૨થી ૯માં એક એક દોષને કેવી રીતે કાઢી મૂકયો તેનું વર્ણન છે.

**સેવક કિમ અવગણિયે ? હો ! મલ્લિ જિન એ અબ શોભા સારી ?**
**અવર જેહને આદર અતિ દીયે, તેહને મૂલ નિવારી હો !... મલ્લિ. ૧**

**અર્થ :** હે મલ્લિનાથ ! જે આપના જૂના સેવકો હતા (વિવિધ પ્રકારના દોષો) તેને હવે કેમ તદ્દન અવગણો છો ? તેમાં તમારી શોભા છે ? જેનો બીજાઓ અતિ આદર-સત્કાર કરે છે તેનો તો તમોએ મૂળમાંથી જ નાશ કર્યો !

**જ્ઞાન સ્વરૂપ અનાદિ તમારું, તે લીધું તમે જાણી,**
**જુવો અજ્ઞાન દશા રીસાણી, જાતા કાણ ન આણી હો !... મલ્લિ. ૨**



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ :** તમારા આત્માનું જે અસલ જ્ઞાન સ્વરૂપ છે તેને તમોએ ખેંચીને લઈ લીધું અને તમારી જે અજ્ઞાન દશા હતી તેને રીસ ચડે તેવું કૃત્ય કર્યું. તેટલું જ નહીં પરંતુ તે માટે દિલગીર થવાની કાળજી પણ ન કરી ! (કાણ ન આણી) (આ તમારી કેવી બેદરકારી !)

**નોંધ :** અહીં અઢાર દોષો માંહેના પ્રથમ દોષ અજ્ઞાન દોષની પ્રભુના હાથે શી વલે થઈ તેનું વર્ણન છે. અહીંથી શરૂ કરી ગાથા નં. ૯ સુધી એક પછી એક અઢાર દોષોને કાઢી પ્રભુએ તેની જગ્યાએ કયા સદ્ગુણને સ્થાન આપ્યું તે આવે છે જે દર્શાવે છે કે આપણે પણ આ દોષોને કાઢવા શું કરી શકીએ.

**નિદ્રા સુપન જાગર ઉજાગરતા, તુરિય અવસ્થા આવી,**
**નિદ્રા સુપન દશા રીસાણી, જાણી ન નાથ ! મનાવી !... મલ્લિ. ૩**

**અર્થ :** ઊંઘ-અજ્ઞાન દશા-જન્ય-સ્વપ્ન (તંદ્રા) સાંસારિક જાગૃતિ અને જાગૃત (ઉજાગરતા) તેમ ચાર પ્રકારની અવસ્થામાંથી તમોએ ચોથા પ્રકારની અવસ્થા (ઉજાગરતા)નો સ્વીકાર કર્યો. આથી નિદ્રા અને સ્વપ્નદશા (જે અજ્ઞાનતા-જન્ય હતી તે)ને રીસ ચડી તે તમોએ જાણ્યું. છતાં તેને મનાવી લેવાનો પ્રયત્ન પણ ન કર્યો. (તુરિય=ચોથી)

**નોંધ :** અહીં નિદ્રા, સ્વપ્ન અને સાંસાકિ જાગૃતિ - તેમ ત્રણ દોષોનો ઉલ્લેખ આવ્યો પરંતુ રિસાવામાં નિદ્રા અને સ્વપ્ન દશાનો જ ઉલ્લેખ કર્યો કારણ કે આત્મિક જાગૃતિ થાય ત્યારે સાંસારિક જાગૃતિનું તો મૃત્યુ જ થાય. તેને રિસાવાનો અવકાશ જ ન રહે.

**સમકિત સાથે સગાઈ કીધી, સપરિવાર શું ગાઢી,**
**મિથ્યા-મતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી... હો મલ્લિ. ૪**

**અર્થ :** શુદ્ધ સમકિત સાથે તેના સમગ્ર પરિવાર સહિત પ્રેમ કર્યો અને મિથ્યા મતિને ગુનેગાર ઠરાવીને ઘર બહાર કાઢી મૂકી. (ગાઢી = દૃઢ)

**હાસ્ય, અરતિ, રતિ, શોક, દુગંછા, ભય પામર કરસાલી,**
**નો-કષાય શ્રેણિ-ગજ ચઢતાં, શ્વાન તણી ગતિ જાણી... હો મલ્લિ. ૫**

અર્થ : ઠઠ્ઠા-મશ્કરી, અરતિ (તિરસ્કાર), રતિ (મોહ), શોક, દુગંછા (નાક મચકોડવું અને ભય - આ છ તુચ્છનો-કષાયોને તો આપે કચડી નાંખ્યા (કરસાલી) અને



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષપક-શ્રેણીરૂપ હાથી ઉપર બિરાજમાન થયા ત્યારે તે છની સ્થિતિ તો હાથી પાછળ દોડતા કૂતરા જેવી થઈ. (નોકષાય = "હાસ્ય" વ. ક્રોધાદિક મુખ્ય કષાયોને મદદ કર્તા છે)

**નોંધ :** જીવ ગુણસ્થાનકોએ ચડતો જાય ત્યારે એક પછી એક દોષોનો નાશ થતો જાય તેને ક્ષપક-શ્રેણી કહે છે. આવી ક્ષપક-શ્રેણીના હાથી પર ચડીને ભગવાને દોષોને કચડી નાંખ્યા.

**રાગ દ્વેષ અવિરતિની પરિણતિ, એ ચરણ-મોહના યોધા,**
**વીતરાગ પરિણતિ પરિણમતાં, ઊઠી નાઠા બોધા... હો મલ્લિ. ૬**

**અર્થ :** રાગ અને દ્વેષ - આ બન્ને ચારિત્ર-મોહના યોદ્ધાઓ છે, જે અવિરામપણે (અવિરતિ) પરિણામ (પરિણતિ) આપ્યા જ કરે છે; પરંતુ આપે આત્માનું રૂપાંતર વિતરાગ સ્થિતિમાં કર્યું. તેથી આ બન્ને યોદ્ધાઓને તેની જાણ (બોધા) થતાં જ નાસી ગયા.

**નોંધ :** મોહનીય કર્મ ચારિત્રની ખિલવણીને અટકાવે છે. તે મોહનીય કર્મના મુખ્ય લડવૈયાઓ રાગ અને દ્વેષ છે, પરંતુ આત્મામાં વીતરાગ સ્થિતિ પ્રાપ્ત થતાં આ રાગ અને દ્વેષની હસ્તી રહેતી નથી.

**વેદોદય કામા પરિણામા, કામ્ય-કર્મ સહુ ત્યાગી,**
**નિઃકામા કરૂણા-રસ સાગર, અનંત ચતુષ્ક પદપાગી... હો મલ્લિ. ૭**

**અર્થ :** ત્રણ પ્રકારના વેદોદય કર્મો - સ્ત્રી, પુરુષ અને નપુંસક વિશે ઉત્પન્ન થતાં કામ વિકારો - સહિતના તમામ પ્રકારના વાસનાજન્ય કર્મોનો આપે ત્યાગ કર્યો છે. નિષ્કામ કરુણારસના હે સાગર ! આપ તો અનંત ચતુષ્ક (અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતચારિત્ર અને અનંતવીર્ય - તેમ ચાર)ના આપ શોધક (પાગી = પગેરું મેળવનાર) છો.

**દાન-વિઘન વારી સહુ જનને, અભય-દાન પદદાતા,**
**લાભ-વિઘન, જગ-વિઘન નિવારક, પરમ લાભ રસ માતા ... હો મલ્લિ. ૮**

**અર્થ :** દાન-અંતરાયનો છેદ કરી (વારી) સર્વ પ્રાણીઓને આપ અભયદાન પદ આપો છો. સંસારમાં વિઘ્નરૂપ લાભ-અંતરાય કર્મનો આપ નાશ કરનાર છો અને આત્માનંદનો પરમ રસ લઈ તેમાં મસ્ત છો.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**વીર્ય-વિઘન પંડિત વીર્યે હણી, પૂરણ પદવી યોગી,**
**ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગ સુભોગી. હો મલ્લિ. ૯**

**અર્થ :** વીર્યાન્તરાય કર્મનો ઉત્તમ પ્રકારના આત્મિક વીર્યથી આપે નાશ કર્યો અને મોક્ષ પદવી (પૂરણ પદવી) સાથે આપ જોડાયા (યોગી). ભોગ-ઉપભોગ (જે વારંવાર ભોગવાય તે ઉપભોગ) તે બન્નેના અંતરાયો આપે નિવાર્યા અને આત્માનંદના સંપૂર્ણ ભોગી બન્યા.

**નોંધ :** અહીં અઢાર દોષોના નાશનો ઉલ્લેખ પૂરો થાય છે.

**એ અઢાર દૂષણ વરજિત-તનુ, મુનિજન વૃંદે ગાયા,**
**અવિરત-રૂપક દોષ નિરૂપણ, નિર્દૂષણ મન ભાયા. હો મલ્લિ. ૧૦**

**અર્થ :** આ પ્રકારના અઢાર દોષોથી આપનો દેહ મુક્ત છે, અને મુનિજનોએ તેની પ્રશંસા કરી છે. આ દોષો અવિરતિ એટલે અસંયમનું રૂપ ધારણ કરે છે છતાં આપ તે દોષોથી મુક્ત થયા છો તેથી સર્વના મનમાં વસ્યા છો.

**ઈણ વિધ પરખી, મન વિસરામી, જિનવર ગુણ જે ગાવે,**
**દીનબંધુની મહેર-નજરથી, આનંદઘન પદ પાવે. હો. મલ્લિ. ૧૧**

**અર્થ :** આ રીતે સમજીને મનના વિસામા રૂપ જિનેશ્વર દેવના ગુણ જે કોઈ ગાય તે દીનબંધુ જિનેશ્વરદેવની મહેરબાની મેળવી નિજાનંદ સ્વરૂપને પામશે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# સ્તવન : ૨૦ : શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

(રાગ : કાફી)

**નોંધ :** ભારતીય દર્શનોમાં આત્મતત્ત્વનું સ્વરૂપ જુદી જુદી પદ્ધતિથી રજૂ કરવામાં આવેલ છે.

**સાંખ્યદર્શન** માને છે કે પ્રકૃતિની ત્રિગુણાત્મક (સત્ત્વ, રજસ અને તમસ) પ્રવૃત્તિથી સાંસારિક ક્રિયાઓ થયા કરે છે, પરંતુ આત્મતત્ત્વ તો કુટસ્થ અને અબંધ રહે છે.

**અદ્વૈતવાદીઓ** માને છે કે સારુંયે વિશ્વ બ્રહ્મમય છે અને જડ-ચેતનના ભેદ ભ્રામક છે, જે જડ પદાર્થ જણાય છે તે તો ફક્ત માયારૂપ છે - મિથ્યા છે.

**કેવલાદ્વૈતવાદીઓ** એમ માને છે કે આત્મતત્ત્વ એકાંતે નિત્ય છે એટલે કે તેમાં કોઈપણ સંજોગોમાં ફેરફાર દેખાતો નથી અને તે તમામ ફેરફારોથી અલિપ્ત રહી પોતાના સ્વરૂપમાં લીન છે.

**બૌદ્ધમત** માને છે કે આત્માં પણ ક્ષણિક છે. નદીના વહેતા પાણીનું એક એક બુંદ ક્ષણિક હસ્તી ધરાવી વહી જાય છે તે જ રીતે આત્મજીવન વહી જાય છે. આ રીતે સતત ચાલતું વહેણ તેને નિત્યતાનો ભાસ આપે છે પરંતુ વસ્તુતઃ તે અનિત્ય છે.

આ બધાથી વિરુદ્ધ રીતે **ચાર્વાકો** તો આત્મતત્ત્વનો સ્વીકારજ કરતા નથી અને કહે છે કે વિશ્વની તમામ પ્રવૃત્તિ ચાર મહાભૂતોની રાસાયણિક ક્રિયાથી જ ચાલે છે.

આ રીતે દાર્શનિકોનો આત્મતત્ત્વ વિશેનો મત ભિન્ન ભિન્ન પ્રકારે વ્યક્ત થાય છે. આથી આ સ્તવનમાં અવધૂશ્રી જિનેશ્વર દેવને વિનંતી કરે છે કે પ્રભુ ! આ બધામાં સાચું શું તે મને સમજાવો.

જુદા જુદા મતો વ્યક્ત કરીને અવધૂશ્રી તેનું ખંડન પણ કરે છે અને કહે છે કે, ચિત્ત-સમાધિ માટે હું આ પ્રશ્ન પૂછું છું. પ્રશ્ન પૂછયા બાદ ગાથા ૮, ૯માં પોતે જ જિનેશ્વરદેવના મુખમાં જવાબ મૂકે છે.

**શ્રી મુનિ સુવ્રત જિનરાજ ! એક મુજ વિનતિ નિસુણો. શ્રી મુનિ.**
**આત્મતત્ત્વ કયું જાણું ? જગત-ગુરૂ ! એહ વિચાર મુજ કહિયો,**
**આતમતત્ત્વ જાણ્યા વિણ નિર્મળ ચિત્ત-સમાધિ ન વિ લહિયો ? શ્રી મુનિ. ૧**

**અર્થ :** હે મુનિ સુવ્રત જિનેશ્વર ! મારી એક વિનંતી સાંભળો. જગતગુરુ ! મને સમજાવો કે આત્મતત્ત્વ શું છે ? કેવું છે ? કેમ કે તે જાણ્યા વિના શુદ્ધ ચિત્તસમાધિ



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

મેળવવી મુશ્કેલ છે.

**કોઈ અબંધ આતમ-તત્ત્વ માને કિરિયા કરતો દીસે,**
**કિરિયા તણું ફલ કહો કુણ ભોગવે ? ઈમ પૂછ્યું ચિત્ત રીસે. શ્રી મુનિ. ૨**

**અર્થ :** કોઈ દાર્શનિકો આત્માને નિર્લેપ અને બંધનરહિત માને છે. છતાં આત્મોન્નતિ માટે જુદી જુદી ક્રિયાઓ તો કરે જ છે. આથી તેને પૂછીએ કે જો આત્મા કૂટસ્થ અબંધ સ્થિતિમાં જ રહેતો હોય તો તમો જે ક્રિયાઓ કરો છો તેનું ફળ કોણ ભોગવશે ? આત્માને તેનું ફળ ભોગવવાનું ન હોય કેમ કે તે બંધનરહિત છે તો બીજા કોણ ભોગવશે ? આવા પ્રશ્નનો જવાબ તેમની પાસે ન હોવાથી તેઓ રીસે ભરાય છે.

**નોંધ :** અહીં શ્રી કપિલમુનિના સાંખ્યમતનો ઉલ્લેખ છે તે, આત્મા માટે કહે છે કે તે "विगुणो न बध्यते, न मुच्यते" એટલે આત્મા ગુણરહિત છે જે બંધાતો નથી અગર મુક્ત થતો નથી. અવધૂશ્રી કહે છે કે જો આમ જ હોય તો ક્રિયાઓનું ફળ કોણ ભોગવે છે ? આ પ્રશ્નનો તેમની પાસેં જવાબ નથી તેથી તેમની વાત સંતોષકારક નથી.

**જડ ચેતન એ આતમ એક જ , સ્થાવર જંગમ સરિખો,**
**સુખ દુઃખ સંકર દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરીખો. શ્રી મુનિ. ૩**

**અર્થ :** બીજાઓ એમ માને છે કે જડ-ચેતન, સ્થાવર-જંગમ તે સર્વ એક જ બ્રહ્મ છે. આ માન્યતા સ્વીકારીએ તો સુખ દુઃખના સંમિશ્રણ વચ્ચે કોઈ ભેદભાવ રહેતો નથી. તેથી જો ધ્યાનપૂર્વક આ વાત વિચારીએ તો તત્ત્વજ્ઞાનમાં જેને સંકર-દોષ કહે છે તે લાગે છે.

નોંધ : અહીં અદ્વૈતવાદી વેદાંતીઓનો ઉલ્લેખ છે, જેઓ માને છે કે સમસ્ત વિશ્વ એક બ્રહ્મમય જ છે. જડ અને ચેતન બન્ને બ્રહ્મમાંથી ઉત્પન્ન થયાં છે અને કેવળ બ્રહ્મમય જ છે. આથી બ્રહ્મ સત્ય જગત મિથ્યા તેમ તેઓ માને છે. તેમને મન આ પ્રકૃતિમય જગત છે તે માયા છે. અવધૂશ્રી કહે છે કે આ વાત સ્વીકારવામાં પણ મુશ્કેલી છે, કારણ કે જો તેમ હોય તો જડ-ચૈતન્ય, સુખ દુઃખ, સ્થાવર-જંગમ વગેરે જે ભિન્ન ભિન્ન પ્રકૃતિનાં દ્વંદ્વો જણાય છે તેનું મિશ્રણ થઈ જાય છે અને તર્કશાસ્ત્રમાં જેને સંકર-દોષ કહેવાય છે તે લાગે છે. સંકર એટલે મિશ્રણ. બે વિરોધાભાસી તત્ત્વો ચેતન-જડ, સુખદુઃખ, સ્થાવર-જંગમ એક જ હોય તે જૈન મતે એકાંત દૃષ્ટિ છે અને વસ્તુને તેના ખરા સ્વરૂપમાં જોવામાં બાધક છે. એટલે આવું મિશ્રણ તત્ત્વની દૃષ્ટિએ યથાર્થનો ખ્યાલ આપી શકે નહીં તેમ



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

અવધૂશ્રી કહે છે.

**એક કહે નિત્ય જ આતમતત્ત્વ, આતમ દરિશણ લીનો,**
**કૃત-વિનાશ અકૃતાऽऽગમદૂષણ નવિ દેખે મતિ હીણો. શ્રી મુનિ. ૪**

**અર્થ :** કોઈ વળી એમ કહે છે કે આત્મતત્ત્વ નિત્ય જ એટલે કે કોઈપણ પ્રકારના ફેરફાર રહિત અને પોતે પોતાના દર્શનમાં જ લીન રહેવાવાળું તત્ત્વ છે. પરંતુ આ વાત પણ વિચાર વિનાની છે કેમ કે તે સ્વીકારવામાં આવે તો કૃત-વિનાશ એટલે કરેલાં કર્મોનો નાશ અને અકૃતાગમ એટલે ભવિષ્યમાં ઉપાર્જન થાય તેવાં કર્મોનો ભોગવટો - તે બન્નેનો કોઈપણ અવકાશ રહેતો નથી.

**નોંધ :** જૈન તત્ત્વજ્ઞોના મત મુજબ આત્મા પરિણામી એટલે કે કર્મફળનું પરિણામ ભોગવવાવાળો છે, પરંતુ કૈવલાદ્વૈતવાદીઓ માને છે કે આત્મા પરિણામી નથી. તે તો નિત્ય જે પ્રકારનો છે તે પ્રકારે જ કૂટસ્થ કૈવલ્યની સ્થિતિમાં જ રહે છે. (આ મત શ્રી કપિલના સાંખ્યને ઘણો મળતો આવે છે.) અવધૂશ્રી કહે છે કે આ મતનો સ્વીકાર કરવામાં પણ મુશ્કેલી છે કારણ કે જો તેમ હોય તો કૃત એટલે કરેલા કર્મોનું ફળ કોણ ભોગવે ? અને અકૃત એટલે હાલ નથી કર્યાં પરંતુ ભવિષ્યમાં થવા પામે તેવા કર્મોનું ફળ કોણ ભોગવશે ?

જે આત્મા કર્મફળથી ઉત્પન્ન થતાં પર્યાયો (ફેરફાર)ને આધીન નથી તેને બંધ નથી અને તેથી બંધમાંથી મુક્ત થવાના ઉપાયોની પણ જરૂર નથી.

**સૌગત મત રાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો,**
**બંધ મોક્ષ સુખદુઃખ નવિ ઘટે, એહ વિચાર મન આણો. શ્રી મુનિ. ૫**

**અર્થ :** વળી બૌદ્ધમતના અનુયાયીઓ એમ કહે છે કે આત્મતત્ત્વ ક્ષણિક છે એમ સમજો. પરંતુ એટલો તો વિચાર કરો કે જો આત્મા ક્ષણિક હોય તો તેને માટે બંધ મોક્ષ, સુખ કે દુઃખ કાંઈ ભોગવવાનું રહે જ નહીં. (કેમ કે જે ક્ષણિક છે તેનો નાશ થાય છે અને તેથી એક ભવમાં કરેલ કર્મોના ફળ ભોગવનાર કોઈ રહેતું જ નથી.)

નોંધ : બૌદ્ધ મતવાદીઓ કર્મમાં અને કર્મફળમાં તો માને જ છે, પુનર્જન્મમાં પણ માને છે તો પ્રશ્ન એ થાય છે કે જો કર્મ હોય, કર્મફળ હોય, પુનર્જન્મ પણ હોય તો એક જન્મમાં પ્રાપ્ત કરેલ કર્મફળ, પુનર્જન્મમાં કોણ ભોગવે ? કર્મ કરનાર આત્મા તો ક્ષણિક હોવાથી ચાલ્યો ગયો અને પુનર્જન્મમાં આવેલ નવા આત્માએ તો નવાં કર્મ કરવાનાં



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

બાકી છે તેથી તે જૂનાં આત્માનાં કર્મોનાં ફળ શા માટે ભોગવે ? બૌદ્ધો આ સમસ્યાનો જવાબ એવો આપે છે કે પુનર્જન્મમાં આવનાર નવો આત્મા પૂર્વજન્મના કર્મોથી બાધિત થઈને આવે છે. આને Doctrine of Conditional Origination કહે છે. બીજા આત્માનાં કર્મોથી નવો આત્મા બાધિત (Conditional) શા માટે બને ? તેનો કોઈ યોગ્ય ખુલાસો મળતો નથી. અવધૂશ્રીને આ મત પણ પસંદ નથી.

**ભૂત ચતુષ્ક વર્જિત આતમ તત્ત, સત્તા અલગી ન ઘટે,**
**અંધ શકટ જો નજરે ન દેખે, તો શું બીજે શકટે ? શ્રી મુનિ. ૬**

**અર્થ :** ઘણા એમ માને છે કે ચાર મહાભૂતો - પૃથ્વી, પાણી, તેજ અને વાયુ - તે આ વિશ્વના મૂળ પદાર્થો છે અને તેથી સ્વતંત્ર રીતે બીજી કોઈ આત્માની સત્તા નથી. પરંતુ આ ચારને વહન કરનાર ગાડું (શકટ) છે તેને આંધળો માણસ જોઈ શકતો ન હોય તો તેમાં ગાડાનો શો વાંક ?

**નોંધ :** અહીં ચાર્વાક મતવાદીઓનો નિર્દેશ છે, જેઓ આત્માના અસ્તિત્વમાં જ માનતા નથી અને માને છે કે સારુંયે વિશ્વ ચાર મહાભૂતોનું જ બનેલ છે અને વિશ્વનું તંત્ર આ ચાર મહાભૂંતો સાંયોગિક અનુબંધોથી જ ચાલે છે. અવધૂશ્રી વિશેષમાં કહે છે કે આ ચાર મહાભૂતો જે જડ સ્વરૂપ છે તેને વહન કરનાર આત્મા, (જેને ગાડાનું રૂપક આપે છે તે)ને કોઈ અંધ માણસ જોઈ શકતો જ ન હોય તો તેમાં ગાડાનો શો વાંક ? ચાર મહાભૂતોમાં જે ચેતનશક્તિ છે જેને લઈને આ મહાભૂતો પ્રભાવ પાડી શકે તે તેમની ચેતનશક્તિ છે. આ ગાડારૂપે રહેલ શક્તિને કોઈ ઓળખી શકે નહિ તો તે તેનો દૃષ્ટિ-દોષ છે, શક્તિનો દોષ નથી.

**એમ અનેક વાદી મત વિભ્રમ, સંકટ પડિયો ન લહે,**
**ચિત્ત સમાધિ માટે પૂછું, તુમ વિણ તત્ત કોઈ ન કહે. શ્રી મુનિ. ૭**

અર્થ : આ રીતે અનેક વાદવિવાદથી મારી મતિ તો ભ્રમિત થઈ છે; હું ગૂંચવણ (સંકટ)માં પડી ગયો છું અને (ખરા તત્ત્વને) પામતો નથી (ન લહે). આ કારણે હું મારા પોતાના ચિત્તના સમાધાન માટે પ્રભો ! તને આ પ્રશ્ન પૂછું છું જેનું તત્ત્વ તારા સિવાય કોઈ મને કહી શકે તેમ નથી. (લહે = જાણી શકે)

**વળતું જગ-ગુરૂ એણી પરે ભાખે, પક્ષપાત સબ છંડી,**
**રાગદ્વેષ, મોહ, પખ-વર્જિત, અતિમ શું રઢ મંડી. શ્રી મુનિ. ૮**



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ :** જવાબમાં જગતગુરુ શ્રી મુનિ સુવ્રત સ્વામીએ કોઈપણ પ્રકારના પક્ષપાતરહિત કહ્યું :

ભાઈ, તું રાગ, દ્વેષ અને પક્ષપાતને ત્યજી દઈને શુદ્ધ આત્મભાવમાં જ દઢતાપૂર્વક (રૂઢ) લીન થા (મંડી), અને,

**આતમ ધ્યાન કરે જે કોઉ, સો ફિર ઈણ મેં નાવે,**
**વાગ્ જાળ બીજુ સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત ચાવે. શ્રી મુનિ. ૯**

**અર્થ :** જે પ્રાણી શુદ્ધ આત્માનું ધ્યાન ધરે છે તે ફરી વખત આ સંસારના ચક્કરમાં પડતો નથી (ફીર ઈણ મેં નાવે) બીજું બધું વાણી વિલાસ (વાગ્જાળ) છે. આ જ ખરું તત્ત્વ છે તેવું તેના ચિત્તમાં ઠસે છે.

**નોંધ :** આત્મા છે, કર્મ છે, કર્મ-ફળ છે, આત્મા કર્મનો કર્તા છે, રાગ દ્વેષ કર્મજનક છે અને આત્મા તેનાથી રંગાઈ જાય છે તેથી તેને કર્મફળ ભોગવવું જ પડે છે - આટલું સમજાઈ જાય તો રાગદ્વેષ વગેરે કર્મ-જન્ય કષાયોથી રંગાયેલ નથી તેવા શુદ્ધ આત્માનું ધ્યન ધરવું તે જ એક ઉપાય છે, બાકી તમામ બૌદ્ધિક વિતંડાવાદ છે.

**જેણે વિવેક ધરી એ પખ ગ્રહિયો, તે તત્ત્વજ્ઞાની કહીએ,**
**શ્રી મુનિ સુવ્રત કૃપા કરો તો આનંદઘન પદ લહિયે. શ્રી મુનિ. ૧૦**

**અર્થ :** આ રીતે જે પુરુષ આવા આત્મજ્ઞાનનો પક્ષપાતી થશે તે ખરો તત્ત્વજ્ઞાની છે. હે પ્રભુ, આપ કૃપા કરો તો આવો તત્ત્વજ્ઞાની હું થાઉં અને આનંદઘન પદ-મોક્ષ-ન પ્રાપ્ત કરું.

**નોંધ :** આ રીતે આ સ્તવનમાં આત્માના સ્વરૂપની ચર્ચા થઈ. વિવિધ દાર્શનિકોના દર્શનમાં કયા અસંગત છે તે બતાવીને અવધૂશ્રીએ છેવટે કહ્યું કે રાગ-દ્વેષ વગેરે કષાયોથી મુક્ત અને શુદ્ધ નિર્લેપ આત્મદર્શન જ આત્માની સાચી ઓળખ આપી શકે છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# સ્તવન : ૨૧ : શ્રી નમિનાથ જિન સ્તવન

(રાગ : આશાવરી)

**નોંધ :** ભગવાન નૈમિનાથના આ સ્તવનમાં અવધૂશ્રીએ જૈન તત્ત્વજ્ઞાનના એક અતિ મહત્ત્વના વિભાગની ચર્ચા કરી છે. તે છે સ્યાદ્વાદ (Theory of Relativity) જગતના તત્ત્વજ્ઞાનના ઈતિહાસમાં જૈન તત્ત્વજ્ઞાનીઓનું જો કોઈ અપુર્વ, અનોખું અને સંપૂર્ણ તાર્કિક યોગદાન હોય તો તે સ્યાદ્વાદનું છે.

કોઈપણ વસ્તુ કે વિચારને તેનાં જુદાં જુદાં લક્ષણોથી (પર્યાયોથી) જોવી તેને નયવાદ કહે છે. આ રીતે જોયા બાદ તે તે વસ્તુ કે વિચારનો સર્વાંગી ખ્યાલ અનેકાંત દષ્ટિથી - એટલે કે સર્વગ્રાહી દષ્ટિથી લેવો તે સ્યાદ્વાદ. બીજા શબ્દોમાં કહીએ તો નયવાદની તાર્કિક પરિણતિ તે સ્યાદ્વાદ અગર અનેકાંતવાદ. આવા અનેકાંતવાદની પદ્ધતિ એકવાર ગ્રહણ કરીએ તો સીધું પરિણામ એ આવે કે વિરોધાભાસી દષ્ટિબિંદુઓને પણ અમુક દષ્ટિએ પોતપોતાનું સ્થાન છે અને તેથી તેની તદ્દન અવગણના કરવી યોગ્ય નથી, તેવી સમજ ઉત્પન્ન થાય. આવી સમજ વિચારના ક્ષેત્રમાં પણ અહિંસા ઉત્પન્ન કરે તે દેખીનું છે. આવી સમજ માનવ સમાજમાં સહિષ્ણુતા ઉત્પન્ન કરે છે અને તેને જેટલું વ્યાપક રૂપ મળે તેટલો આ સંસારની વિષમતાઓનો અંત આવે.

આવી અનેકાંતદષ્ટિ કેળવી ચૂકેલ અવધૂશ્રી આ સ્તવનમાં ભારતનાં જુદાં જુદાં દર્શનોનું સ્થાન જૈન દર્શનમાં કેવું છે તે જણાવે છે. વૈદિક દાર્શનિકો વેદોને મધ્યમાં રાખી ભારતીય દર્શનો છ પ્રકારનાં છે તેમ જણાવે છે. તે છ દર્શનો - સાંખ્ય, યોગ, નૈયાયિક, વૈશેષિક, પૂર્વ-મીમાંસા અને ઉત્તર મીમાંસા છે. જે દાર્શનિકોએ વેદોની સર્વોપરિતાને પડકારી તેઓને ઉપરનાં છ દર્શનોમાં કોઈ સ્થાન નથી. આવા દાર્શનિકો છે : જૈન, બૌદ્ધ, આજિવિકો, લોકાયતિક (ચાર્વાક મતવાદી) વગેરે.

આથી જૈન દાર્શનિકોએ છ દર્શનોના વિભાગો નીચે મુજબ કર્યા : સાંખ્ય, યોગ, મીમાંસક, બૌદ્ધ, જૈન અને લોકાયતિક. તેમણે નૈયાયિકો અને વૈશેષિકોને મીમાંસકોમાં સ્થાન આપ્યું. મારા ખ્યાલ પ્રમાણે જૈન દાર્શનિકોએ કરેલ વિભાગો વધુ સ્વીકાર્ય બને છે કારણ કે તે તમામ ભારતીય દર્શનોને આવરી લે છે.

આ સ્તવનમાં અવધૂશ્રીએ જૈન દાર્શનિકોને અનુસરીને ચર્ચા કરી છે અને દરેક દર્શનનું જૈન દષ્ટિએ શું સ્થાન છે તે દર્શાવ્યું છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**ષડ્-દરિશણ જિન-અંગ ભણીજે, ન્યાસ ષડંગ જો સાધે રે,**
**નમિ જિનવરના ચરણ ઉપાસક, ષડ્-દરિશણ આરાધે રે. ષડ્. ૧**

**અર્થ :** છ તત્ત્વદર્શનોને જે કોઈ વ્યક્તિ જિનેશ્વરદેવના અંગરૂપે ગણીને તેની સ્થાપના કરે છે તે વ્યક્તિ નેમિનાથ પ્રભુના ચરણ ઉપાસક તરીકેતે છ તત્ત્વદર્શનોને સાચી રીતે આરાધે છે.

**નોંધ :** અનેકાંત દૃષ્ટિએ આ છ દર્શનોનો આંશિક સ્વીકાર જૈન દર્શન કરે છે. તેથી તેમાંના કોઈપણ દર્શનની ઉપેક્ષા કરવી તે જિનેશ્વર ઉપાસનાની વિરુદ્ધ છે તેવો ભાવ છે. (ન્યાસ = ગોઠવણ)

**જિન-સુર-પાદપ-પાય વખાણું, સાંખ્ય, જોગ, દોય ભેદે રે,**
**આતમ સત્તા વિવરણ કરતાં, લહો દુગ અંગ અખેદે રે. ષડ્. ૨**

અર્થ : જૈન કલ્પવૃક્ષ (સુર પાદપ)ના મૂળ સાંખ્ય અને યોગદર્શનો છે જે બન્ને આત્મસત્તાને સ્વીકારી તેનું વિવરણ કરે છે તેથી તેને જૈનદર્શનના બે પગ (પાયા) માની લો.

**નોંધ :** શ્રી કપિલમુનિનો સાંખ્યમત ઘણે અંશે જૈનમત સાથે મળતો આવે છે. તે નિરિશ્વરવાદી મત છે એટલે કે તે વિશ્વના કર્તૃત્વમાં માનતો નથી તેમજ કોઈ બાહ્ય ઈશ્વરી શક્તિ આપણું ભાવી ઘડે છે તેવી માન્યતાને પણ તેમાં સ્થાન નથી. આથી તે આત્મસત્તાને માને છે.

જૈનો વિશ્વને બે વિભાગમાં વહેંચે છે : (૧) જીવ, (૨) અજીવ. આ જ રીતે સાંખ્ય પણ બે ભાગમાં વહેંચે છે : (૧) પુરુષ, (૨) પ્રકૃતિ. પરંતુ જૈનો માને છે કે જીવ કર્મનો કર્તા છે અને જે કર્મ કરે છે તેના ફળનો ભોક્તા પણ છે; જ્યારે સાંખ્ય મતવાદીઓ માને છે કે પુરુષ (જે જીવને સ્થાને આવે છે) કૂટસ્થ છે, જે નિર્લેપ રહે છે, અને સંસારની જે ઘટમાળ જણાય છે તે પ્રકૃતિમાં રહેલ સત્ત્વ, રજસ્ અને તમસ્ ગુણોના વિવિધ આવિષ્કારોથી જણાય છે. આત્મા (જીવ)નું શુદ્ધ સ્વરૂપ નિશ્ચયનયે જૈનોના મત પ્રમાણે પણ નિર્લેપ છે, પરંતુ કર્મજન્ય આવરણોથી તે શુદ્ધ સ્વરૂપનાં દર્શન થતાં નથી. તેથી વ્યવહારમાં પર્યાયે કરી આત્મા જુદા જુદા સ્વરૂપે દેખાય છે. આ રીતે સાંખ્ય અને જૈનદર્શનમાં ઘણું સામ્ય છે.

યોગદર્શન ઈશ્વરના અસ્તિત્વને જરૂર સ્વીકારે છે પરંતુ યોગની પ્રક્રિયાથી આત્મશક્તિની ખિલવણી ઉપર ભાર મૂકે છે. તેના પ્રણેતા શ્રી પતંજલિના મત મુજબ



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

યોગની આઠ વિધિઓ નીચે મુજબ છે : (૧) યમ, (૨) નિયમ, (૩) આસન, (૪) પ્રાણાયામ, (૫) પ્રત્યાહાર, (૬) ધારણા, (૭) ધ્યાન, (૮) સમાધિ. યથા યોગ્ય રીતે આ વિધિઓનું પાલન થાય તો આત્મા મોક્ષને પામે છે. આ તમામ વિધિ જૈનદર્શનને અનુકૂળ છે. જૈનોની આચારસંહિતા સામાયિક પ્રતિક્રમણ અને શુક્લ ધ્યાન સુધી લઈ જતી ધ્યાનની પ્રક્રિયા પતંજલિની વિધિઓ સાથે ઘણું સામ્ય ધરાવે છે અને આત્મા ગુણસ્થાનકો (Steps of Spiritual Progress)ને વટાવતો કૈવલ્યને પહોંચે છે. તેની પ્રક્રિયા મહદ્અંશે પતંજલિના અષ્ટાંગ યોગ જેવી જ છે.

આ કારણોસર અવધૂશ્રી સાંખ્ય અને યોગદર્શનોને જૈનદર્શનના (કલ્પવૃક્ષના) પાયા સમાન ગણે છે તે તદ્દન યોગ્ય જ છે.

**ભેદ અભેદ સુગત મીમાંસક, જિનવર દોય કર ભારી રે,**
**લોકાલોક અવલંબન ભજિયે ગુરૂગમથી અવધારી રે. ષડ. ૩**

**નોંધ :** આગળની નં. ૨ ની ગાથામાં સાંખ્ય અને યોગદર્શનોનું જૈન તત્ત્વજ્ઞાનમાં શું સ્થાન છે તે દર્શાવ્યું. અહીં બૌદ્ધ અને વેદાંત દર્શનોનું સ્થાન બતાવ્યું છે. આત્માનું અસ્તિત્વ અને આત્મવિકાસની અબાધિત શક્યતા - તે જૈનદર્શનના પાયારૂપ છે, તેથી સાંખ્ય અને યોગને જૈનદર્શનના કલ્પવૃક્ષના પગરૂપ છે તેમ ગાથા નં. ૨ માં કહ્યું. કારણ કે પગ વિના કોઈ પ્રગતિ થઈ શકે નહિ. અહીં આ ગાથામાં બૌદ્ધદર્શન જે વિશ્વનાં દરેક તત્ત્વોની ક્ષણિકતામાં માને છે અને મીમાંસકો (વેદાંતીઓ) જે ચરાચર સમસ્ત વિશ્વને બ્રહ્મરૂપ તરીકે જ સ્વીકારે છે તેને જૈન તત્ત્વજ્ઞાનના હાથરૂપ માને છે.

આત્માની પાયામાં સ્થાપના કર્યા બાદ આત્માનું સ્વરૂપ નિશ્ચય-નયે અને વ્યવહાર-નયે સંપૂર્ણપણે સમજવું હોય તો બૌદ્ધ અને વેદાંત દર્શનોની જરૂર રહે છે. નિશ્ચય નયે આત્મા એક, અવિભાજ્ય, સર્વદર્શી અને સર્વશક્તિમાન છે; પરંતુ કષાય-જન્ય કર્મોના આવરણથી વ્યવહાર-નયે તે ભેદ રૂપ ભાસે છે તેમ જૈનદર્શનનો મત હોવાથી તેમાં વેદાંત તથા બૌદ્ધ બન્ને દર્શનોને સ્થાન છે તેમ તાત્પર્ય છે.

**અર્થ :** સુગત (બૌદ્ધ) અને મીમાંસક દર્શનો જે આત્માને ભેદરૂપે અને અભેદરૂપે સ્વીકારે છે તે જિનવરના મહત્ત્વના (ભારી) હસ્ત છે. આ બન્ને દર્શનો લોક (દેવલોક, મૃત્યુલોક અને પાતાળ) તથા અલોક (આકાશ)માં છવાયેલા હોઈ સદ્ગુરુની મદદથી તેને સમજવા પ્રયત્ન કરીએ.

નોંધ : લોક-અલોક અવલંબન ભજિયે એટલે કે આ બન્ને દર્શનો - બૌદ્ધ અને



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

મીમાંસક - લોક-અલોકમાં એટલે કે સમસ્ત વિશ્વનાં અવલંબન એટલે કે ટેકા અગર આધારરૂપ છે તેમ સમજીએ અને તે સમજવા માટે શ્રી સદ્‌ગુરુની મદદ લઈએ. ઉપરના બન્ને દર્શનો લોક-અલોકના અવલંબન રૂપ શા માટે છે ? તેવા પ્રશ્નનો જવાબ ઉપરની નોંધમાં આવી જાય છે. તે નોંધ મુજબ નિશ્ચય-નયે મીમાંસકોની માન્યતા બરાબર છે કારણ કે નિશ્ચય-નયે આત્મા તેના શુદ્ધ સ્વરૂપે સર્વવ્યાપી છે એટલે કે નિશ્ચયની દૃષ્ટિએ આત્માને જોઈએ તો સારુંયે જગત્ બ્રહ્મરૂપ છે અને તે જ સત્ય છે. પરંતુ વ્યવહારની દૃષ્ટિએ જોઈએ તો તેવું જણાતું નથી. આથી ફક્ત નિશ્ચયની દૃષ્ટિએ એકાંતિક છે અને વ્યવહારની ઉપેક્ષા કરે છે. જ્યાં જ્યાં આત્મા તેના શુદ્ધ સ્વરૂપે આવિષ્કૃત નથી થતો ત્યાં ત્યાં તેનું રૂપાંતર દૃષ્ટિગોચર થાય છે. તે રૂપાંતરને પર્યાય કહે છે. એટલે વ્યવહારમાં આત્મા દૃષ્ટિગોચર થાય છે તેને વ્યવહાર નય અગર તો પર્યાયાર્થિક નય કહે છે. બૌદ્ધો આ રૂપાંતરિત સ્થિતિ ઉપર જ નજર રાખીને કહે છે કે આત્મા નિત્ય નથી - આ માન્યતા પણ એકાંતિક છે કેમ કે તે આત્માની અસલ સ્થિતિની ઉપેક્ષા કરે છે. આ બન્ને માન્યતા - બૌદ્ધ તથા મીમાંસક - એકાંતિક દૃષ્ટિની છે કેમ કે બન્નેમાં એકાંતિક સત્ય છે. પરંતુ બન્નેનો સમન્વય કરીએ અને કોઈ સદ્‌ગુરુની મદદથી બન્નેનો સત્યાંશ સમજીએ તો જણાશે કે સારાયે વિશ્વની રચના અને તેનું રહસ્ય સમજવા બન્ને દૃષ્ટિબિંદુઓની જરૂર છે. તેથી તે બન્નેને જિનેશ્વરના (શુદ્ધ ચૈતન્ય શક્તિના) હાથ કહ્યાં.

**લોકાયતિક કૂખ જિનવરની, અંશ વિચારી જો કીજે રે.**
**તત્ત્વ વિચાર સુધા રસ ધારા, ગુરૂગમ વિણ કિમ પીજે રે. ષડ્. ૪**

**અર્થ :** લોકાયતિક એટલે ચાર્વાક દર્શન. તે જિનવરની કૂખ - કુક્ષી, બંગલ - છે. જૈન તત્ત્વજ્ઞાનનો તે પણ એક અંશ છે (ભાગ છે). તે સમજવા માટે તાત્ત્વિક વિચાર રૂપ અમૃત રસની ધારા ગુરુના માર્ગદર્શન વિના પી શકાય તેમ નથી.

**નોંધ :** ચાર્વાક દર્શન માને છે કે આત્મા જેવી કોઈ ચીજનું અસ્તિત્વ નથી અને સારુંય વિશ્વ ફક્ત પંચ મહાભૂતોનું જ બનેલ છે, અને વિશ્વની તંત્ર વ્યવસ્થા આ મહાભૂતોની રાસાયણિક પ્રક્રિયાથી જ ચાલે છે. આમ હોવાથી વર્તમાન જીવન જ તેનું સાતત્ય છે અને મૃત્યુ બાદ જીવનું કોઈ પુનરાગમન શક્ય નથી. માટે પાપ-પુણ્યની દરકાર કર્યા વિના જરૂર જણાય તો દેણું કરીને પણ મોજ, શોખ અને આનંદ કરો. (ऋणम् कृत्वा घृतम् पीबेत् ।) આ પ્રકારની નાસ્તિકતાને પણ જૈનદર્શને નયવાદના સિદ્ધાંત પ્રમાણે યોગ્ય સ્થાન આપેલ છે. આ ગાથામાં જણાવ્યું છે તેમ આ જાતની વિચારસરણીને જિનેશ્વર દેવની કૂખ કહી છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ચાર્વાકની નાસ્તિકતામાં મહદ્ અંશે તાર્કિક દોષ હોવા છતાં પણ તેમાં જે આંશિક સત્ય છે તેનો ઈન્કાર થઈ શકે તેમ નથી. તેમાં ઈશ્વર કે તેના કર્તૃત્વનો ઈન્કાર સ્પષ્ટ છે, અને તેના પરિણામરૂપે આનંદની ઉપલબ્ધિ અર્થે મનુષ્ય-યત્ન ઉપર વજન પણ છે. ઉપરાંત ખરો નાસ્તિક એ છે કે જે પારંપરિક માન્યતાઓ અને બીજાના અનુભવો ઉપરથી લખાયેલ શાસ્ત્રાજ્ઞાઓથી ઉપર ઊઠી સ્વશક્તિ પર શ્રદ્ધા કેળવે અને ભૌતિક દૃષ્ટિએ પણ પ્રગતિ કરે.

આવા સાચા નાસ્તિકની માનસ ભૂમિકા તદ્દન બીનપક્ષપાતી અને unconditional હોય તો જ તે ખરો નાસ્તિક કહેવાય. આવી વ્યક્તિને વિચારના ક્ષેત્રે પ્રગતિ કરવામાં સમય લાગતો નથી, કેમ કે સ્વતંત્ર વિચારના પંથે પડેલ વ્યક્તિ વહેલા કે મોડા યોગ્ય રસ્તે આવી જાય છે. તેના વિચારનો પ્રવાહ જ તેની પાસે સંસારની વિવિધ સમસ્યાઓનો ઉકેલ માંગે છે. આથી તે આવા ઉકેલ શોધતો છેવટે યોગ્ય માર્ગે આવે છે જે માર્ગ આત્મસાધનાનો જ છે.

આ કારણસર શુદ્ધ નાસ્તિકને જિનેશ્વર દેવની કૂખનું સ્થાન આપ્યું. સ્વતંત્ર અને નિરાશ્રય વિચારસરણીને લઈને જ જૈન તત્ત્વજ્ઞાન સંશોધનને માર્ગે આગળ વધે છે. ચાર્વાક વિચારસરણી એટલે સંશોધનને માટે નિરાવલંબીપણે આગળ પ્રગતિ. તેવી વિચારસરણીને કેડે બેસાડી જૈન તત્ત્વજ્ઞાની આગળ પ્રગતિ કરે તેવો ભાવ આ ગાથામાં છે.

**જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગે રે,**
**અક્ષર ન્યાસધરા આરાધક, આરાધે ધરી સંગે રે. ષડ્. ૫**

**અર્થ :** જૈનદર્શન તે જિનેશ્વરનું ઉત્તમ અંગ એટલે મસ્તક છે. જૈનદર્શનનાં બે અંગો છે - એક અંતરંગ અને બીજો બહિરંગ. કષાયોને નિર્મૂળ કરવા અર્થે આત્મસાધના કરવી તે અંતરંગ અને આત્મસાધના અર્થે જે બાહ્ય ક્રિયા થાય છે (અને જેનું પણ મહત્ત્વ છે) તે બહિરંગ. શરીરનાં જુદાં જુદાં અંગો ઉપર ધ્યાન સ્થાપિત કરી આરાધક યોગી પુરુષો આનંદપૂર્વક ધર્મઆરાધના કરે છે.

**નોંધ :** શરીરના દરેક અંગોની જુદી જુદી પ્રવૃત્તિઓની સાંકળ રૂપ મસ્તક છે અને જૈનદર્શનમાં ભારતીય બીજાં તમામ દર્શનોને આંશિકરૂપે પણ સ્થાન હોઈ તેના તમામના સમન્વય રૂપે અનેકાંતદૃષ્ટિથી જૈન ધર્મ હોઈને તેને મસ્તકનું સ્થાન આપ્યું છે.

**જિનવરમાં સઘળાં દર્શન છે, દર્શને જિનવર ભજના રે,**
**સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજના રે. ષડ્. ૬**



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ :** અનેકાંતલક્ષી જિનવરમાં તમામ દર્શનોનો સમાવેશ થાય છે, જેવી રીતે સમુદ્રમાં તમામ નદીઓ ભળે છે. પરંતુ જુદાં જુદાં દર્શનોમાં જૈનદર્શનનો સમાવેશ થાય છે કે કેમ તે કહેવું મુશ્કેલ છે. (ભજન = હોય કે ન હોય), જેવી રીતે જુદી જુદી નદીઓમાં સમુદ્રનો સમાવેશ થાય કે કેમ તે કહેવું મુશ્કેલ છે.

**જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોયે રે,**
**ભૃંગી ઈલિકાને ચટકાવે, તે ભંગી જગત જોવે રે. ષડ્. ૭**

**અર્થ :** જેમ ભમરીના ઇયળરૂપ બચ્ચાને ભમરી પોતાનો ડંખ મારે અને તેના પ્રતાપે ઇયળ ભમરીનું ધ્યાન ધરીને ભમરી રૂપ ધારણ કરી જગતમાં બહાર આવે છે તેમ જિનેસ્વરના સ્વરૂપની આરાધના કરી કોઈપણ આરાધક પોતે જ જિનેશ્વરના સ્વરૂપને પામે છે.

**નોંધ :** જૈન આરાધના, ધ્યાન અગર પૂજાનું અંતિમ લક્ષ્ય આત્મસાધના જ છે તેથી ઇયળ ભમરીનું ધ્યાન ધરી પોતે જ ભમરીરૂપ બને છે, તે જ રીતે સાધક જિનેશ્વરનું ધ્યાન ધરી પોતે જ જિનસ્વરૂપ બને છે. જિનભક્તિનું આ જ ખરું સ્વરૂપ છે.

અહીં સુધી ષટ્દર્શનોનો ઉલ્લેખ આવ્યો. હવેની ગાથામાં છ પ્રકારનું જૈન સાહિત્ય અને છ પ્રકારનાં ધ્યાનનાં અંગોનું વર્ણન આવશે.

**ચૂર્ણિભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર-અનુભવ રે,**
**સમય પુરૂષનાં અંગ કહ્યાં એ, જે છેદે તે દુર્ભવ રે. ષડ્. ૮**

**અર્થ :** ચૂર્ણિ એટલે પૂર્વધરોએ અર્ધ માગધિમાં કરેલ શબ્દાર્થ. ભાષ્ય એટલે ગણધરોએ સૂત્રનો કરેલો અર્થ. સૂત્ર એટલે ગણધર સુધર્મા સ્વામીએ બનાવેલ મૂળ સૂત્ર, વૃત્તિ એટલે સૂત્રો ઉપર સંસ્કૃતમાં લખાયેલ ટીકા. નિર્યુક્તિ એટલે શબ્દોની વ્યુત્પત્તિ દ્વારા સૂત્રોનું રહસ્ય સમજાવે તે. પરંપર અનુભવ એટલે ગુરુશિષ્યની પરંપરાથી ચાલ્યો આવતો અનુભવ. જ્ઞાનપ્રાપ્તિના આ છ અંગો સમય-પુરુષ એટલે જૈન તત્વજ્ઞાન-દર્શનના અંગો છે. તે અંગોથી વિપરીત આચરણ કરે તે દુર્ભવિ એટલે સંસારમાં રખડતો થાય છે..

**નોંધ :** જૈનદર્શનના ઉપર જણાવેલ છ સ્રોત છે. તેમાં જૈન તત્ત્વજ્ઞોએ જે ચર્ચા કરેલ છે તે મુજબ સાધકનું વર્તન હોવું જોઈએ.

**મુદ્રા, બીજ, ધારણા અક્ષર, ન્યાસ અર્થ - વિનિયોગે રે,**
**જે ધ્યાવે તે નવિ વંચી જે, ક્રિયા અવંચક ભોગે રે. ષડ્. ૯**



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ :** મુદ્રા એટલે હસ્તાદિકનો આકાર; બીજ એટલે ૐકાર મંત્ર, ધારણા એટલે ચિત્તની એકાગ્રતા અને એક અક્ષર વગેરેનું સંયુક્ત રીતે સ્થાપન કરી જે ધ્યાન કરે તે સાધક કદી છેતરાતો નથી અને શુદ્ધ ક્રિયાના ફળની પ્રાપ્તિ કરે છે.

**શ્રુત અનુસાર વિચારી બોલું, સુ-ગુરૂ તથા વિધ ન મિલે રે,**
**કિરિયા કરી નવિ સાધી શકિયે, તે વિષ-વાદ ચિત્ત સઘલે રે. ષડ્. ૧૦**

**અર્થ :** આ સઘળું હું કહું છું તે શાસ્ત્રોમાં જે લખ્યું છે તે વિચારીને કહું છું. આ પ્રમાણે વિધિ કરનાર સદ્‌ગુરુ મને મળે નહીં, ત્યાં સુધી શુદ્ધ ક્રિયાઓ હું સાધી શરતો નથી, તે જાતની ફરિયાદ સર્વના ચિત્તમાં છે તે દિલગીરીજનક છે.

**નોંધ :** બાહ્ય ક્રિયા સાથે જો ભાવપૂજા ન હોય તો તે બધી ક્રિયાઓ નિરર્થક છે તેથી આ બાહ્યક્રિયા, જે દ્રવ્ય-પૂજા છે, સાથે ભાવ-પૂજાનો સંયોગ કેવી રીતે કરવો તે જાણકાર સદ્‌ગુરુ જ સમજાવી શકે. પરંતુ તેવા સદ્‌ગુરુના અભાવે અમો શુદ્ધ ભાવે ક્રિયાઓ કરી શકતા નથી તેવો વિષાદ આપણા સર્વના ચિત્તમાં રહે છે.

**તે માટે ઊભા કર જોડી, જિનવર આગળ કહીએ રે,**
**સમય ચરણ સેવા શુદ્ધ દેજો, જિમ આનંદઘન લહિયે રે. ષડ્. ૧૧**

**અર્થ :** આથી બે હાથ જોડી ઊભા રહી જિનેશ્વર પ્રભુને પ્રાર્થના કરીએ કે હે પ્રભુ, જૈનદર્શનની શુદ્ધ સેવા કરવાની તાકાત મને આપો કે જેથી હું ચિદાનંદને પામું.

**નોંધ :** આ રીતે આ સ્તવનમાં છ દર્શનોનો ઉલ્લેખ કરી, જૈનદર્શનમાં તે છએનો આંશિક સમાવેશ થાય છે તેમ ગાથા નં. ૧થી ૬માં જણાવ્યું. સાતમી ગાથામાં જિનભક્તિનો ખરો અર્થ અને યથાર્થ રહસ્ય સમજાવતાં કહ્યું કે જિનેશ્વરના સ્વરૂપની આરાધનાનો અર્થ તો તે જ સ્વરૂપની પ્રાપ્તિનો છે અને ત્યારબાદની ગાથાઓમાં આ પ્રાપ્તિ અર્થે અમુક ક્રિયાઓ કરીને શુક્લ ધ્યાન કેવી રીતે કરવું તે બતાવેલ છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# સ્તવન : ૨૨ : શ્રી નેમિનાથ જિન સ્તવન

(રાગ : મારૂણી)

**નોંધ :** જિનેશ્વર દેવ શ્રી નેમિનાથ ઉપરનું આ સ્તવન ઉપાલંભ શૈલીમાં લખાયેલ છે અને બધાં જિન સ્તવનોમાં આ મોટામાં મોટું સ્તવન સત્તર ગાથાનું છે. સંપૂર્ણ ભાવવાહી આ સ્તવન અવધૂશ્રીની પ્રથમ પંક્તિની કાવ્યશક્તિનું ભાન કરાવે છે. એક વિરહિણી પ્રેમિકાની વિરહ વ્યથા સંપૂર્ણ ગેયતાની સાથે એક પછી એક સચોટ ઉપાલંભો શ્રી નેમિનાથ ભગવાનને આપીને અવધૂશ્રીએ સાહિત્યના ક્ષેત્રે પણ પોતાનું અગ્રસ્થાન છે તે સાબિત કરી આપ્યું છે.

સ્તવનનું રહસ્ય સમજવા માટે તેની પશ્ચાત્ ભૂમિકા જાણવાની જરૂર છે. શ્રી નેમિનાથનો જન્મ શ્રીકૃષ્ણના યદુવંશમાં થયેલ. શ્રીકૃષ્ણના પિતાજીના મોટાભાઈ શ્રી સમુદ્રવિજયના તેઓશ્રી સંતાન હતા. હિંદુ ધર્મશાસ્ત્રોમાં તેમનો ઉલ્લેખ અરિષ્ટનેમિ તરીકે આવે છે. અરિષ્ટ એટલે વિઘ્ન નેમિ એટલે ચક્ર અરિષ્ટનેમિ એટલે વિઘ્નોનો નાશ કરનાર.

તેમનું વેવિશાળ રાજા ઉગ્રસેનની પુત્રી અને રાજા કંસ (ઉગ્રસેનનો પુત્ર)ની બહેન રાજેમતી સાથે થયેલ. તેમના લગ્નના દિવસે તેઓ જ્યારે પરણવા જતા હતા ત્યારે એક જગ્યાએથી તેમણે પશુઓની ચિચિયારીઓ સાંભળી. તેથી તેમણે તપાસ કરી કે આ ચિચિયારીઓ શાથી થાય છે. તેમને જાણવા મળ્યું કે તેમના લગ્ન અંગે ભોજનની જે વ્યવસ્થા કરી છે તેમાં આ પશુઓનો વધ કરી તેમના માંસનું ભોજન તૈયાર કરવા જુદાં જુદાં પશુઓને એક વાડામાં બાંધવામાં આવેલ છે, તે પશુઓની ચિચિયારીઓનો અવાજ છે. પોતાના લગ્ન નિમિત્તે આટલી વસ્તૃત જીવહિંસા થશે અને નિર્દોષ પ્રાણીઓને રહેંસી નાંખવામાં આવશે તે ખ્યાલે તેમના ચિંતનશીલ હૃદયને વ્યથિત કર્યું. ઊંડું મનોમંથન શરૂ થયું અને લગ્નસ્થળે જવા રવાના થયેલ રથને પાછો વાળવા તેમણે હુકમ કર્યો. તેમના હૃદયમાં વૈરાગ્યના ભાવો ઊમટ્યા અને દુન્યવી વિટંબણાઓમાંથી છૂટવા તેમણે વીતરાગનો માર્ગ પસંદ કર્યો; તૈયાર લગ્નમંડપ છોડી સંન્યસ્ત ગ્રહણ કર્યું. લગ્નની બધી રાજવી તૈયારીઓ જેમની તેમ પડી રહી.

તેમની વાગ્દત્તા રાજેમતીને જ્યારે આવાતની જાણ થઈ ત્યારે એક ભગ્ન હૃદય પ્રેમિકાના મનમાં શું શું ભાવો ઉત્પન્ન થયા હશે તેની કલ્પના કોઈ સિદ્ધહસ્ત કવિ જ કરી શકે. અવધૂશ્રીએ રાજેમતીના ભાવો અત્યંત સુંદર કાવ્યમય શૈલીમાં અનેક ઉપાલંભો દ્વારા આ સ્તવનમાં વર્ણવ્યા છે અને રાજેમતીના દુન્યવી ભાવોનું રૂપાંતર છેવટે શુદ્ધ



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મિક પ્રેમમાં કેવી રીતે થાય છે તેનું અહીં સુંદર નિરૂપણ અવધૂશ્રીએ કરેલ છે.

**અષ્ટ-ભવાંતર વાલહી રે, તું મુજ આતમ રામ, મનરાવાલા,**
**મુગતિ-સ્ત્રી શું આપણે રે, સગપણ કોઈ ન કામ. મનરા. ૧**

**અર્થ :** હે મારા આત્મરામ ! હે મારા મનમાં સતત રમી રહેલ મારા પ્રિયતમ ! તમારા છેલ્લા આઠ ભવોમાં દરેક ભવે તમારી વહાલી પ્રિયતમા રહી ચૂકી છું. છતાં આજે તમોએ મુક્તિ નામની સ્ત્રી સાથે સગપણ બાંધ્યું તે શું કામનું છે ?

**ઘર આવો હો વાલિમ ! ઘર આવો, મારી આશાના વિસરામ**
**રથ ફેરો સાજન ! રથ ફેરો, સાજન મારા મનોરથ સાથ, મનરા. ૨**

**અર્થ :** હે મારા વહાલા ! મારી તમામ આશાઓના વિસામા, તમારો રથ પાછો ફેરવો અને ઘરે પાછા પધારો મારા સાજન ! મારા ભગ્ન હૃદયના અધૂરા મનોરથ પૂરા કરો.

**નારી પખો શ્યો નેહલો રે ! સાચ કહે જગનાથ - મનરા.**
**ઈશ્વર અધરાંગે ધરી રે, તું મુજ ઝાલે ન હાથ. મનરા. ૩**

**અર્થ :** હે જગતના નાથ ! સાચું કહે, તારા મનમાં તો એમ છે ને કે એક નારીના એકપક્ષીય પ્રેમની શી કિંમત છે ? પણ મારા વ્હાલા પ્રિયતમ ! તમો કેમ ભૂલી જાઓ છો કે મહાદેવે (ઈશ્વરે) તો પોતાનું અર્ધુ શરીર સ્ત્રીનું ધારણ કરેલ છે. (અર્ધનારી-નરેશ્વર) જ્યારે તું તો મારો હાથ ઝાલવા પણ તૈયાર નથી. (નેહલો = પ્રેમ)

**પશુજનની કરૂણા કરી રે, આણી હૃદય વિચાર, મનરા,**
**માણસની કરૂણા નહિ રે, એ કુણ ઘર આચાર. મનરા. ૪**

**અર્થ :** હૃદયમાં ખૂબ વિચાર કરીને તમોએ પશુઓની દયા કરી, પરંતુ અહીં માણસની દયા તમોને આવી નહીં. આ આચાર કેના ઘરનો છે ?

**પ્રેમ કલ્પતરૂ છેદિયો રે, ધરિયો જોગ ધતુર, મનરા.**
**ચતુરાઈ રો કુણ કહો રે, ગુરૂ મિલિયો જગસૂર. મનરા. ૫**

**અર્થ :** અરે, તમે તો પ્રેમરૂપી કલ્પતરુને છેદી નાંખ્યો અને તેની જગ્યાએ યોગનો ધતૂરો પકડી લીધો. આવી ચતુરાઈ તમોને કયા ગુરુએ શીખવી ?

---



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**મારૂં તો એમાં કાંઈ નહીં રે, આપ વિચારો રાજ, મનરા.**
**રાજસભામાં બેસતાં રે, કિસડી બધસી લાજ. મનરા. ૬**

**અર્થ :** (તમારા આવર્તનથી) મારું તો કાંઈ જ જવાનું નથી. પરંતુ મારા રાજકુમાર ! આપ જરા વિચાર કરો; જ્યારે રાજસભામાં બેસશો અને તમારા વર્તન માટે તમારો ખુલાસો મંગાશે ત્યારે કેની લાજ વધવાની છે ? (બધસી = વધશે)

**પ્રેમ કરે જગ સહુ રે, નિરવહે તે ઓર, મનરા.**
**પ્રીત કરીને છોડી દ્યે રે, તેહ શું ચાલે ન જોર. મનરા. ૭**

**અર્થ :** આ જગતમાં પ્રેમ તો ઘણા કરે છે પરંતુ તેને નિભાવવાવાળા તો કોઈક જ હોય છે. પ્રેમ કરીને તેને છોડી દે એવી વ્યક્તિઓ ઉપર કોઈ બળ વાપરી શકાતું નથી.

**જો મનમાં એવું હતું રે, નિસપતિ કરત ન જાણ મનરા.**
**નિસપતિ કરીને છાંડતાં રે, માણસ હુવે નુકસાણ. મનરા. ૮**

**અર્થ :** તમારા મનમાં આવા ભાવો છે તેની મને જાણ હોત તો તમારી સાથે સંબંધ (નિસપતિ-નિષ્પત્તિ) જ ન કરત. હવે જ્યારે સંબંધ થયો જ છે ત્યારે તેને તોડવાથી સામાને નુકશાન થાય છે. (તેનો તો વિચાર કરો.)

**દેતાં દાન સંવત્સરી રે, સહુ લહે વંછિત પોષ, મનરા.**
**સેવક વંછિત નવિ લેહ રે, તે સેવકનો દોષ. મનરા. ૯**

**અર્થ :** પ્રભુ ! આપે એક વર્ષ સુધી દાન આપ્યું ત્યારે બધાને પોતાની ઇચ્છિત વસ્તુઓ મળી; પરંતુ આ સેવકને પોતાને ઇચ્છિત પ્રેમ મળ્યો નહીં, તેમાં કદાચ આ સેવકનો જ દોષ હશે.

**સખી કહે - એ શામળો રે, હું કહું લક્ષણ-સેત મનરા**
**ઈણ લક્ષણ સાચી સખી રે, આપ વિચારો હેત. મનરા. ૧૦**

**અર્થ :** મારી સખી તો મને કહેતી કે તારો પ્રિયતમ શામળો છે, તો હું જવાબ આપતી કે ભલે, પણ તેનું વર્તન (લક્ષણ) તો શ્વેત છે, પણ તમારું આ વર્તન તો મારી સખીને સાચી ઠેરવે છે. જરા પ્રેમપૂર્વક વિચારશો તો તમોને પણ તેમ જ જણાશે.

**રાગી શું રાગી સહુ રે, વૈરાગી શ્યો રાગ ? મનરા.**
**રાગ વિના કિમ દાખવો રે, મુગતિ સુંદરી માગ. મનરા. ૧૧**



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ :** આ જગતમાં જે પ્રેમ કરનાર (રાગી) છે તેની સાથે તો બધા પ્રેમ કરે છે. પરંતુ જે વૈરાગી છે તેની સાથે પ્રેમ કેમ થઈ શકે ? (પરંતુ આપ ક્યાંના વૈરાગી ? ) આપને વીતરાગ દશા પ્રાપ્ત થઈ હોય તો આ મુક્તિ-સુંદરીના માર્ગે કેમ પડ્યા છો ?

**એક ગુહ્ય ઘટતું નથી રે, સઘળો યે જાણે લોગ, મનરા.**
**અનેકાન્તિક ભોગવો રે, બ્રહ્મચારી ગત રોગ. મનરા. ૧૨**

**અર્થ :** બધા માણસો તો એમ જાણે છે કે આપ નીરોગી બ્રહ્મચારી છો. પરંતુ આપ તો અનેકાન્તિક (સ્યાદ્વાદ) નામની સુંદરીને પણ ભોગવો છો. (તે વાત બધા જાણતા નથી) આવું છાનું કામ આપને શોભતું નથી. (ગત રોગ = નિરોગી)

**નોંધ :** ખરો એકાન્તવાદી તો તે જ છે કે જે વસ્તુના દરેક પાસાને જાણે. એક વખત માણસ વસ્તુના દરેક પાસાને જાણતો થાય ત્યારે સહેજે તેની અવસ્થા સ્થિતપ્રજ્ઞ થાય છે. સંસારના સુખ દુઃખ પ્રત્યેની તેની દૃષ્ટિ જુદી જ બને છે. તેનું વર્તન દુન્યવી દૃષ્ટિએ સમજી શકાય તેવું નથી હોતું. આથી તે વર્તન ગુહ્ય બને છે. "वज्रादपि कठोराणि' मृदुनि कुसुमादपि ।" વજ્રથી પણ કઠોર અને કુસુમથી પણ મૃદુ તેમનો સ્વભાવ બને છે. આ સ્થળે રાજેમતીને નેમિનાથની આ સ્થિતિનું ભાન થાય છે તેથી પ્રથમ મુક્તિને સ્ત્રીનું રૂપક આપી નેમિનાથને મેણાં અને ઉપાલંભો આપ્યા તે જ રીતે અહીં અનેકાંતિક વૃત્તિને બીજી સ્ત્રી કલ્પીને ઉપાલંભ આપે છે. પરંતુ આ ગાથાથી તેનું વલણ પલટો લે છે. કારણ કે અનેકાંતનો મર્મ સમજે છે. તેને થાય છે કે આ મહાપુરુષને મેણાં ટોણા મારવામાં તેની ભૂલ તો નથી થતી ને ? એટલે હવે પછીની ગાથામાં કહે છે કે પ્રભુ, તમે ભલે અનેકાંત દૃષ્ટિ ધરાવતા હો, પરંતુ મારી એકાંત દૃષ્ટિથી જોશો તો મારા દુઃખનો ખ્યાલ આવશે.

**જિણ જોણે તુમને જોઉં રે, તિણ જોણે જુવો રાજ, મનરા.**
**એક વાર મુજને જુવો રે, તો સીજે મુજ કાજ. મનરા. ૧૩**

**અર્થ :** મારા રાજકુમાર જે (પાર્થિવ) નજરે હું તમોને જોઈ રહી છું તે જ નજરે એક વખત મને જોશો તો મારું કામ થશે. (કારણ કે તો જ મને સમજી શકશો.)

**મોહદશા ભરી ભાવના રે, ચિત્ત લહે તત્ત્વ વિચાર, મનરા.**
**વીતરાગતા આદરી રે, પ્રાણનાથ નિરધાર. મનરા. ૧૪**

**નોંધ :** પ્રભુની અનેકાંતજન્ય વીતરાગતાના રાજેમતીને દર્શન થયાં એટલે પોતાની રાગજન્ય એકાંત દૃષ્ટિની ભૂલ સમજાઈ અને તત્ત્વનાં વિચારો આવ્યા.

---



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

**અર્થ :** પ્રભુ, અત્યાર સુધી હું મોહદશામાં હતી પણ હવે મને તત્ત્વના વિચારો આવે છે. હે પ્રાણનાથ ! હવે હું ચોક્કસ વીતરાગતાને આદરીશ.

**સેવક પણ તે આદરે રે, તો રહે સેવક મામ, મનરા.**
**આશય સાથે ચાલિયે રે, એ હિ જ રૂડું કામ. મનરા. ૧૫**

**અર્થ :** હું આપની સેવક પણ આપના જેવી વીતરાગતાને સ્વીકારીશ અને તેમ કરવામાં જ આ સેવકની મર્યાદા સચવાશે. આવા આશય સાથે જ ચાલવું તે મારા માટે યોગ્ય કાર્ય છે.

**ત્રિવિધ યોગ ધરી આદર્યો રે, નેમનાથ ભરથાર, મનરા.**
**ધારણ પોષણ તારણો રે, નવ-રસ મુગતાહાર. મનરા. ૧૬**

**અર્થ :** મન, વચન અને કાયના મારા ત્રણે યોગથી હવે હું શ્રી નેમિનાથજીને મારા પતિ તરીકે સ્વીકારું છું. તે મારા નવે શ્રૃંગાર રસના મૌતીના હાર છે તેમજ મારા આત્મતત્ત્વનો ધારણહાર, પોષણહાર તથા તારણહાર છે.

**કારણ-રૂપી પ્રભુ ભજ્યો રે, ગણ્યો ન કાજ અકાજ, મનરા.**
**કૃપા કરી મુજ દીજીએ રે, આનંદઘન પદ રાજ. મનરા. ૧૭**

**અર્થ :** કારણરૂપી એટલે નિમિત્તભૂત થયેલ ભગવાન નેમિનાથને હું ભજું છું અને તે ભક્તિમાં હું એટલી લીન થઈશ કે કાર્ય-અકાર્યનો ભેદ પણ મારા મનમાં રહેશે નહીં. માટે કૃપા કરીને પ્રભુ ! મને આનંદઘન પદ - મુક્તિનું રાજ્ય આપો.

**નોંધ :** પ્રભુભક્તિ તો કારણરૂપ છે એટલે નિમિત્ત છે. ફક્ત પ્રયત્ન જ આપણો છે. આવા પ્રયત્ને ફરી રાજેમતી ભગવાન નેમિનાથ પહેલાં મોક્ષને પ્રાપ્ત થયાં.

આ સ્તવનમાં રાજેમતીની નિરાશા તથા વિરહવ્યથા અનેક ઉપાલંભો, મેણાં-ટોણા તથા તાર્કિક દલીલો દ્વારા અવધૂશ્રીએ સુંદર રીતે વર્ણવી છે. તેનું રૂપક તરીકે બીજી રીતે વર્ણન કરવું યોગ્ય નથી. હકીકત તો એ છે કે સંસાર-ત્યાગી પરિવ્રજ્યા લેવાનો શ્રી નેમિનાથનો નિરધાર એકતરફી જ હતો. તેથી દુન્યવી દૃષ્ટિએ રાજેમતીનો આક્રોશ તદ્દન યોગ્ય હતો. પરંતુ તે જ રાજેમતીને જ્યારે જ્ઞાન થાય છે કે જેને વીતરાગ દશા પ્રાપ્ત થઈ છે, અને જેની દૃષ્ટિ અનેકાંતની છે તેની પાસે દુન્યવી ન્યાયની અપેક્ષા રાખવામાં તેની



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ભૂલ છે ત્યારે તેણી એ ભૂલ સુધારે છે અને પ્રભુની પ્રથમ શિષ્યા બની પોતે પણ પ્રવજ્યા લે છે. પ્રવજ્યા લીધા બાદ ગીરનાર પર્વતની ગુફામાં વરસાદથી બચવા રાજેમતી પ્રવેશ કરે છે ત્યારે તેનાં ભીના વસ્ત્રોથી ખીલી ઊઠતું તેનું દેહસૌંદર્ય તે જ ગુફામાં તપ કરતા તેમના દિયર રથનેમીને મોહિત કરે છે. પરંતુ રાજેમતી, જેણે પોતાના પાર્થિવ મોહ ઉપર વિજય મેળવેલ છે, તે પોતાના મોહિત દિયરને ઉપદેશ આપી ઠેકાણે લાવે છે.

આ રીતે જૈન સાહિત્યની કથાઓમાં રાજેમતીનું જીવન ઉચ્ચકોટીની કાવ્યમયતા, માનસિક સંઘર્ષણ અને આત્મોન્નતિના પ્રયાસનો દાખલો પૂરો પાડે છે.

નોંધ :

અવધૂશ્રીએ રચેલ બાવીશ સ્તવનો અહીં પૂરાં થાય છે. બાકીનાં ૨૩ તથા ૨૪મા તીર્થંકરો અંગેના સ્તવનો અવધૂશ્રીના નામથી બીજા કવિશ્રીએ લખ્યાનું જણાય છે, તેથી અર્થ તથા વિવરણ કર્યાં નથી પરંતુ તે સ્તવનો જે છે તે રીતે વાચકોની જાણ માટે લીધેલ છે.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## સ્તવન : ૨૩ : શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

(રાગ : મીરૂણી)

ધ્રુવ-પદ-રામી હો, સ્વામી હમારા, નિ:કામી ગુણરાય. સુજ્ઞાની.
નિજગુણ કામી હો, પામી તું ધણી, ધ્રુવ-આરામી હો થાય. સુજ્ઞાની...૧

સર્વવ્યાપી કહે સર્વ જાણગ પણે, પર પરિણમન સ્વરૂપ. સુજ્ઞાની.
પરરૂપે કરી તત્ત્વપણું નહીં, સ્વ સત્તા ચિદ્‌રૂપ. સુજ્ઞાની...૨

જ્ઞેય અનેકે હો જ્ઞાન અનેકતા, જલભાજન રવિ જેમ.સુજ્ઞાની.
દ્રવ્ય એકત્ત્વપણે ગુણ એકતા, નિજપદ રમતા હો ખેમ. સુજ્ઞાની...૩

પરક્ષેત્રે ગતજ્ઞેયને જાણવે, પરક્ષેત્રે થયું જ્ઞાન. સુજ્ઞાની.
"અસ્તિપણું નિજક્ષેત્રે" તુમે કહ્યો, નિર્મળતા ગુમાન. સુજ્ઞાની...૪

જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરૂ, કાળ પ્રમાણે રે થાય. સુજ્ઞાની.
સ્વકાળે કરી સ્વસત્તા સદા, તે પરરીતે ન જાય. સુજ્ઞાની...૫

પરભાવે કરી પરતા પામતાં, સ્વસત્તા થીર ઠાણ. સુજ્ઞાની.
આત્મ ચતુષ્કમયી પરમાં નહીં, તો કિમ સહુનો રે જાણ. સુજ્ઞાની...૬

અગુરૂ લઘુ નિજ ગુણને દેખતાં, દ્રવ્ય સકળ દખંત. સુજ્ઞાની.
સાધારણ ગુણની સાધર્મ્યતા, દર્પણ-જળ દૃષ્ટાંત. સુજ્ઞાની...૭

શ્રી પારસ જિન પારસરસ સમો, પણ ઈહાં પારસ નાહીં. સુજ્ઞાની.
પૂરણ રસિયો હો નિજગુણ પરસનો, આનંદઘન મુજ માંહી. સુજ્ઞાની...૮



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

# સ્તવન : ૨૪ : શ્રી મહાવીર જિન સ્તવન

(રાગ : ધનાશ્રી)

શ્રી વિર જિનેશ્વર ચરણે લાગુ, વીરપણું તે માગું રે,
મિથ્યા મોહ તિમિર ભય ભાંગુ, જીત નગારૂ વાગ્યું રે. વીર...૧

છઉમત્થ વીર્ય લેશ્યાસંગે, અભિસંધિજ મતિ અંગે રે,.
સુક્ષ્મ થૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે. વીર...૨

અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખો, યોગ અસંખિત કંખે રે,
પુદ્ગલ ગણ તેણે લેશુ વિશેષે, યથાશક્તિ મતિ લેખે રે. વીર...૩

ઉત્કૃષ્ટે વીરજને બેસે, યોગક્રિયા નવિ પેસે રે,'
યોગ તણી ધ્રુવતાને લેશે, આતમશક્તિ ન ખેસે રે. વીર...૪

કામ વીર્ય વશે જેમ ભોગી, તેમ આતમ થયો ભોગી રે,
સૂરપણે આતમ ઉપયોગી, થાય તે અયોગી રે. વીર...૫


વીરપણું તે આતમ-ઠાણે, જાણ્યું તુમચી વાણે રે,
ધ્યાન વિનાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણે રે. વીર...૬

આલંબન સાધન જે ત્યાગે, પર પરિણતિને ભાગે રે,
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, આનંદઘન પ્રભુ જાગે રે. વીર...૭



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

## લેખક પરિચય



આ પુસ્તિકાના કાવ્યના વિવેચક શ્રી ત્ર્યંબકલાલ ઉ. મહેતા (ઉ.વ.૮૭ વર્ષ) હિમાચલ હાઈકોર્ટના નિવૃત્ત ચીફ જસ્ટિસ છે અને પોતાની નિવૃત્તિ બાદ ગુજરાતના જાહેર પ્રશ્નોમાં સક્રિય રસ લે છે. નિવૃત્તિ બાદ તેમની મુખ્ય પ્રવૃત્તિ વાચન-લેખનની રહેલ છે. હાલ તેઓ મુનિશ્રી સંતબાલજીએ પંચાવન વરસ પહેલાં સ્થાપેલ ભા. ન. પ્રા. સંઘના પ્રમુખ છે. તેઓ મુનિશ્રી સંતબાલજીએ શરૂ કરેલ "વિશ્વવાત્સલ્ય" માસિકના સંપાદક મંડળના સભ્ય છે અને વિશ્વમાં પ્રચલિત ધર્મોના તેમજ ખાસ કરીને જૈનદર્શનના અભ્યાસી છે. આ પુસ્તિકા ઉપરાંત તેમની રચનાઓ નીચે મુજબ છે :

૧. પાથ ઓફ અર્હત્ (અંગ્રેજીમાં)
જૈનદર્શનના મૂળભૂત સિદ્ધાંતોની વૈજ્ઞાનિક દૃષ્ટિએ સમજૂતી.

૨. સંતબાલ - એ સેઈન્ટ વીથ આ ડિફરન્સ (અંગ્રેજી)
મુનિશ્રી સંતબાલજીનું જીવન તથા પ્રેરક પ્રસંગો.

૩. સંતબાલ, એક અનોખી માટીના સંત -
ઉપરના પુસ્તકનો ગુજરાતી અનુવાદ - અનુવાદક શ્રી મગનભાઈ પટેલ.

૪. ઉત્તરાધ્યયન - સાર -
ભગવાન મહાવીરે આપેલ અંતિમ ઉપદેશની ગાથાઓ અંગેનું વિવેચન.

૫. જૈનદર્શનની રૂપરેખા -
જૈનદર્શનના દરેક પાયાના સિદ્ધાંતોની સાદી સમજ.

૬. વોટ ઈઝ જૈનીઝમ (અંગ્રેજી) -
પ્રશ્નોત્તરી રૂપે જૈન સિદ્ધાંતોની અંગ્રેજી ભાષામાં સમજ.

૭. બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ (અંગ્રેજી)
આ કાનૂનની અંગ્રેજીમાં કાનૂની દૃષ્ટિએ વકીલો તથા કોર્ટોને ઉપયોગી ટીકા.

૮. ઈસ્લામનું રહસ્ય સૂફીઝમ (ગુજરાતી)

૯. વંદિત્તુ પ્રતિક્રમણ-સૂત્ર - મુનિશ્રી સંતબાલજીનું પદ્યાંતર - તેની સમજૂતી.

૧૦. સામાયિક સૂત્ર.

**નીચેની રચનાઓ પ્રકાશિત કરવાની યોજના છે.**

(૧) અનેકાન્તવાદની જીવનમાં ઉપયોગિતા.

(૨) ગુજરાતની અસ્મિતા (આદિકાળથી શરૂ કરી મરાઠાકાળ સુધીનો ગુજરાતનો ઈતિહાસ)

(૩) સોક્રેટિસ પૂર્વેના ગ્રીક ફિલસૂફો.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org